بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**અહલે સુન્નત વ જમાઅત**

# બરકાતે ખ્વાજા

برکات خواجہ

ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

**માસિક** બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૦૮**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફફર
હિજરી સન : ૧૪૨૯

વર્ષ : ૦૫, અંક : ૦૨, સળંગ અંક : ૫૦

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


**★ માનદ તંત્રી ★**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## શહે કૌનૈન કા ફયૂઝાન હૈ

યૂં તો કેહતે હૈં સભી આક઼ા હમારી જાન હૈ
ભૂલે બૈઠે હૈં મગર ક્યા આપ કા ફર્માન હૈ
ઈશ્કે સરકારે દો આલમ અસ્લ મેં ઈમાન હૈ
ઔર યહી તો આખેરત કા દોસ્તો સામાન હૈ
કિસ કદર અલ્લાહ કા હમ પર બળા એહસાન હૈ
દે દિયા ઐસા નબી નબીયોં મેં જો ઝીશાન હૈ
ઉસ્વએ હસ્ના પે ચલના જાન દેના દીન પર
બિલ યકીં ઈમાનવાલોં કી યહી પેહચાન હૈ
હૈ નહીં યૂંહી લક઼બ તાજુશ્શરીઆ આપ કા
દૌરે હાઝિર મેં શરીઅત કા તૂહી સુલ્તાન હૈ
સબ્ઝ ગુંબદ સામને હો આંખસે આંસૂ બહે
એક મુદ્દત સે યહીં દિલ કા મેરે અરમાન હૈ
ડગમગાતી જો રહી હૈ અય મેરે મુશ્કિલ કુશા
પાર કર દો મેરી નૈયા હર તરફ તુફાન હૈ
વસ્ફે સરકારે દો આલમ ઔર **'સલીમે'** બે નવા
ઔર ક્યા હૈ યે શહે કૌનૈન કા ફયૂઝાન હૈ

*-(અઝ : 'સલીમ' પેટલાદી)*

**કત્આ**

ગફલત શિઆર લોગોં કો હોશ્યાર માન લેં !
બેદાર જો નહીં ઉન્હેં બેદાર માન લેં !
આક઼ા કી સુન્નતોં કા જિન્હે કુછ નહીં હૈ પાસ
ઐસોં કો અપની કૌમ કા સરદાર માન લેં

*-(આકિ઼બ પેટલાદી)*

**web. : www.barkatekhwaja.net**

**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

બરકાતે ખ્વાજા (માસિક) ફેબ્રુઆરી–૨૦૦૮
વર્ષ : ૦૫ અંક : ૦૨ સળંગ અંક : ૫૦


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **આ'લા હઝરતનાં આપણા પર એહસાનો અને આપણે !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૩ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૪ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૬ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ **અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૬. | ઈલ્મે ગૈબે મુસ્તફા ﷺ વિશે.... હુઝૂર આ'લા હઝરતની ચેલેન્જ !!! | **રજૂ.** અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર | ૨૦ |
| ૦૭. | હરામ કામો તથા ફુઝૂલ ખર્ચાઓનો સમૂહ એટલે ક્રિકેટ !! | **કાર્યાલય** | ૨૨ |
| ૦૮. | **સઊદીમાં ઝિલ હજ્જના ૩૧ દિવસો થયા !** | E-mail : મુહમ્મદ અમીન નૂરી–મેંગ્લોર **અનુવાદક** : ઈસ્માઈલ વલી સાલેહ–દયાદરા | ૨૪ |
| ૦૯. | હઝરત શાહ વજીહુદ્દીન અલ્વીની જીવન ઝરમરની એક ઝલક ! | **રજૂકર્તા** : મૌલાના સરફરાઝ મિસ્બાહી કુરચણવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ)* | ૨૬ |
| ૧૦. | સલામે 'રઝા'માં સહાબાએ કિરામનો ઉલ્લેખ | **અઝ** : મુહમ્મદ રઝા અબ્દુર્રશીદ માલીગ **અનુવાદક** : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ | ૨૯ |
| ૧૧. | ઈઝરાઈલી જેલોમાં પેલેસ્ટાઈની કૈદીઓ બદ્તરીન જુલ્મો સિતમના શિકાર ?!! | **રજૂકર્તા** : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* | ૩૫ |
| ૧૨. | ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવહક્કોનું મહત્વ અને વર્તમાન જગત! | **રજૂકર્તા** :અલ્તાફ હુસૈન કુરચનવી *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારક)* | ૩૭ |
| ૧૩. | એક ઈસાઈ સ્ત્રીનું મન મોહક વર્ણન | **રજૂકર્તા** : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ | ૪૧ |
| ૧૪. | ઝેરીલી નાગણ તસ્લીમા નસ્રીન.... | **અનુ.** : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી | ૪૩ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |
| ૧૬. | લેખ હરીફાઈનું પરિણામ...... | **કાર્યાલય** | ૪૮ |

# આ'લા હઝરત નાં આપણા પર એહસાનો અને આપણે!

ઉર્સ મુબારક
૨૫ સફર

તંત્રી લેખ....

બુઝુર્ગાને દીનનાં આપણા ઉપર અગણિત એહસાનો છે. હિંદુસ્તાનની ધરતી પર ઈસ્લામના આગમનથી લઈને આજ સુધીનો ઈતિહાસ સાક્ષી છે કે બુઝુર્ગાને દીન તથા ઉલમાએ એઝામ દરેક દૌરમાં તશરીફ લાવતા રહ્યા અને દીને ઈસ્લામનો પ્રચાર પ્રસાર કરતા રહ્યા અને ઈમાની રૂહાની ખૂશ્બૂ ફેલાવતા રહ્યા. પોત પોતાના યુગમાં જે તે સમયનાં ઈસ્લામ વિરોધી બળો સાથે ટક્કર લેતા રહ્યા અને કુફ્રના અંધકારમાં ઈમાની નૂર પાથરી ઈસ્લામનો ઝંડો લહેરાવતા રહ્યા. સર્વ બુઝુર્ગાને દીન ખાસ કરીને સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ હઝરત મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہનું નામ પડતાં જ દરેક ખુશ અક઼ીદા સુન્નીનું દિલ એકદમ ઝુમી ઉઠે છે કે આપની મુબારક હસ્તીએ શિર્કમાં ખુપી ગયેલા ખુંખાર ગુમરાહોને પોતાની કરામતો તથા ઉચ્ચ અખ્લાક઼ વડે તૌહીદના ઝંડાધારી તથા ઈસ્લામના જાંનિષાર બનાવી દીધા હતા.

*હિંદમેં નવ્વે લાખ કો કલ્મા પઢવાયા—હમ પર હય એહસાન તુમ્હારા યા ખ્વાજા !*

એ જ પ્રમાણે મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ ફારૂક઼ી સરહિંદી નક્શબંદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ અકબરના કહેવાતા 'દીને ઈલાહી'નો ખાત્મો બોલાવવામાં પોતાની જાનને ખતરામાં રાખી દીધી કે જેના ધર્મમાં ગૈરુલ્લાહ માટે તા'ઝીમી સિજદો જાઈઝ હતો, માથે ટીલક કરવું, જનોઈ પહેરવી, મસ્જિદ મંદિરનો દરજ્જો એક બતાવવો, બાદશાહને ખુદાનો અવતાર કહેવું... વગેરે. આપે ''રામ રહીમ એક''વાળી વિચારધારાનો ખુલ્લો વિરોધ કર્યો. આપની કુર્બાનીઓ રંગ લાવી અને ઈસ્લામનો હક્ક઼નો ઝંડો આન, બાન તથા શાન સાથે સદા માટે લહેરાતો રહ્યો. ત્યારે જ તો શાઈરે મશ્રિક ડો. ઈકબાલે કહ્યું કે :–

*વો હિંદમેં સરમાયએ મિલ્લત કા નિગેહબાં—અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો ખબરદાર*

વળી જેમનું નામ પડતાં જ અને જેમની નઅતોનો કેવળ એકાદ શેઅર સાંભળતાં જ દિલોમાં ઈશ્કે મુસ્તફા صلی اللہ علیہ وسلمના ઉમંગોનું એક તુફાન જાગી ઉઠે છે અને દિલોમાં ખુશીઓની લહેરો દોડવા લાગે છે, એ મહાન હસ્તી ૧૪મી સદીના મુજદ્દિદ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના એહસાનો પણ દીન તથા સુન્નિયત પર અગણિત છે. આપની જાત અનેક ખૂબીઓનો સંગમ હતી જેના થકી વિવિધ ક્ષેત્રે દીનો સુન્નિયતને રોશન કરવામાં આપે જિંદગીની પળે પળને ખર્ચી કાઢી હતી. એટલા જ માટે મહાન વિદ્વાનો, સંશોધકો, ચિંતકો, સ્કોલર્સ આપની ખિદમતોનો અભ્યાસ કરે છે તો અનાયાસે પોકારી ઉઠે કે :–

''ઈમામ અહમદ રઝા ઈલ્મનો એક એવો ગહરો અસીમ સમુદ્ર છે જેના તળિયા સુધી હજી કોઈ નથી પહોંચી શક્યું. હું જીવનભર ઈલ્મ હાંસલ કર્યા બાદ એ પરિણામે પહોંચ્યો છું કે જાણે હજી સુધી એક સમુદ્રના કિનારા પર ઉભો છું ! આપની વિશાળતાઓ તથા ગહરાઈઓ સામે અચંબામાં ડૂબેલો છું.'' *(હવાલો : ઈમામ અહમદ રઝા એક હમા જેહત શખ્સિયત, અઝ : મૌલાના કૌષર નિયાઝી, પાકિસ્તાન)*

ઈમામ અહમદ રઝાની કઈ કઈ ખૂબીઓનું વર્ણન કરવામાં આવે ! દરેક ખૂબીમાં આપ અજોડ છે અને દરેક વિદ્યા કલામાં લાજવાબ ! જે વિષયે કલમ ઉઠાવ્યો તેહકીકના દરિયા વહાવી દીધા, જે વિદ્યા (કલા)ને હાથ લગાડયો તે વિદ્યાને મેઅરાજ અતા કરી દીધી. આજે એમની સર્વ ક્ષેત્રિય શખ્સિયત ઈલ્મી દુનિયામાં સૂર્ય તથા ચંદ્રની જેમ ચમકતી દમકતી છે. એટલે જ સાહબઝાદા ખુરશીદ અહમદ ગીલાની લખે છે :–

"ફાઝિલે બરેલ્વીની શખ્સિયત અષ્ટકોણી પાસાદાર હીરા જેવી છે, કે જેવી રીતે તેને સૂરજની રોશની પર રાખવામાં આવે તો દરેક ખૂણેથી એક નવો રંગ જોવા મળે છે, કોઈ બાજુથી સોનેરી, કોઈ બાજુથી લીલો, કોઈ બાજુથી ઉદો, કોઈ બાજુથી લાલ, કોઈ બાજુથી નારંગી અને કોઈ ખૂણેથી આસ્માની. આ'લા હઝરતને કદી ઈલ્મના આફતાબની રોશનીમાં જોવામાં આવે તો એમની શખ્સિયતના કેટલાયે રંગો દિલ તથા નજરને લોભાવવાના સામાનથી ભરપુર જોવા મળે છે." *(જહાને રઝા, માર્ચ–૧૯૯૮, બહવાલા : પયગામે રઝા, બિહાર, ૧૯૯૬)*

## ★ સૌથી મહાન એહસાન ઈમાનની રક્ષા ! ★

આજે કોઈને કોઈકે મામૂલી કે વધારે રકમની મદદ કરી દીધી હોય તો તેના એહસાન હેઠળ ઝુકી જાય છે, કોઈને બીમારીમાં સહાય મળી ગઈ, કોઈને મકાન બનાવવા, જાજરૂ બનાવવા કે કુદરતી આપત્તિમાં સહાય મળી ગઈ, કોઈને છોકરી પરણાવવામાં સહાય મળી ગઈ કે કોઈ ન કોઈ ધંધામાં કે મુસીબતમાં કોઈએ સહારો આપી દીધો તો તેના એહસાન હેઠળ દબાયેલો રહે છે. આ સર્વ એહસાનો કેવળ દુનિયામાં ફાયદો આપનારાં છે અને મુસલમાનનું એ વાત પર ઈમાન છે કે મૃત્યુ બાદ કબરમાં સવાલો જવાબ થશે, રાહત કે અઝાબ થશે, કયામતમાં હિસાબ કિતાબ થશે, પછી જેને જે મળશે તે જન્નત કે જહન્નમમાં જશે, અને મુસલમાન ગુનાહોના કારણે જહન્નમમાં જશે તો ગુનાહની સજા ભોગવીને પછી અથવા હુઝૂર ﷺની શફાઅતથી, રબ તઆલાની રહમતથી જહન્નમથી નીકળી છેવટે જન્નતમાં જશે. જ્યારે સર્વ કાફિરો જહન્નમમાં અને સર્વ મુસલમાન જન્નતમાં પહોંચી જશે, પછી દરેકે ત્યાં હમેશાં હમેશાં માટે અનુક્રમે અઝાબ અથવા આરામમાં રહેવાનું છે. તો દુનિયાનું એહસાન તો અમુક વરસો, અમુક મહિના કે અમુક પળોનું ગણાશે કે માણસનો શ્વાસ ક્યારે અટકી જાય એ નિશ્ચિત નથી, પણ આખેરત તો હમેશાંની જિંદગી છે, જ્યાં "ઈમાન" વિના છૂટકારો થશે જ નહીં. તો મુસલમાનોના ઈમાનની ચિંતા કરીને તેની રક્ષા કાજે જેણે ઈમાનની સલામતીનો સામાન પૂરો પાડયો, ઈમાનના લૂટારાઓને ઉઘાડા પાડીને તેમનાથી આમ મુસલમાનોને ચેતવીને તેમના દીન ઈમાનની રક્ષા જેણે કરી તેનાથી મોટુ એહસાન કોઈ દુનિયાદારનું નથી હોય શકતું, અને એ જ મહાન એહસાન આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનું આપણા પર છે.

## ★ ગુમરાહીનાં ઘટાટોપ વાદળો વચ્ચે ઈમામ અહમદ રઝા ચમકતો સૂરજ !★

યાદ કરો એ દૌરને ! જ્યારે આ'લા હઝરત رحمۃ اللہ علیہની બરેલી શરીફની ધરતી પર જલ્વાગરી થઈ (હિ.સ. ૧૨૭૨) તો ચો તરફ કુફની ઘનઘોર ઘટા છવાયેલી હતી અને ગુમરાહીનાં વાદળોની ગાજવીજ થઈ રહી હતી, ગુમરાહીના અંધકારના ઓછાયા મુસલમાનોના ઈમાનને દાગદાર કરવા ઉમટી પડયા

હતા. જેમ કે "કોઈ કાદયાનની ભૂમી પરથી પોકારી રહ્યો હતો કે હું નબી છું !"[૧] તથા કોઈ શાને રિસાલતની તૌહીનમાં કહી રહ્યું હતું કે, "જો ધારો કે આપના જમાનામાં પણ ક્યાંક અન્ય કોઈ નબી થાય છતાં પણ આપનું અંતિમ હોવું રાબેતા મુજબ બાકી રહે છે, બલ્કે જો ધારો કે નબી ﷺના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ આપના અંતિમપણામાં કોઈ ફરક પડશે નહીં[૨]......" જ્યારે કે નબી ﷺને સૌમાં અંતિમ નબી ન માને તે કાફિર[૩] છે એ કુર્આન હદીષથી સાબિત અકીદો ૧૪૦૦ વરસથી સર્વમાન્ય છે. તો વળી કોઈ પબ્લિકને સમજાવી રહ્યું હતું કે, "શૈતાનનો ઈલ્મ નબી ﷺના ઈલ્મ કરતાં વધારે છે !" અને "નબી ﷺ માટે ઈલ્મે ગયબ હોવાનું માનવું શિર્ક છે."[૪] જ્યારે કુર્આન હદીષથી સાબિત ૧૪૦૦ વરસના મુસલમાનોનો અકીદો રહ્યો કે, "જે નબી ﷺ કરતાં કોઈ અન્યનો ઈલ્મ અધિક દર્શાવે તેણે બેશક ! નબી ﷺને અયબ લગાડી અને હુઝૂર ﷺની શાન ઘટાડી જેથી તે ગાળ આપનાર છે. અને જે હુઝૂર ﷺને ગાળ આપે તે કાફિર મુર્તદ છે."[૫] કોઈ એવું જૂઠ કહી રહ્યું હતું કે, "નબી ﷺએ એવું ફર્માવ્યું કે હું તો એક બંદો છું, આ દીવાલની પાછળના હાલની મને ખબર નથી."[૬] તો કોઈ કહી રહ્યો હતો કે, "હુઝૂરનો ઈલ્મ બાળકો, પાગલો અને ચોપગાં જાનવરો જેટલો છે."[૭] આમ કહી ઈલ્મે ગયબે મુસ્તફા ﷺનો ઈન્કાર કરી રહ્યું હતું. જ્યારે કુર્આન ગવાહી આપે છે કે : مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِىْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ "અલ્લાહની શાન એ નથી કે તમને પોતાના ગયબથી માહિતગાર કરે, હા ! અલ્લાહ તઆલા પોતાની મશિય્યતના પ્રમાણે પોતાના રસૂલોને ચૂંટી કાઢે છે." અને એ જ રબ તઆલા ફર્માવે છે :–

علم الغیب فلا یظھر علی غیبه احدا الا من ارتضی من رسول "અલ્લાહ ગયબનો જાણનાર છે, તે પોતાના ગયબ પર કોઈને માહિતગાર નથી કરતો, સિવાય તેના પસંદીદા રસૂલોના."

ઈમાનને હણનારી આવી ઘણી વાતો નબુવ્વતના જૂઠા દાવેદાર ગુલામ અહમદ કાદયાનીએ તેમજ દેવબંદી મોલ્વીઓએ અંગ્રેજોની નમકહલાલી દર્શાવવા મુસલમાનોમાં ફાટફૂટ પડાવવા લખી છાપીને પ્રસિદ્ધ કરી દીધી. આ'લા હઝરતે તેમાંની ખરાબીઓને તેમના આગળ પ્રદર્શિત કરીને તેનાથી તૌબા કરવા રજી. પત્રો મોકલ્યા, જ્યારે વરસો સુધીની આ કોશિશો તથા મોહલત છતાં દેવબંદી મોલ્વીઓ ટસથી મસ ન થયા તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہએ 'તહઝીરુન્નાસ'ની પ્રસિદ્ધિના ૩૦ વરસ બાદ, "બરાહીને કાતિઅહ"ની પ્રસિદ્ધિના લગભગ ૧૬ વરસ બાદ, "હિફઝુલ ઈમાન" છપાયાના લગભગ એક વરસ બાદ હિ.સ. ૧૩૨૦માં "અલ્ મોઅ્તમદુલ મુસ્તનદ'માં મિર્ઝા ગુલામ અહમદ કાદયાની તથા ઉપરોક્ત કિતાબોમાં હુઝૂર ﷺની ગુસ્તાખી કરનાર દેવબંદી મોલ્વીઓ કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી, ખલીલ અહમદ અંબેઠવી તથા અશરફ અલી થાનવીના બારામાં તેમના લખાણોના કારણે કુફ્રના ફત્વા બહાર પાડયા.

## ★ એક વસવસા તથા શંકાનું નિવારણ ★

હિ.સ. ૧૩૨૪માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ "અલ્ મોઅ્તમદુલ્ મુસ્તનદ"નો તે હિસ્સો જે

*૧. મિર્ઝા ગુલામ અહમદ કાદયાની, ૨. તહઝીરુન્નાસ, અઝ : કાસિમ નાનોત્વી, ૩. અલ ઈશ્બાહુવન્નઝાઈર વગેરે, ૪. તથા ૬. બરાહીને કાતિઅહ, અઝ : રશીદ અહમદ ગંગોહી, ૫. નસીમુર્રિયાઝ, ૭. હિફઝુલ ઈમાન, અઝ : અશરફઅલી થાનવી*

ફત્વા પર આધારિત હતો તેને હરમૈન તૈયેબૈન (મક્કા–મદીના)ના ઉલમાની ખિદમતમાં પેશ કર્યો જેના પર ત્યાંના **૩૫** મહાન આલિમોએ જબરદસ્ત તકરીઝો (પ્રસંશા સાથે સમર્થનો) લખ્યાં અને સ્પષ્ટ શબ્દોમાં લખ્યું કે મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીની સાથોસાથ ઉપર જણાવેલ દેવબંદી મોલ્વીઓ વિના શંકાએ ઈસ્લામના વર્તુળથી બહાર છે અને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને દીનની હિમાયતના લીધે ભરપુર દાદ આપી. હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના એ ફત્વાઓ "હુસ્સામુલ હરમૈન"(હિ.સ. ૧૩૨૪)ના નામથી પ્રકાશિત કરી દેવામાં આવ્યા.

આ મક્કા મદીનાના ઉલમાના તે સમયના ફત્વા છે જ્યારે હરમૈન શરીફૈન પર હાલના વહાબીઓનો કબજો થયો ન હતો. આજે કેટલાક લોકો ત્યાં વહાબીની સત્તા હેઠળ જે બદ્અક઼ીદા ફેલાયેલા છે અને મઝારોની બેઅદબી તથા રોઝા મુબારક પર જે બેઅદબીઓ થાય છે તથા મેહફિલે મીલાદ વગેરેને તેઓ શિર્ક બિદઅત કહે છે, તેને સનદ બનાવીને લોકોને શંકા તથા વસવસામાં નાખે છે કે, "અરે ! જ્યાંથી ઈસ્લામ ઉદ્ભવ પામ્યો ત્યાં તો આવું છે અને આપણે ત્યાં આ બિદઅતો કેવી ?!" તેઓ શું હિ.સ. ૧૩૨૪માં જેમને કુફ્રના ફત્વા એ જ પવિત્ર ભૂમી પરથી અપાયા હતા તેને સ્વીકારીને એ દેવબંદી મોલ્વીઓને કાફિર માનશે ?! કેમ કે ત્યારે તો સેંકડો વરસોથી ચાલી આવતી સુન્ની હુકૂમત ત્યાં હતી, જ્યારે આ વહાબી હુકૂમત તો મુસલમાનોમાં વિખવાદ પડાવવા અંગ્રેજોના સહારે ઉભી થયેલી માંડ ૯૦–૧૦૦ વરસથી જ છે ! ખરેખર હક્ક઼ સ્વીકારવા ચાહતા જ હોઉ તો એના ઈતિહાસનો નિષ્પક્ષપણે અભ્યાસ કરો તો જરૂર હક્ક઼ માર્ગ સમજાય જશે. (ઈન્શાઅલ્લાહ !)

તેમજ જેઓ વિના અભ્યાસે કુફ્રના ફત્વા ધડાધડ આપવાનો આક્ષેપ આ'લા હઝરત પર લગાડે છે તેઓ પણ શાંતચિત્તે વિચારે કે ઉપરોક્ત લખાણમાં આ'લા હઝરતે કુફ્રના ફત્વા બહાર પાડતાં પહેલાં જે તે મોલ્વીઓ સાથે કેટલા વરસો સુધી સંપર્ક કર્યો, છેવટે તેઓ પોતાની વાતો પર અડી જ રહ્યા ત્યારે શરીઅતનો હુકમ બહાર પાડયો, એટલું જ નહીં પણ હરમૈન શરીફૈનના ઉલમા સમક્ષ તેને પેશ કરીને તે ફત્વાઓનું સમર્થન મેળવી ક઼ાદયાની તથા દેવબંદી મોલ્વીઓનાં લખાણો કુફ્રી હોવા પર વજનદાર મહોરો કરાવી લીધી. હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના એ મહાન ઉલમાના સર્વ સમર્થનોવાળા ફત્વા તેમજ તે મહાન ઉલમાના સર્વ નામો પણ અત્રે સ્થળ સંકોચને કારણે રજૂ કરી શકતા નથી, કેવળ એક જ સમર્થક ફત્વો જાણ માટે રજૂ કરું છું :–

**★ માજી મુફ્તી મદીના મુનવ્વરાનો ક઼ાદયાની દેવબંદી વિશે ઈમાન અફરોઝ ફત્વો ! ★**

"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહમ. એક અલ્લાહ કો સારી ખૂબિયાં. બાદ હમ્દો સલાત, બેશક ! મૈં ઈસ રોશન રિસાલે ઔર ઝાહિરો વાઝેહ કલામ (સ્પષ્ટ લખાણ) પર મુત્લઅ હુઆ તો મૈંને પાયા કે હમારે મૌલા અલ્લામા ઔર દરયાએ અઝીમુલ ફહમ હઝરત અહમદ રઝાખાંને બેશક ! ઈસ ગિરોહે ખારિજ અઝ દીન, કાફિર ફસાદિયોં કી રાહ ચલનેવાલે કે રદકે લિયે ફરયાદરસી કી તો કિતાબ 'અલ્ મોઅતમદુલ્ મુસ્તનદ'મેં ઉસ ગિરોહ કી બુરી રુસ્વાઈયાં ઝાહિર કી, પસ ઉન્કે ફાસિદ અક઼ીદોંસે એક ભી બગૈર પૂચ વ લચર કિએ ન છોળા. તો અય મુખાતબ ! તુઝ પર લાઝિમ હૈ કે ઈસી રોશન રિસાલેકા દામન પકળ લે જિસે મુસન્નિફને (લેખકે) બઝૂદી લિખ દિયા, તૂ ઉન ગિરોહોં (દેવબંદી) કે રદમેં હર ઝાહિર વ રોશન સરકોબ દલીલ પાએગા. ખુસૂસન જો ઉસ ગિરોહે ખારિજ અઝ દીન કે બાંધે હૂએ નિશાન ખોલ

દેને કા કસ્દ કરે વો ખારિજ અઝ દીન કૌન હૈ જિસે વહાબિયહ કહા જાતા હૈ. ઔર ઉન્મેંસે મુદ્દઈએ નબુવ્વત (નબી હોવાનો દાવેદાર) **ગુલામ અહમદ ક઼ાદયાની** હૈ. ઔર દીનસે દુસ્રા નિકલનેવાલા શાને ઉલૂહિયત વ રિસાલત (અલ્લાહ વ રસૂલની શાન) ઘટાનેવાલા **કાસિમ નાનોત્વી** ઔર **રશીદ અહમદ ગંગોહી** ઔર **ખલીલ અહમદ અંબેઠવી** ઔર **અશરફ અલી થાનવી** ઔર **જો ઉન્કી ચાલ ચલા.** (જે એને માર્ગે ચાલ્યો). અલ્લાહ તઆલા હઝરત જનાબ અહમદ રઝા કો જઝાએ ખૈર અતા કરે કે ઉસને શિફા દી. ઔર કિફાયત કી અપને ફત્વેસે જો કિતાબ "અલ્ મોઅ્તમદુલ્ મુસ્તનદ"મેં લિખ્ખા. જિસ પર આખિરમેં ઉલમાએ મક્કા મુકર્રમાકી તકરીઝેં (સમર્થનો) હૈં. ક્યૂં કે ઉન (દેવબંદીયોં) પર વબાલ ઔર ખરાબીએ હાલ લાઝિમ હો ચૂકી હૈ ઈસ લિએ કે વો ઝમીન મેં ફસાદ ફેલાનેવાલે હૈં. **વો ઔર જો ઉન્કી ચાલ પર હૈ,** અલ્લાહ ઉન્હેં કત્લ કરે ! કહાં ઉંધે જાતે હૈં. અલ્લાહ તઆલા હઝરત જનાબ અહમદ રઝા કો જઝાએ ખૈર દે ઔર ઉસમેં ઔર ઉસ્કી ઔલાદમેં બરકત રખે ઔર ઉસે ઉનમેંસે કરે જો ક઼યામત તક હક્ક઼ બોલેંગે.




**રાક઼િમ (લખનાર)** : અપને રબ્બે ક઼દીર કે અફ્વકા મોહતાજ ઉષ્માન બિન અબ્દુસ્સલામ દાગિ઼સ્તાની, માજી મુફતીએ મદીના મુનવ્વરા અફલ્લાહુ અન્હૂ. *–[હવાલો : હુસ્સામુલ હરમૈન (ઉર્દૂ અનુવાદ) પરથી લિપિયાંતર, પેજ નં. ૫૮, ૫૯]*

**હે સુન્ની મુસલમાનો !** વધુ જાણકારી માટે એકવાર "હુસ્સામુલ હરમૈન"નો જરૂર અભ્યાસ કરો અને વિચારો કે આ'લા હઝરતે તમારા ઈમાનની કેટલી ફિકર કરી છે અને તમારા ઈમાનની રક્ષા કાજે કેટલી તકલીફો ઉઠાવી અને બાતિલો સાથે કેટલી ટક્કરો લીધી છે. અને આ વિષયમાં આ'લા હઝરતે સેંકડો કિતાબો લખી છે.

હઝરત મૌલાના અબ્દુલગની સાબરી قدس سرہ (બાદામી બાલ લાહોર) જણાવે છે, "મારા પીરો મુર્શિદ (શાહ સિરાજુલ હક્ક઼ ગુરદાસપૂરી) હઝરત કિબ્લા મુજદ્દિદે મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہથી સારી અક઼ીદત ધરાવતા હતા, આપનું ફર્માન હતું કે જો અહમદ રઝા رحمۃ اللہ علیہની શખ્સિયત હિંદુસ્તાનમાં ન થાત તો તમામ હિંદુસ્તાનવાળા વહાબિયતનો સબક પઢત ! અને સાચે જ આ'લા હઝરતે કરોડો લોકોને મુર્તદ થવાથી બચાવ્યા છે અને કિયામત સુધી આપના મસ્લક પર ચાલનાર બચતા રહેશે, ઈન્શાઅલ્લાહ ! *(ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગ્રૂપના વિદ્વાનોની દષ્ટિએ)*

હવે મારો પ્રશ્ન છે કે શું તમે એક પણ કિતાબ આ'લા હઝરતની સંપૂર્ણ ધ્યાનથી ઈમાનની મજબૂતીની નિય્યતે કદી વાંચી છે ખરી ?! અગર ના ! તો અફસોસ ! અને અગર હા ! તો મુબારકબાદ છે તમને ! અલ્લાહ મારો તમારો, આપણો સૌનો ખાત્મો ઈમાન પર ફર્માવે. (આમીન) વળી એ પણ પ્રશ્ન છે કે આપણે કેટલા એ ગુસ્તાખ ફિર્કાથી બચીએ છીએ ? જેનાથી બચાવવા આ'લા હઝરત આટલુ ઝઝુમ્યા ! જ્યારે **હડકાયા કૂતરાથી સૌ દૂર ભાગે છે કે જે જાન માટે ખતરો છે !** પણ આ **બેઈમાનીમાં હડક઼ાયા થયેલાઓની ફૂંકથી પણ ઈમાન માટે ખતરો** હોવા છતાં આપણે તેમની સાથે દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ, શાદી–વિવાહ સૌ કરીને આપણી આખેરત ખતરામાં નાખી રહ્યા છીએ !

## ★ આ'લા હઝરતનું 'કન્ઝુલ ઈમાન' ! આપણા પર મહાન એહસાન ! ★

આ'લા હઝરતે જેવી રીતે બદ્અક઼ીદગીની ઈમાન વિનાશક બીમારીથી મુસલમાનોને નજાત

અપાવવાના માટે ફત્વા લખીને તથા પુષ્કળ કિતાબો લખીને કલમી જંગ કરીને પોતાની કલમના નશ્તર વડે અતિશય કામયાબ ઓપરેશનો કર્યા, તે જ પ્રમાણે કુર્આનની આયતોના ગલત તર્જુમા તથા ખોટા અર્થઘટનો થકી કુર્આનના હવાલાથી બદ્‌મઝહબોએ બદ્‌અકીદગી ફેલાવવાનો પ્રયાસ કર્યો તો આ'લા હઝરતે આપણને "કન્ઝુલ ઈમાન" (એટલે ઈમાનનો ખજાનો !) કુર્આનના ઉર્દૂ તર્જુમારૂપે ભેટ ધરી દીધો ! "કન્ઝુલ ઈમાન"નો નિષ્પક્ષપણે અભ્યાસ કરનાર એ વાત સ્પષ્ટપણે જાહેર કર્યા વિના નથી રહી શકતો કે **સર્વ તર્જુમાઓમાં 'કન્ઝુલ ઈમાન' અનોખુ તથા અજોડ છે.** એની વિશિષ્ટતાઓ તથા અજોડપણાનાં વિવિધ કારણો છે જેના માટે ઉલમાની કિતાબો વાંચો. અહીં મારે કેવળ તર્જુમાનું ખાસ ઈમાનની રક્ષા કરતું પાસુ છે તે દર્શાવવું છે, અને બદ્‌મઝહબોએ ક્યાં ઠોકરો ખાધી છે તથા તેને અનુસરનારાઓને કઈ જહન્નમની ખાઈમાં ફેંકી રહ્યા છે તે દર્શાવવું છે.

**આયત :** وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَيَعْلَمَ الصّٰبِرِيْنَ *(સૂરએ આલે ઈમરાન, આયત–૧૪૨)*

❖ કોઈકે તર્જુમો કર્યો કે "અને **હજી માલૂમ નથી કર્યો અલ્લાહે** જેઓ લડનારા છે તમારામાં." *(શાહ અબ્દુલ કાદિર)*

❖ હજી ખુદાએ સારી રીતે **માલૂમ કર્યા જ નથી.** *(ફતહ મુહમ્મદ જાલંધરી દેવબંદી)*

❖ હજી અલ્લાહે તે લોકોને તમારામાંથી **જાણ્યા જ નથી.** *(અબ્દુલ માજિદ દર્યાબાદી દેવબંદી)*

❖ અલ્લાહે તે લોકોને **જોયા જ નથી.** *(થાનવી દેવબંદી)* ❖ **માલૂમ નથી કર્યા** અલ્લાહે. *(મહમૂદુલ હસન)*

શું મુસલમાને એ અકીદો રાખવો કે **અલ્લાહ પણ કેટલીક વાતોથી અજાણ હોય છે ?!** આપણુ ઈમાન તો એ છે કે **અલ્લાહનો ઈલ્મ** દરેક ચીજ બાબતનો **હમેશાંથી હમેશાં માટે છે** એ માને તે મુસલમાન ! આ કુર્આનના દેવબંદી ગૃપના તર્જુમા છે તે શું તા'લીમ આપે છે ? કહો આ ગુમરાહ કરનાર તર્જુમા છે કે નહીં ?! આવો ! ઈમાન તાજુ કરનારો તર્જુમો આ'લા હઝરતથી વાંચી લો અને દિલમાં ઠંડક તથા ઈમાની નૂર ભરી લો ! આ'લા હઝરતે તર્જુમો કર્યો : "અને અલ્લાહે તમારા ગાઝીઓની **ઈમ્તેહાન નથી લીધી."** *(કન્ઝુલ ઈમાન)*

**આયત :** وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ ۭ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ *(સૂરએ અન્ફાલ, આ. ૩૦, પા. ૯)*

અહીં તેમના તરફથી સામાન્યતઃ તર્જુમો કરવામાં આવ્યો, "બેશક ! મુનાફિકો **અલ્લાહને ધોકો આપે છે** અને **અલ્લાહ તેમને ધોકો આપનાર છે."** (મઆઝલ્લાહ !)

ગૈરોના મોટા ભાગના તર્જુમાકારોએ અલ્લાહની શાનનો ખયાલ જ નથી કર્યો. અલ્લાહ તો ધોકો પામવાથી કે ધોકો કરવાથી પાક છે. એ તો મુસલમાનનો અકીદો છે. આ'લા હઝરતે અહીં તર્જુમો કર્યો : "બેશક ! મુનાફિકો ધોકો આપવા ચાહે છે પોતાના ગુમાનમાં, અને તે તેમની તદબીરને નિષ્ફળ કરી દેશે." આવો ! હવે આ તર્જુમાઓમાં શાને રિસાલતમાં શું બેઅદબી આ બદ્‌મઝહબોએ કરી તેને જુઓ :

**આયત :** وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى *(પા. ૩૦, વદ્દુહા, આ. ૭)*

કોઈએ તર્જુમો કર્યો, "અને પામ્યો તને (રસૂલને) **ભટકતો** પછી રાહ આપી." કોઈએ તર્જુમો કર્યો **"રાહ ભૂલેલો"**, કોઈએ તર્જુમો કર્યો **"હક્ક માર્ગથી બેખબર"** કોઈએ **"ભટકતા ભટકતા ફરી રહ્યા છે."** આ છે ગૈરોના તર્જુમા ! રસૂલે પાકની બારગાહનો અદબ ક્યાં ગયો ?! શું કુર્આન

આવી જ તા'લીમ આપે છે ? નહીં ! કુર્આનમાં તો છે કે, وَاِنَّكَ لَتَهۡدِىۡۤ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ "હે મહબૂબ ! બેશક ! તું સીધી રાહની તરફ માર્ગદર્શન કરે છે." એક આયતમાં عَلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ "બેશક ! તમે સીધા માર્ગે મોકલવામાં આવ્યા છો." *(સૂરએ યાસીન)* શું આ આયતો ઉપલી આયત સાથે વિરોધાભાસ નથી ઉભો કરતી ? ના ! કુર્આનમાં વિરોધાભાસ નથી ! પણ ખામી બદ્‌મઝહબોના તર્જુમાની છે કે કુર્આનમાં ટકરાવ જણાવા લાગે છે ! આવો દિલને ઈત્મિનાન બખ્શે એવો તર્જુમો ઉપરોક્ત આયતનો જોઈ લો !

"અને તમને **પોતાની મહોબ્બતમાં** ખૂદ રફતા (બેખૂદ) પામ્યા તો તમને **પોતાના તરફ** રાહ આપી." *(કન્ઝુલ ઈમાન)*

આ આ'લા હઝરતનું એહસાન નથી તો શું છે ? ગુમરાહીના વાદળોને કલમના ઈશારાઓથી વેરવિખેર કરીને ઈમાનની રોશનીનો સૂરજ "કન્ઝુલ ઈમાન"ના નામે ચમકાવી દીધો. અને આવા તર્જુમાની આ તો કેવળ ઝલક જ છે, વધુ અભ્યાસ માટે ઉલમાએ અહલે સુન્નતની કિતાબો વાંચો.

## ★ "ફતાવા રઝવિય્યહ" તો એક કરામત જ છે ! ★

આ'લા હઝરતની કરામતો વેરતી કલમનો એક ઉઘાડો નમૂનો "ફતાવા રઝવિય્યહ" છે જે લગભગ બાર હજાર પેજોમાં પથરાયેલી છે જેમાં કયામત સુધી આવનારી નસલને જીવનભરના અને દરેક ક્ષેત્રના, દરેક વિષયના, દરેક દૌરમાં ઉપસ્થિત કોયડાનો હલ મળે છે અને મળતો રહેશે, ઈન્શાઅલ્લાહ ! જેમાં બાતિલ ફિર્કાઓના ગુમરાહકુન અવાજો કાઢતાં મોઢાંઓ પર જડબેસલાક લગામો છે જેનાથી માછલી ગલમાં ફસાતાં તડપી ઉઠે છે તેમ બાતિલ ફિર્કાવાળા કુર્આન, હદીષ, ઉલમાના અકવાલથી ભરપુર દલીલોના તાણાવાણારૂપી જાળમાં ફસાઈને તડપવા લાગે છે અને તેમને ભાગવાનો માર્ગ શોધતાંય નથી મળતો. એટલું જ નહીં પણ દીની સર્વ બાબતો હુઝૂર ﷺના ઈલ્મે ગયબ સંબંધે, હાઝિર નાઝિર હોવા સંબંધે, અતાઈ ઈખ્તિયાર સંબંધે તથા નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વગેરેને લગતા પ્રશ્નો તથા સર્વ સામાજિક મામલાઓનો હલ તેમાં સમાયેલ છે. ત્યારે જ તો ડો. ઈકબાલે એક ઈલ્મી બેઠકમાં એના વિશે પોતાના વિચારો પ્રદર્શિત કરતાં જણાવ્યું હતું કે, "ફતાવા રઝવિય્યહ્"ના અભ્યાસ પરથી અંદાજો થાય છે કે તે કેટલા પ્રમાણમાં ઉચ્ચ ઈજતેહાદી કાબેલિયતોથી સજ્જ હતા." *(મકાલાતે યૌમે રઝા, પેજ–૧૦, લાહોર)*

એકવાર આપની તબીયત સખત બીમાર હતી. ડોકટરોએ સંપૂર્ણ આરામનો મશ્વરો આપ્યો. આપ શહેરની બહાર એક કોઠીમાં આરામ કરવા રોકાયા હતા. એક દિવસે ત્રીસ પત્રો આવ્યા, મગરિબ બાદ આપે પત્રો સાંભળ્યા અને એક સાથે ચાર જણાને જવાબ લખાવવા શરૂ કરી દીધા. દરેકને એક એક ફકરો બતાવી દેતા તે લખતા જતા. સારાંશ કે સર્વ જવાબો લખાવી દીધા. આ પત્રો મઝહબી તથા ફિક્હી સવાલો પર આધારિત હતા.

હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ કિછોછવી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે : "......એ ચીજ રોજ જોવા મળતી કે જવાબની પરિપૂર્ણતા માટે ફિક્હના જુઝિયાની તલાશમાં જે લોકો થાકી જતા તો (આ'લા હઝરતથી) અર્ઝ કરતા, તો આપ તે જ વખતે ફર્માવી આપતા કે રદ્દુલ મુહતાર, જિલ્દ ફલાણીમાં ફલાણા પેજ ઉપર આ શબ્દો સાથે જુઝિયો મૌજૂદ છે, દુર્રે મુખ્તારના ફલાણા

પેજ ફલાણી લીટી ઉપર આ લખાણ મૌજૂદ છે, આલમગીરીમાં જિલ્દ, પેજ નં., લીટી સહિત કે આ શબ્દોમાં મૌજૂદ છે. હવે જ્યારે કિતાબોમાં જઈને જોતા તો પેજ નં., લીટી એ જ પ્રમાણે પામતા જે મોઢે આ'લા હઝરતે ફર્માવી દીધી હતું !" *(ખુત્બાતે સદારત, યૌમે રઝા, નાગપુર, હિ.સ. ૧૩૭૯)*

આપણા તો આપણા પણ ગૈરો પણ આ'લા હઝરતના કમાલોને જોતાં વાહ વાહ પોકારી ઉઠયા, જેમ કે મલિક ગુલામ અલી નાયબ મવદૂદી લખે છે :–

"હકીકત એ છે કે મૌલાના અહમદ રઝાખાં સાહબના બારામાં અત્યાર સુધી અમે લોકો સખત ગલત ફહમીમાં સંડોવાયેલા રહ્યા. તેમની કેટલીક કિતાબો અને ફતાવાના અભ્યાસ પછી એ નિર્ણયે પહોંચ્યો છું કે જે ઈલ્મી ગહરાઈ મેં તેમને ત્યાં જોઈ તે ખૂબ જ થોડા આલિમોમાં જોવા મળે છે." *(શહાબ અઠવાડિક–લાહોર, ૩૦ નવે. ૧૯૬૨)*

મૌલાના અબુલ હસનઅલી નદવી (માજી નાઝિમ નદવતુલ ઉલમા–લખનૌ) લખે છે :–

"તેમની (આ'લા હઝરતની) કિતાબો તથા રિસાલાઓની સંખ્યા જીવન ચરિત્ર લખનારાઓનાં કથનો અનુસાર પાંચસો છે જેમાં સૌથી મોટી કિતાબ "ફતાવા રઝવિય્યહ" કેટલીક જાડી જિલ્દોમાં છે. હનફી ફિક્હ અને તેના જુઝિયાઓની માલૂમાતની હૈસિયતથી **આ જમાનામાં તેમની જોડ નથી મળતી.** તેમના ફતાવાઓ તથા કિફલુલ ફકીહ (હિ.સ. ૧૩૨૩, મક્કા મુકર્રમા) એના પર ન્યાયી સાક્ષી છે. ગણિત શાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર, નજૂમ, રમલ, જફરમાં તેમને સંપૂર્ણ મહારત પ્રાપ્ય હતી." *(પેજ–૪૧, જિલ્દ–૩, નુઝહતુલ ખવાતિર, હૈદરાબાદ, બહવાલા : ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં)*

આ'લા હઝરતની આપણા, પરાયા, પ્રોફેસરો, ફિલોસોફરો વગેરે વિદ્વાનોએ જે પ્રસંશા કરી છે તે આ ટૂંકા લેખમાં ન સમાવી શકાય, એના માટે હવાલામાં જણાવેલી કિતાબો વાંચો.

## ★ "હદાઈકે બખ્શિશ'માં તો બખ્શિશનો ભરપૂર સામાન છે ! ★

*મીનારે કસ્રે રઝા તો બુલંદ કાફી હૈ*
*ઝરા તુમ ઉસ્કે પહેલે હી ઝીને પે ચળહકે દિખલા દો*
*ફતાવા રઝવિય્યહ્ તો એક કરામત હૈ*
*ઝરા હદાઈકે બખ્શિશ હી પળહ કે દિખલા દો*

આ'લા હઝરતની શખ્સિયતના મકામને સમજવા હઝરત સૈયદ અશ્રફ મારહરવીના ઉપરોક્ત શેઅરો પૂરતા છે, કોણ સમજી શકે છે આપના બુલંદ મકામને ?! "હદાઈકે બખ્શિશ" આપની નઅતો મન્કબતોનો સંગ્રહ છે જેમાં આ'લા હઝરતે ઈશ્કના દરિયા વહાવી દીધા છે ! કાંઈ બજારૂ તથા બેલગામ શાયરો જેમ તરંગોની દુનિયામાં રાચીને નહીં ! પણ હકીકતનો ઈઝહાર જ કર્યો છે. આપની નઅતિયા શાયરી કુર્આન હદીષની જાણે તર્જુમાનીનો પ્રવાહ વહાવી રહી છે. ખૂદ ફર્માવે છે કે, "કુર્આન પાસેથી મેં નઅત ગોઈ શીખી એટલે કે શરીઅતના હુકમોનો લેહાઝ રાખીને, નઅતમાં જો માર્ગદર્શકની જરૂર પડે તો હઝરત હસ્સાનના નક્શે કદમ બસ છે."

એની ઉચ્ચતા વિશે વિદ્વાનોએ ઘણુ કહ્યું છે પણ અહીં સર્વનો સમાવેશ શક્ય નથી, કેવળ એક પ્રસંગ વર્ણવી દઉં છું કે મશહૂર અદીબ (સાહિત્યકાર) તથા શાયર જનાબ આબિદ નિઝામી પોતાનો એક પ્રસંગ વર્ણન કરતાં લખે છે કે : લગભગ ઈ.સ. ૧૯૫૯ના અડધા વર્ષ વિત્યા બાદના પાછલા સમયની વાત છે કે મારે મુલતાનના એક જલ્સાએ યૌમે હુસૈનના પ્રોગ્રામમાં હાજરી આપવા જવાનું થયું. આ જલ્સો ટાઉન હોલમાં હતો. જલ્સામાં હાજર રહેનારાઓમાં મૌલાના માહિરુલ કાદરી, મૌલાના

મુહમ્મદ જાફર નદવી ફુલવારી અને કૌષર નિયાઝી, મૌલાના બાકર અલીખાં અમીરે જમાઅતે ઈસ્લામી મુલતાનની કોઠીમાં ઉતરેલા હતા. રાત્રે આ દિલચસ્પ ચર્ચા છેડાઈ ગઈ કે ઉર્દૂનો **સૌથી મહાન નઅત કહેનાર શાયર કોણ** છે? ઉર્દૂના મોટા મોટા શાયરોના અશ્આર મુકાબલામાં રજૂ થવા લાગ્યા. આ ચર્ચા ઘણીવાર સુધી ચાલી રહી. અંતે એ વાત પર બધાએ એકમતિ દર્શાવી કે **મૌલાના અહમદ રઝાખાં બરેલ્વીથી સારા નઅતના અશ્આર (વધુ સંખ્યામાં) ઉર્દૂના કોઈ શાયરે નથી કહ્યા,** હું તે સમય સુધી મૌલાનાના નામથી તો જરૂર વાકેફ હતો પણ (આપના) કલામથી વાકેફ ન હતો, પાછળથી તેમનું કલામ 'હદાઈકે બખ્શિશ' જોયું તો આ વાતની સચ્ચાઈ પુરવાર થઈ ગઈ. *(પેજ-૧૧૧, મકાલાતે યૌમે રઝા, અવ્વલ મતબૂઆ, લાહોર, બહવાલા યાદે આ'લા હઝરત, મકતબે કાદિરિય્યહ-લાહોર, પેજ-૩૭, બહવાલા : ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગૃપના વિદ્વાનોની દૃષ્ટિએ, અઝ : અલ્લામા મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી, દારુલ કલમ, દિલ્હી)*

સરકાર ﷺના ઈશ્કમાં ડૂબેલા અમુક શેઅરો જોતા ચાલો :-

*કરું તેરે નામ પે જાં ફિદા — દો જહાંસે ભી નહીં જી ભરા*
*બસ એક જાં નહીં દો જહાં ફિદા — કરું ક્યા કરોરોં જહાં નહીં !*

*તૂબામેં જો સબસે ઉંચી નાઝુક સીધી નિકલી શાખ*
*માગું નઅતે નબી લિખને કો રૂહે કુદ્સસે ઐસી શાખ*
(તૂબા = જન્નતી ઝાડ, રૂહે કુદ્સ = જિબ્રઈલે અમીન)

*જાન હય ઈશ્કે મુસ્તફા ઔર ફુઝૂં કરે ખુદા — જાનો દિલ હોશો ખિરદ સબ તો મદીના પહુંચે*
*જિસ્કો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં ! — તુમ નહીં ચલતે '**રઝા**' સારા તો સામાન ગયા !*

*કરું મદહે અહલે દુવલ 'રઝા', પળે ઈસ બલામેં મેરી બલા*
*મૈં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પારાએ નાં નહીં !*
*(મદહે અહલે દુવલ = માલદારોની પ્રશંસા, ગદા = ગુલામ, પારાએ નાં = રોટલાનો ટુકડો)*

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ — કામ વો લે લીજીએ તુમ કો જો રાઝી કરે*
*લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા — ઠીક હો નામે 'રઝા' તુમપે કરોરોં દુરૂદ*

## ★ અનેક વિધ ક્ષેત્રે આપનાં અજોડ કારનામાંઓ ★

ગૈરુલ્લાહના માટે તા'ઝીમી સિજદો હરામ હોવા વિશે કિતાબ "અઝ્ઝુબદતુઝ્ઝકીયહ ફી તહરીમે સુજૂદિત્તહિય્યહ્" જે કયામત સુધી આ બાબતે ઉઠનારી ગુમરાહીનો જવાબ છે. તથા અન્ય "બિદઅત તેમજ મના કરેલ બાબતો" જેમ કે "સ્ત્રીઓની મઝારો પર હાજરીની મનાઈ" તથા ઉર્સોમાં તથા અન્ય સ્થળોએ થતા વાજિંત્રોવાળી કવ્વાલીના પ્રોગ્રામો સંબંધે "વાજિંત્રો સાથે કવ્વાલી હરામ" હોવા વિશે, વર્તમાનકાળમાં ચાલતી તાઝીયાદારીની રસમ વિરુધ્ધ, તેમજ બનાવટી સૂફીઓ, શરીઅતથી બેપરવા પીરોની પોલ ખોલવા સંબંધે શરીઅતના હુકમો દર્શાવતી અસંખ્ય કિતાબો આપે લખી છે.

સાદાતે કિરામની તા'ઝીમ અને તેનું મહત્વ દર્શાવતાં લખાણો તથા આપના જીવનના અમલી નમૂના આ બાબતે અજોડ છે. તેમજ ખાનકાહી જાઈઝ રસમો સામે બદ્અકીદાઓ તરફથી ઉઠેલા વાંધાઓના જવાબો પણ આપે નિહટ્ટા આપ્યા, સૌના ઉપર આપનાં એહસાનો છે. ઉપરાંત ઈલ્મના

દરેક ક્ષેત્રે બાતિલ માન્યતાવાળાઓની રેવડી દાણા દાણા આપે જ કરીને ઈસ્લામનો તથા અહલે સુન્નતનો હાથ ઉપર રાખ્યો છે. આપના એહસાનો અગણિત છે જેને આ ટૂંકા લેખમાં સમાવવાં અસમર્થ છે.

### ★ ...પણ આપણે આ'લા હઝરતની કેટલી કદર કરી ?! ★

આપણા આવા મોહસિનની અગણિત કિતાબો વિવિધ વિષયે છે, ઘણી બધી સંપૂર્ણ તથા આંશિક ગુજરાતી પણ થઈ ચૂકી છે, તેમજ આ'લા હઝરતની શાનમાં આપના જીવન ચરિત્ર પર તથા આપની ખૂબીઓ પર ઘણી કિતાબો છે. ગુજરાતીમાં પણ અમે ચારેક નાની મોટી કિતાબો પ્રસિદ્ધ કરી છે, પણ "મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !"નો નારો લગાડનારાઓમાંથી અમુક જ હશે જે એ કિતાબો વાંચવાનો શોખ ધરાવે છે, ખાસ તો "ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં" (વિશ્વના વિવિધ ગૃપના વિદ્વાનોની દષ્ટિએ) તથા "તજલિય્યાતે ઈમામ અહમદ રઝા....." વગેરે **દયાદરા**થી પ્રસિદ્ધ થયેલી છે, તેમજ "ઉજાલા" વગેરે SMC **ગોંડલ** તરફથી પ્રસિદ્ધ થયેલી, અન્ય સંસ્થાઓએ પણ પ્રસિદ્ધ કરી હશે, પણ અફસોસ કે ન વાંચન પ્રતિ આપણો ઉત્સાહ જોવા મળે છે ન અમલ પ્રતિ સ્ફૂર્તિ જોવા મળે છે.

આ'લા હઝરતે જીવનભર દીનો સુન્નિયતની ખિદમત કરી અને પોતાની પાછળ પોતાના કાબેલ શાગિર્દો તથા ખલીફાઓ તેમજ બાકમાલ ઔલાદ છોડી જેમાં મૌલાના ઝફરુદ્દીન બિહારી, સદરુશ્શરીઅહ મૌલાના અમજદ અલી આઝમી (લેખક : બહારે શરીઅત) સદરુલ અફાઝિલ નઈમુદ્દીન મુરાદાબાદી, હુઝૂર મુહદ્દિષે આ'ઝમ સૈયદ મુહમ્મદ કછોછવી, શેરબે શએ અહલે સુન્નત હસ્મતઅલીખાં પીલીભીતી, પ્રો. સૈયદ મુહમ્મદ સુલેમાન અશરફ, કુત્બે મદીના હઝરત મૌલાના ઝિયાઉદ્દીન અહમદ મદની, હઝરત મૌલાના અહમદ મુખ્તાર મેરઠી, મુબલ્લિગે ઈસ્લામ મૌલાના અબ્દુલ અલીમ મેરઠી, હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝા, હુજ્જતુલ ઈસ્લામ હામિદ રઝા, હઝરત ઈબ્રાહીમ રઝાખાં.... વગેરે પુષ્કળ હસ્તીઓએ દુનિયાભરમાં આ'લા હઝરતના તે મિશનને આગળ વધારવા તનતોડ કોશિશો કરી અને અહલે સુન્નત વ જમાઅતની બેનમૂન ખિદમતો કરી છે, જેના માટે ઈતિહાસ સાક્ષી છે.

*અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી*<br>*ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી*

*ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં*<br>*ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી*

*સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ*<br>***'અહમદ રઝા'*** *કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી*

*કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ*<br>*ઉલમાએ હક્ક કી અકલ તો હૈરાં હૈ આજ ભી*

*અલ્લાહ અપને ફયઝસે અબ કામ લીજિએ*<br>*ફિત્નોં કે સર ઉઠને કા ઈમ્કાં હૈ આજ ભી*

***'મિર્ઝા'*** *સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ*<br>*ઈલ્મો અમલપે આપ કા એહસાં હૈ આજ ભી*

આ'લા હઝરતના આ સર્વ એહસાનોની આપણે ગંભીરપણે નોંધ લેવી જોઈએ અને આપની જાતની મહોબ્બત આપણી ઔલાદમાં ગળથુથીમાંથી નાખવી જોઈએ, જે આ'લા હઝરતને ઓળખી જશે તે જરૂર આપની કિતાબો, આપના ફત્વાનો આદર કરશે, તેના પ્રમાણે અમલ કરશે અને ગુમરાહી તથા બદ્અકીદગીથી બચીને અહલે સુન્નત પર અડગતાથી રહીને પોતાની આખેરતને સમારી શકશે. અલ્લાહ તઆલા આપણને મસ્લકે આ'લા હઝરત અહલે સુન્નત વ જમાઅત પર તા હયાત કાયમ રાખે અને દીનો સુન્નિયતના માટે દરેક પ્રકારે કુર્બાન થવાની તૌફીક આપે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

فَاِذَآ اَمِنْتُمْ فَمَنْ تَمَتَّعَ بِالْعُمْرَةِ اِلَى الْحَجِّ فَمَا اسْتَيْسَرَ
مِنَ الْهَدْيِ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ فِى الْحَجِّ وَ
سَبْعَةٍ اِذَا رَجَعْتُمْ تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ ذٰلِكَ لِمَنْ لَّمْ يَكُنْ
اَهْلُهٗ حَاضِرِى الْمَسْجِدِ الْحَرَامِ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ
شَدِيْدُ الْعِقَابِ ﴿١٩٦﴾ اَلْحَجُّ اَشْهُرٌ مَّعْلُوْمٰتٌ فَمَنْ فَرَضَ فِيْهِنَّ
الْحَجَّ فَلَا رَفَثَ وَلَا فُسُوْقَ وَلَا جِدَالَ فِى الْحَجِّ وَمَا تَفْعَلُوْا
مِنْ خَيْرٍ يَّعْلَمْهُ اللّٰهُ

**તર્જુમો** : અને જ્યારે તમે અમ્નમાં થઈ જાવ (અને હજ્જથી પહેલાં મક્કા પહોંચી જાવ) તો જે ફાયદો ઉઠાવવો જોઈએ ઉમરાનો[૨૪૧] હજ્જની સાથે તો જે એને મયસ્સર થાય કુર્બાની આપે. પછી જેને કુર્બાનીની શક્તિ ન હોય તો તે ત્રણ દિવસ રોઝા રાખે હજ્જના વખતે અને સાત જ્યારે તમે ઘરે પરત આવો, આ પૂરા દસ (રોઝા) થયા. આ છૂટ તેના માટે છે[૨૪૨] જેનાં ઘરવાળાં મસ્જિદે હરામથી નજીક ન હોય. અને ડરતા રહો અલ્લાહથી, અને જાણી લો કે બેશક ! અલ્લાહ તઆલા સખત સજા આપનાર છે. હજ્જના અમુક મહિના છે જે માલૂમ છે[૨૪૩] પછી જે નિય્યત કરી લે એમાં હજ્જની તો તેના માટે જાઈઝ નથી બેહયાઈની વાત અને નાફર્માની અને ન ઝઘડો[૨૪૪] હજ્જના દિવસોમાં, અને જે તમે નેક કામ કરો[૨૪૫] અલ્લાહ તેને જાણે છે.

**તફસીર...............**

**૨૪૧.** હજ્જના ત્રણ પ્રકારો છે : (૧) 'ઈફરાદ': એટલે કે હજ્જના દિવસોમાં કેવળ હજ્જ કરે, એમાં કુર્બાની વાજિબ નથી. (૨) 'તમત્તુઅ' : એક સફરમાં હજ્જના દિવસોમાં પ્રથમ ઉમરાનો એહરામ બાંધવો. તવાફ તથા સઈ પછી હલક કરીને એ એહરામથી ફારિગ થઈ જાય. પછી હજ્જનો સમય થાય એટલે હજ્જનો એહરામ બાંધવો કેમ કે એક જ સમયે બે ઈબાદતો ભેગી કરી લીધી અને બમણો ફાયદો ઉઠાવી લીધો જેથી એને મુતમત્તેઅ કહે છે. (૩) 'કિ઼રાન' : એક સાથે જ હજ્જ તથા ઉમરાનો એહરામ બાંધવો, પ્રથમ ઉમરાના અરકાન અદા કરી લીધા પરંતુ એહરામ એ જ પ્રમાણે રહ્યો, ત્યાં સુધી કે હજ્જના દિવસોમાં હજ્જના અરકાન અદા કરીને હલક કરાવ્યું અને એહરામથી ફારિગ થયો. પાછલા બંને પ્રકારોમાં એક સફરમાં બે ઈબાદતો ભેગી કરી લીધી એટલા માટે એના પર કુર્બાની લાઝિમ ઠરાવી દેવામાં આવી.

**૨૪૨.** એક સફરમાં હજ્જ તથા ઉમરા ભેગા કરવાની ઈજાઝત કેવળ એ લોકોને છે જેઓ મક્કાના રહેવાસી નથી બલ્કે દૂર દરાઝથી સફર કરીને આવે છે. મક્કાવાસીઓ તથા 'મીક઼ાત'ની હદની અંદર રહેનારાઓ માટે એક જ હુકમ છે. **મસ્અલા** : 'મીક઼ાત' એ જગાને કહે છે જ્યાં આગળ

વધુ પેજ નં. ૨૩ પર....

## ★ હદીષ : ૫૮ ★

હઝરત આઈશા ﷺથી રિવાયત છે : ફર્માવે છે કે મેં નબી કરીમ رضي الله عنهاને ફર્માવતાં સાંભળ્યા કે જે તક્દીરના મસ્અલામાં બહષ કરશે તેનાથી ક્યામતમાં તેના સંબંધે પૂછતાછ થશે[૧]. અને જે એમાં બહષ નહીં કરે તેને પૂછતાછ થશે નહીં[૨]. *(ઈબ્ને માજહ)*

ઈબ્ને દયલીમી[૩]થી રિવાયત છે : ફર્માવે છે કે હું ઉબય ઈબ્ને કઅબ[૪]ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, મારા દિલમાં અમુક શંકાઓ વસી ગઈ છે[૫] મને કોઈ હદીષ સંભળાવો, કદાચ અલ્લાહ મારા દિલથી તે દૂર ફર્માવી આપે[૬]. ફર્માવ્યું, જો અલ્લાહ તઆલા પોતાના આસ્માની તથા જમીની બંદાઓને અઝાબ આપે તો એ તેમના પર જુલ્મ નથી[૭]. અને જો તેમના પર રહમ ફર્માવી આપે તો તેની રહમત તેમના અમલ કરતાં બેહતર છે[૮]. અને જો તમે ઓહદ બરાબર સોનુ અલ્લાહના માર્ગમાં ખૈરાત કરો તો અલ્લાહ કૂબૂલ કરશે નહીં, જ્યાં સુધી તમે તક્દીર પર ઈમાન ન લાવો[૯] અને એવું ન જાણી લો કે જે તમને પહોંચ્યું તે તમારાથી બચી શકતું ન હતું અને જે તમારાથી બચી ગયું તે તમને પહોંચી શકતું ન હતું[૧૦]. અને જો તમે આ સિવાય કોઈ અન્ય અક્રીદા પર મર્યા તો દોઝખમાં જશો. ફર્માવે છે, પછી હું અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની પાસે ગયો તો તેમણે પણ આ જ પ્રમાણે કહ્યું. પછી હું હુઝૈફા ઈબ્ને યમાનની પાસે ગયો તો તેમણે પણ એ જ કહ્યું. હું ઝૈદ ઈબ્ને ષાબિત[૧૧]ની પાસે ગયો તો તેમણે પણ એ જ પ્રમાણે નબી કરીમ ﷺની હદીષ વર્ણવી[૧૨]. *(અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

### સ....મ....જૂ....તી....

**૧.** ધમકી રૂપે કે તેં એમાં તારો સમય કેમ વેડફયો અને એમાં બહષ શા માટે કરી ? યાદ રાખશો કે, લોકોને ગુમરાહ કરવા અથવા તેમનાં દિલોમાં શંકા નાખવા માટે અથવા જે લોકો કમ અક્કલ હોય તેમની સમક્ષ તક્દીરનો મસ્અલો છેડવો જુર્મ છે, એ જ અહીં આશય છે. પણ આ મસ્અલાની તેહકીક કરવા માટે, શંકાને દૂર કરવા માટે બહષ કરવી હક્ક અને સવાબનો સબબ છે, જેથી તે સહાબીઓ તથા આલિમો આ ધમકી હેઠળ આવશે નહીં જેમણે આ મસ્અલા પર ગુમરાહો સાથે મુનાઝરા કર્યા અથવા કિતાબો લખી.

**૨.** સામાન્ય પબ્લિકના માટે જરૂરી છે કે એને માને, બહષ ન કરે. આપણે માનવા માટે બંધાયેલા છીએ ન કે બહષ કરવા. આ જ હુકમ રબ તઆલાની ઝાતી સિફતોના મસ્અલાનો પણ છે.

**તૂ દિલમેં તો આતા હૈ સમઝમેં નહીં આતા**
**પેહચાન ગયા મૈં તેરી પેહચાન યહી હૈ**

**૩.** આપનું નામ અબૂ અબ્દુલ્લાહ અથવા અબૂ અબ્દુર્રહમાન છે. ઈબ્ને ફીરોઝ દયલમી હુમૈરી ફારસી વંશના છે. આપના વાલિદ ફીરોઝે 'અસ્વદ ઉન્સી'ને ક્ત્લ કર્યો જે નબુવ્વતનો દાવેદાર હતો. નબી ﷺને વફાત શરીફ વેળાની બીમારીના સમયે જ્યારે એના ક્ત્લની ખબર પહોંચી તો ફર્માવ્યું કે, એને નેક બંદાએ ક્ત્લ કર્યો. અમીર મુઆવિયહ رضي الله عنهના જમાનામાં હિ.સ. ૫૦માં ઈન્તેકાલ થયો. દયલમી સહાબી છે અને તેમના પુત્ર અબૂ અબ્દુર્રહમાન તાબઈ છે. દયલમ એક પહાડનું નામ છે.

**૪.** આપ કારી સહાબીઓમાંથી છે, અન્સારી છે, ખુઝરમી છે. વહીના કાતિબ રહ્યા છે, તે છ સહાબીઓમાંથી જેઓ હુઝૂર ﷺના પાક જમાનામાં કુર્આનના હાફિઝ હતા. અને હુઝૂરે આપની કુન્નિયત અબુલ મુન્ઝર રાખી હતી અને ઉમર ફારૂકે અબૂ તુફૈલ રાખી હતી. હુઝૂર ﷺ આપને સૈયદુલ અન્સાર અને હઝરત ઉમર આપને સૈયદુલ મુસ્લિમીન કહેતા હતા. મદીના મુનવ્વરામાં ફારૂકી ખિલાફતકાળમાં હિ.સ. ૧૯માં વફાત પામ્યા.

**૫.** કે દરેક ચીજ લખવામાં આવી ચૂકી અને તે થઈને રહેશે તો શરીઅતના હુકમો શા માટે છે ? અને સજા તથા બદલો શા માટે છે ? કદાચ આ શંકાઓ કદરીઓની સોહબતથી ઉદ્ભવી હોય.

**૬.** એનાથી જાણવા મળ્યું કે ઉલમાની ખિદમતમાં જવું, તેમને મસાઈલ પૂછવા અને આપણી શંકાઓ દૂર કરવી સહાબીઓની સુન્નત છે. રબ તઆલા ફર્માવે છે :–

**فَاسْئَلُوْا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَاتَعْلَمُوْنَ**

**૭.** એટલે 'કેમ' અને 'કેવી રીતે'માં વિચારણા ન કરો, બલ્કે એ ઈમાન રાખો કે રબ માલિકે હકીકી છે પોતાની મિલ્કતમાં જે રીતે ચાહે હેરફેર કરે. આપણે બકરી ઝબહ કરી લઈએ છીએ, ઝાડોને કાપીને સળગાવી દઈએ છીએ, કુંભાર એક માટીને પ્યાલો બનાવે છે જે પાણીમાં રહે, બીજી માટીને હાંડલી જે આગ પર રહે, જ્યારે આ કોઈ જુલ્મ નથી તો જો રબ તઆલા આપણને વિના વાંકે જહન્નમમાં નાખી દે તો જાલિમ કઈ રીતે થશે ? યાદ રાખશો કે આ કાલ્પનિક ચર્ચા છે.

જેમ કે રબ તઆલા ફર્માવે છે – **لَوْكَانَ لِلرَّحْمٰنِ وَلَدٌفَاَنَااَوَّلُ الْعَابِدِيْنَ** નહીં તો અંબિયાએ કિરામ તથા જેમની સાથે જન્નતનો વાયદો થઈ ચૂક્યો છે એમનું અઝાબ પામવું એવું જ અશક્ય છે જેવું કે રબનો શરીક હોવું, રબ તઆલા શરીક (ભાગીદાર)થી પાક છે. અહીં કેવળ એવું ફર્માવવામાં આવ્યું કે......જો તેમને અઝાબ આપે તો પણ જાલિમ નથી કે તે બીજાના માલિકીપણામાં વિના કારણે હેરફેર કરે.

**૮.** એટલે કે સર્વ બંદાઓ કાફિરો, મુર્તદો વગેરેને બખ્શી આપે તો એ તેની રહમ છે. આ લખાણ પણ કાલ્પનિક છે, નહીં તો ઈબ્લીસ, ફિરઔન, અબૂ જહલ વગેરેનું જન્નતી હોવું **અશક્ય** છે. રબ તઆલા ફર્માવે છે :–

**لَايَدْ خُلُوْنَ الْجَنَّةَ حَتّٰى يَلِجَ الْجَمَلُ فِىْ سَمِّ الْخِيَاطِ**

**૯.** એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા, એક એ કે, 'તકદીરનો ઈન્કાર કુફ્ર છે અને નકારનાર કાફિર.' એટલા માટે અમુક ઉલમાએ કદરીયોને કાફિર કહ્યા છે. બીજુ એ કે, 'કાફિરોની કોઈ નેકી કબૂલ નથી.' જેમ કે વુઝૂ વિનાના માણસની નમાઝ દુરુસ્ત નથી. ત્રીજુ એ કે સહાબાના જમાનામાં આ પ્રકારના મસાઈલ છેડાઈ ગયા હતા જેનો રદિયો મહાન સહાબીઓ કરતા હતા.

**૧૦.** એટલે કે દરેક મુસીબત અને રાહત રબ તઆલાના ઈરાદાથી છે. સબબો ગમે તે હોય, જેથી એવું ન કહો કે તેને તાવ ન આવતો તો ન મરત. અથવા જો હું ફલાણુ કામ કરી લેત તો બીમાર ન થાત. મૌત પણ રબના તરફથી છે અને તાવ પણ. બીમારી પણ રબ તઆલાના તરફથી છે અને તે કામ પણ.

**૧૧.** આપ અન્સારી છે વહીના કાતિબ (લખનારા) છે. ફર્ઝોના ઈલ્મના મહાન આલિમ છે. સિદીકે અકબર رضی اللہ عنہના જમાનામાં કુર્આનને જમા કરનારા, ઉષ્માનીકાળમાં સહીફાઓમાં કુર્આનને નકલ કરનારાઓમાં આપ પણ છે. ૫૬ વરસની ઉમર પામીને હિ.સ. ૪૫ મદીના પાકમાં વફાત પામ્યા.

**૧૨.** જેથી આ હદીષ મરફૂઅ છે, ભલે આ ત્રણ સહાબીઓએ એના મરફૂઅ હોવાનું પ્રદર્શિત ન કર્યું.

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્‌લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## અંબિયા علیہم السلام ની નમ્રતા હદીષની રોશનીમાં

રિવાયત છે કે, હઝરત સુલૈમાન علیہ السلام ને એટલી મોટી બાદશાહી આપવામાં આવી હતી તેમ છતાં અલ્લાહ તઆલાથી ડરતા અને આજીજીના લીધે આસમાનની તરફ જોતા ન હતા અને બીજા લોકોને સ્વાદિષ્ટ ખાણા ખવડાવતા રહેતા પરંતુ પોતે જવની રોટી ખાતા હતા. અને એક વખતે તેમના પર વહી આવી ત્યારે તેમને 'રાસુલ્આબેદીન' અને 'ઈબ્ને મુજહતુઝ્ઝાહિદીન', ગણવામાં આવ્યા. જો કોઈ ઘરડી સ્ત્રી પણ આપથી સવાલ કરતી અને તે સમયે આપ લશ્કરના ઉપર હવામાં ઉડી રહ્યા હોતા તો હવાને હુકમ આપતા ત્યારે તે આપને નીચે લઈ આવતી અને સ્ત્રીનો સવાલ પૂરો કરીને ત્યાંથી જતા.

કોઈએ હઝરત યૂસુફ علیہ السلام થી જાણવા માંગ્યું કે આપ જમીનના ભંડારો પર કાબૂ ધરાવો છો તેમ છતાં જાતે પેટ ભરીને કેમ ખાતા નથી ? આપે જવાબ આપ્યો કે જો હું પેટ ભરીને ખાઈ લઉં તો ભૂખ્યા લોકોને ભૂલી જઈશ.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે, હઝરત દાવૂદ علیہ السلام પર તૌરાત પઢવું એટલું આસાન કરી દેવામાં આવ્યું હતું કે, બે ઘોડાના માટે હુકમ આપતા અને તેને તૈયાર થતા પહેલાં તૌરાત શરીફ (પૂરી)ની તિલાવતથી ફારિગ થઈ જતા હતા. હઝરત દાવૂદ علیہ السلام પોતાના હાથની કમાઈ ખાતા હતા જેવું કે રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું છે, "અને અમે તેમના માટે લોઢું નરમ કરી દીધું કે, પહોળા બખ્તરો બનાવે અને બનાવવામાં અંદાજાનો ખ્યાલ રાખે." *(સૂરએ સબા, આયત–૧૦, ૧૧)*

હઝરત દાવૂદ علیہ السلام એ પોતાના રબથી સવાલ કર્યો હતો કે, અય અલ્લાહ ! મારી રોજી હાથની કમાઈથી કરી દે જેથી હું બયતુલમાલમાંથી મુક્ત થઈ જાઉં. નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, અલ્લાહ તઆલાને હઝરત દાવૂદ علیہ السلام ની નમાઝ સઘળી નમાઝો કરતાં પ્રિય હતી અને એવી જ રીતે તેમનો રોઝો પણ સઘળા રોઝા કરતાં શ્રેષ્ઠ અને પ્રિય હતો. કેમ કે તેઓ અડધી રાત્રે સૂઈ જતા અને પછી એક તૃતિયાંશ રાત પોતાના પરવરદિગારના હુઝૂર ક઼યામ ફર્માવતા અને પછી બાકી છઠ્ઠો ભાગ આરામ કરતા. તેઓ એક રોઝો રાખતા અને બીજા દિવસે ઈફ્તાર કરતા એટલે કે બીજા દિવસે રોઝો રાખતા નહીં. તેઓ ઉનનાં કપડાં પહેરતા હતા. વાળના કપડાંનો કાંબળો બિછાવતા અને જવની રોટલી ખાતા હતા અને તેમાં પણ નમક અને રાખ નાખીને. પછી પાણી પીતી વખતે તેમાં આંસૂનાં ટીપાં નાખી લેતા હતા અને અલ્લાહ તઆલાથી શર્મ અનુભવતા, કોઈપણ દિવસે હસતા નહીં અને ક્યારેય પણ નજર ઉઠાવી આસમાન તરફ જોતા નહીં. એક લગઝિશ થયા પછી દરરોજની એ હાલત રહેતી કે બાકીની દુનિયાની જિંદગી આજીજીમાં જ પસાર કરી દીધી. કહેવામાં આવ્યું છે કે, આપ એટલું રડયા કે આંસૂઓથી ઘાસ ઉગી ગઈ હતી અને મુબારક ચહેરા પર ખાડા પડી ગયા હતા. એ પણ કહેવામાં આવ્યું છે કે, આપ વેશ બદલીને બહાર નીકળતા અને પોતાના સંબંધની જાણકારી પ્રાપ્ત કરતા. જો લોકોના મુખે પોતાની પ્રશંસા સાંભળતા ત્યારે વધારે નમ્ર બની જતા.

હઝરત ઈસા علیہ السلام થી કહેવામાં આવ્યું હતું કે, આપ સવારી માટે ગધેડુ રાખી લેતા તો સારું થતું. તેમણે જવાબ આપ્યો કે અલ્લાહના નજીક મારો એ મર્તબો નથી કે તે મને ગધેડાની મહોબ્બતમાં જકડાવી દે. તેઓ વાળનાં કપડાં પહેરતા અને ઝાડનાં

પાંદડાંઓથી ગુજારો કરી લેતા. તેમણે કોઈ ઘર બનાવ્યું ન હતું. જ્યાં ઊંઘ આવતી તે જગ્યાએ સૂઈ જતા અને આ વાત તેમને ખૂબ જ પ્રિય હતી કે કોઈ તેમને ગરીબ કહીને પોકારે.

હઝરત મૂસા عليه السلام જયારે મદીના (હઝરત શુએબ عليه السلامના પાસે) પહોંચ્યા ત્યારે નિર્બળ હોવાના કારણે તેમના મુબારક પેટથી લીલો રંગ જાહેર થતો હતો. સરવરે કોનો મકાં صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે, મારા પહેલાંના અંબિયાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين ભૂખ અને સખાવતના ચક્કરમાં ફસાયેલા રહેતા હતા અને આ હાલત તેમને કોઈની સહાય માંગવા કરતાં વધુ પસંદ હતું.

હઝરત ઈસા عليه السلامને એક ભૂંડ મળ્યું ત્યારે તેમણે ફર્માવ્યું કે, તું સલામતીના સાથે ચાલ્યો જા ! આ વાત પર કોઈએ વાંધો ઉઠાવ્યો ત્યારે આપે ફર્માવ્યું કે, હું એ વાતને પસંદ કરતો નથી કે, પોતાની ઝબાનને નિંદાની ટેવ પાડી દઉં. ઈમામ મુજાહિદ رحمة الله عليه ફર્માવે છે કે, હઝરત યહ્યા عليه السلامનો ખોરાક ઘાસ હતો તેમ છતાં ખુદાના ડરના કારણે અધિક્તમ રડયા કરતા હતા, ત્યાં સુધી કે આંસૂઓ વધુ પ્રમાણમાં વહેવાના કારણે ગાલ પર પોતાના રસ્તા બનાવી લેતાં હતાં. હઝરત યહ્યા عليه السلام જાનવરો અને હિંસક પશુઓ સાથે પણ ખાઈ લેતા હતા અને તેમણે તેમના માટે એવું કહેતા હતા કે, લોકો તેમનાથી દૂર રહે અને નફરત કરતા રહે.

ઈમામ ઈબ્ને જરીર તબરીએ વહાબ બિન મુંબા رحمة الله عليهથી રિવાયત કરી છે કે, હઝરત મૂસા عليه السلامએ જો કે રબ્બુલ ઈઝ્ઝતથી વાતચીત કરી હતી એ માટે અલ્લાહના આદર અને અલ્લાહના ફઝ્લના આદરના કારણે એક છાપરાના છાયા નીચે રહેતા હતા અને એક પથ્થરના વાસણમાં ખાવાનું ખાતા હતા અને તેમાં જ જાનવરોની માફક મોં પાણીમાં નાખી પીતા હતા.

ઈમામ કાઝી رحمة الله عليه ફર્માવે છે કે, હઝરાત અંબિયાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعينના ગુણો અને તેમના મુબારક હાલાત (પ્રસંગો) વિશ્વાસપાત્ર પુસ્તકોમાં લખવામાં આવેલ છે અને આ બુઝુર્ગોના ઉમદા ગુણો અને સુંદર સંસ્કાર તેમજ સુંદર દેખાવ અને સુંદર જીવન ચરિત્રની જો કે આમ પ્રસિદ્ધિ છે જેથી અમે તેને વિગતવાર રજૂ કરીને આ કિતાબને વજનદાર બનાવવા માગતા નથી, પરંતુ હઝરાત અંબિયાએ કિરામની તરફ કેટલાક અજ્ઞાની ઈહિતસકારો અને બેખબર મુફસ્સિરીને એવી વાતો પણ જોડી દીધી છે જે આ બુઝુર્ગોની શાનમાં કદાપી પણ યોગ્ય નથી[1]. તો આવી વાતોની તરફ મુસલમાનોએ કદાપી પણ ધ્યાન આપવું ન જોઈએ અને તેના પર કાન ન ધરવા જોઈએ.

*★જેવું કે મૌલ્વી કાસિમ નાનોત્વી (મૃત્યુ હિ.સ. ૧૨૯૭, ઈ.સ. ૧૮૮૦)એ તહઝીરુન્નાસ કિતાબમાં આ વિષય પર લખ્યું છે કે, ફખ્રે દો આલમ صلى الله عليه وسلم આખરી નબી નથી. એથી વધીને આપના જમાનામાં છ (૬) નબી આપના જેવા મૌજૂદ હતા અને આપના પછી જો હજારો નબી બીજા આવી જાય ત્યારે પણ 'ખાતમિયતે મુહમ્મદી'માં કોઈ ફર્ક આવશે નહીં. અને 'ખાતમિયત મરતબી'ના નામથી એક એવી ખાતમિયત ઉત્પન્ન કરી દીધી જેને સાંભળવાથી તેરસો વર્ષના મુસલમાનો અપરિચિત રહ્યા હતા અને સંપૂર્ણ ઈસ્લામી સાહિત્યમાં જેનું ક્યાંય પણ નામો નિશાન નથી.*

*એ જ પ્રમાણે મૌલવી રશીદ અહમદ ગંગોહી (મૃત્યુ : હિ.સ. ૧૩૨૩, ઈ.સ. ૧૯૦૫) અને મૌલ્વી ખલીલ અહમદ અંબેઠવી (મૃત્યુ : હિ.સ. ૧૩૪૨, ઈ.સ. ૧૯૨૭)એ પોતાના જમાનાની બદ્નામ કિતાબ 'બરાહીને કાતિઆ'માં જમીન પરનું વ્યાપક ઈલ્મ શયતાન અને મલકુલ મૌતના માટે કુર્આને કરીમની સ્પષ્ટ આયતોના અર્થ દ્વારા સાબિત માન્યું. અવલિયા અલ્લાહના માટે દિવ્યજ્ઞાન દ્વારા તેનું પ્રાપ્ત થવાનું સ્વીકાર્યું પરંતુ ફખ્રે દો આલમ صلى الله عليه وسلمના માટે સાબિત હોવાનું સ્વીકારવાને કમાલની બહાદુરીને પ્રદર્શિત કરતાં 'શિર્ક' ઠરાવી દીધું અને એ જુલ્મ કર્યો કે લખી દીધું ''આ શિર્ક નથી તો કયો ઈમાનનો ભાગ છે !'' મૌલ્વી અશ્રફઅલી થાનવી (મૃત્યુ : ઈ.સ. ૧૯૪૨, હિ.સ. ૧૩૨૨)એ હુઝૂર عليه السلامના ''ઈલ્મે ગયબ''ને બાળકો, પાગલો અને જાનવરોના ઈલ્મ જેવો બતાવ્યો છે. મૌલાના મવદૂદીએ 'તફહીમુલ કુર્આન'માં હઝરત આદમ عليه السلامઅને હઝરત યૂનુસ عليه السلامને ખુદાના 'બાગી' (બળવાખોર) બતાવ્યા અને હઝરત ઈબ્રાહીમ عليه السلامને 'શિર્ક'માં ફસાયેલા બતાવ્યા ! અલ્લાહ તઆલા દરેક મુસલમાનને આવા ગુમરાહોના દુષ્કૃત્યથી રક્ષિત રાખે. (આમીન)*

## હરેક મુસ્લિમે જાણવી જરૂરી હકીકત એટલે કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### નમાઝની બીજી શરત

### સતરે ઔરતનું બયાન

એટલે કે નમાઝી માટે ઓછામાં ઓછું કેટલું શરીર છુપાયેલું રહેવું જરૂરી છે.

**મસ્અલો** : મર્દ માટે દૂંટીથી લઈને ઘૂંટણની નીચે સુધી અવરત એટલે કે છુપાવવાની ચીજ છે. અર્થાત એટલું શરીર છુપાવવું ફર્ઝ છે. દૂંટીનું છુપાવવું ફર્ઝ નથી પરંતુ ઘૂંટણો છુપાવવા ફર્ઝ છે.

**મસ્અલો** : આઝાદ ઔરતો માટે મોં, હથેળીઓ અને પગનાં તળીયા સિવાય આખુ શરીર છુપાવવાની ચીજ છે. માથાના લટકેલા વાળ, ગરદન અને કાંડાનો ઉપરનો ભાગ પણ છુપાવવાની ચીજ છે. એને પણ છુપાવવા ફર્ઝ છે. (આઝાદનો મતલબ જે ગુલામ કે લોંડી ન હોય. આ કિતાબમાં જ્યાં જ્યાં પણ આઝાદ શબ્દ આવે છે તેનાથી મતલબ એ જ છે કે શરીઅતની રીતે ગુલામ, લોંડી ન હોય)

**મસ્અલો** : કોઈ સ્ત્રીએ એટલો બારિક (પાતળો) દુપટ્ટો, ઓઢણી ઓઢી કે જેનાથી વાળની કાળાશ માલમ પડે છે અને એનાથી નમાઝ પઢી તો નમાઝ થશે નહીં.

**મસ્અલો** : લોંડી માટે પેટ, પીઠ અને કરવટો અને દૂંટીથી ઘુંટણો સુધીનું શરીર અવરત એટલે છુપાવવાની ચીજ છે.

**મસ્અલો** : જે અવયવો છુપાવવાં ફર્ઝ છે તેમાંથી કોઈક અવયવ ચોથા ભાગ કરતાં ઓછો ખુલી ગયો તો નમાઝ થઈ જશે. જો ચોથા ભાગનો અવયવ ખુલી ગયો અને તરત જ ઢાંકી દીધું તો પણ નમાઝ થઈ ગઈ. અને જો એક રૂકન બરાબર એટલે કે ત્રણ વખત સુબ્હાનલ્લાહ બોલી શકાય એટલીવાર ખુલ્લો રહ્યો અથવા જાણી બુઝીને ખોલ્યો પછી તરત જ ઢાંકી દીધો તો પણ નમાઝ તૂટી ગઈ.

**મસ્અલો** : મર્દ માટે છુપાવવાના નવ અવયવો છે. મૂત્રનળી, મૂત્રાશયો, બંને થાપાં, બંને જાંઘો, દૂંટીથી લઈ પેઢાનો નીચેનો છેડો તથા એ જ મુજબ એટલો જ પાછલો ભાગ, મૂત્રાશય અને મળાશયની વચ્ચેની જગા, આ જે નવ જગ્યાઓ ગણાવી તે દરેક અલગ અલગ એક એક છુપાવવાની જગ્યા ગણાય છે. એમાંથી કોઈપણ એકનો ચોથો ભાગ (ચોથાઈ) કરતાં ઓછું ખુલ્લું થઈ ગયું તો નમાઝ થઈ ગઈ.

**મસ્અલો** : કેટલાક અવયવોમાં થોડું થોડું ખુલ્લું રહી ગયું કે એમાંનું દરેક તે અવયવના ચોથા ભાગ કરતાં ઓછું છે પરંતુ એ બધાંયનો સરવાળો (ટોટલ) કરતાં એ ખુલેલામાંના સૌથી નાના અવયવના ચોથા ભાગ જેટલું થઈ જાય છે તો નમાઝ ન થઈ. દા.ત. સ્ત્રીના કાનનો નવમો ભાગ અને પીંડીઓનો નવમો ભાગ ખુલ્લો રહી ગયો એનો સરવાળો (ભેગું કરતાં) કાનના ચોથા ભાગની બરાબર જરૂર થઈ જાય છે તો આ હાલતમાં નમાઝ નહીં થાય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : નમાઝ શરૂ કરતી વેળા જો કોઈ અવયવનો ચોથો ભાગ ખુલ્લો રહી ગયો એટલે કે એવી જ હાલતમાં 'અલ્લાહુ અકબર' કહ્યું તો નમાઝ થઈ ગણાશે નહીં. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : આઝાદ સ્ત્રીઓ માટે ઉપર વર્ણવેલા પાંચ અવયવો સિવાય આખું શરીર સતરે અવરત (છુપાવવાની ચીજ) છે જેમાં ૩૦ અવયવો સામેલ છે. એમાંથી જે પણ અવયવનો ચોથો ભાગ ખુલી જાય તો નમાઝનો તે જ હુકમ છે જે ઉપર બયાન થયો.

(૧) માથું એટલે કે ઉપરથી લઈને ગરદનની શરૂ સુધી. (૨) વાળ જે લટકતા હોય (૩, ૪) બંનેવ કાન

(૫) ગરદન (૬, ૭) બંને ખભા (૮, ૯) બંને બાવડાં કોણીઓ સાથે (૧૦, ૧૧) બંનેવ કોણીઓથી કાંડાની નીચે સુધીના હાથોનો ભાગ (૧૨) છાતી એટલે ગળાની નીચેથી બંને સ્તનોની નીચે સુધી (૧૩, ૧૪) બંનેવ હાથોની પીઠ (૧૫, ૧૬) બંને સ્તનો (૧૭) પેટ એટલે છાતીની ઉપર બતાવેલી હદથી દૂંટીની નીચેના કિનારા સુધી (દૂંટી પણ પેટમાં ગણાય છે.) (૧૮) પીઠ (બરડો) (છાતીની સામેથી કમર સુધીનો પાછલો ભાગ) (૧૯) બંને ખભાઓની વચ્ચે જે જગ્યા છે તે, બગલની નીચે છાતીની નીચલી હદ સુધી. (૨૦, ૨૧) બંને થાપાં (૨૨) પેશાબગાહ (૨૩) મળાશય (૨૪, ૨૫) બંને જાંઘો એટલે સાંધાથી લઈ ઘુંટણ સુધી (ઘુંટણ અલગ અવયવ નથી) (૨૬) પેઢું અને એના જેટલી જ પાછળની જગ્યા. (૨૭) બંને પીંડીઓ ઘુંટીઓ સાથે મળી (૨૯, ૩૦) બંનેવ તળવાં. કેટલાક ઉલમાએ કિરામે હાથની પીઠ (હથેળીનો પાછળનો ભાગ) અને તળવાને છુપાવવાની ચીજમાં ગણત્રી કરી નથી.

**મસ્અલો** : સ્ત્રીઓનો ચહેરો અવરત (છુપાવવાની ચીજ)માં ગણાતો નથી પરંતુ ગયર મહરમ સામે ખોલવો મના છે.

(સ્ત્રીનો મહરમ તે પુરૂષ ગણાય છે જેની સાથે નિકાહ હમેશાં હમેશાં માટે હરામ હોય છે. કદી પણ કોઈ સંજોગોમાં જાઈઝ થઈ શકતો નથી. આ હરામ હોવું ત્રણ પ્રકારની સગાઈના કારણે છે : જુઝઈયત, રઝાઅત, મસાહિરત. જુઝઈયત તે કે સ્ત્રી અને પુરૂષમાં તે સગાઈ હોય કે પુરૂષ ઔરતનો જુઝ (ભાગ) હોય (તેનું જ લોહી હોય) જેમ કે સ્ત્રીનો પોતાનો છોકરો, પૌત્ર, નવાસો, ભાણ્યો, ભત્રીજો હોય અથવા સ્ત્રીનું પુરૂષનું જુઝ (ભાગ) હોવું જેમ કે સ્ત્રીનો બાપ, દાદા, નાના, કાકા, મામા.

રઝાઅત (દૂધની સગાઈ) એ દા.ત. દૂધ શરીક ભાઈ–બહેન બાપ હોય.

મસાહિરત એ કે સસરો, જમાઈ હોય. ગયર મહરમ તે લોકો છે કે જેમનાથી આ ત્રણે સગાઈઓમાંથી કોઈ ન હોય જેમ કે દિયર, જેઠ, બનેવી, નણદોઈ, માસા, ફુવા, કાકા અને મામાના, માસીના, ફોઈના છોકરા વગેરે ગયર મહરમ (નામહરમ) છે **એમનાથી પર્દો કરવો વાજિબ** છે.)

**મસ્અલો** : જો કોઈ પુરૂષો પાસે સતર ઢાંકવા જેટલું જાઈઝ કપડું નથી અને રેશમી છે તો ફર્ઝ છે કે તેનાથી સતર ઢાંકે એમાં જ નમાઝ પઢે. પરંતુ જો બીજા કપડાં હોય તો પુરૂષ માટે રેશમી કપડાં પહેરવાં હરામ છે અને રેશમી કપડામાં નમાઝ મકરૂહે તહરીમી થાય છે.

**મસ્અલો** : નગ્ન માણસને ચટાઈ–સાદડી કે પાથરણું મળી જાય તો તેનાથી સતર છુપાવે, નગ્ન ન પઢે. એવી જ રીતે ઘાસ, પાંદડાં મળી જાય તો તેનાથી સતર કરી શકતો હોય તો તેનાથી કરે. *(આલમગીરી)*

**મસ્અલો** : કોઈની પાસે બિલકુલ કપડું ન હોય તો બેસીને નમાઝ પઢે. રુકૂઅ અને સિજદા ઈશારાથી કરે. રાત હોય કે દિવસ, ઘર હોય કે મેદાન. *(હિદાયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : અગર બીજા માણસ પાસે કપડું હોય અને એવો ખ્યાલ હોય કે માંગવાથી આપી દેશે તો માંગવું વાજિબ છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જો નાપાક કપડા સિવાય બીજું કપડું જ નથી અને એને પાક કરી શકાય તેવા કોઈ સંજોગો જ નથી તો નાપાક કપડાથી જ સતર છુપાવવું અને નગ્ન ન પઢવું. *(હિદાયા)*

**મસ્અલો** : જો પૂરા સતરને છુપાવવા જેટલું કપડું નથી પરંતુ એટલુ છે કે અમુક અવયવો છુપાવી શકાશે તો તેના વડે છુપાવવું વાજિબ છે અને એ કપડાથી આગળ પાછળનો ભાગ (પેશાબ, પાયખાનાની જગા) છુપાવવી, અને ફક્ત એક જ છુપાવાય તેટલું હોય તો એકને જ ઢાંકે.

**મસ્અલો** : જો ઉભા થઈ (સ્ત્રીએ) નમાઝ પઢવાથી ચોથા ભાગનું માથુ ખુલી જાય તેમ છે તો તેણીએ બેસીનું પઢવું. *(દુર્રે મુખ્તાર)*

# ઈલ્મે ગૈબે મુસ્તફા صلی اللہ علیہ وسلم વિશે....



રજૂકર્તા : અલી મુહમ્મદ
અહમદ બાબી-પોરબંદર

## હુઝૂર આ'લા હઝરતની ચેલેન્જ !!!

શહનશાહે ઈશ્કો મહોબ્બત, મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત અઝીમુલ બરકત, મૌલાના અલ્હાજ હાફિઝ કારી શાહ અહમદ રઝાખાન ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ હિજરી ૧૯૨૩માં બીજી હજ્જ અદા કરવા જ્યારે મક્કા મુઅઝ્ઝમા પહોંચ્યા ત્યારે આપને જાણ થઈ કે હિંદુસ્તાનથી વહાબીઓની જમાઅત તેના લીડર ખલીલ અહમદ અંબેઠવી સાથે અહીં આવેલ છે અને એ બદ્અકીદા લોકોએ હુઝૂર પાક صلی اللہ علیہ وسلمના ઈલ્મે ગૈબના બારામાં પોતાના નાપાક અને બાતિલ અકીદાઓને લગતા સવાલો મક્કાના ગવર્નર શરીફઅલી પાશાના દરબારમાં મોકલેલા છે.

મક્કા મોઅઝ્ઝમાના ભૂતપૂર્વ કાઝી મૌલાના સાલેહ કમાલ સાહબ આ'લા હઝરત رحمۃ اللہ علیہને મળ્યા અને હુઝૂરે પાક صلی اللہ علیہ وسلمના ઈલ્મે ગૈબ વિશે વહાબીઓએ જે જે સવાલો શરીફે મક્કાના દરબારમાં રજૂ કર્યા હતા તેના જવાબો માત્ર બે દિવસમાં લખી આપવા વિનંતિ કરી. આ'લા હઝરતે તેમની માંગણીને માન્ય રાખી, જવાબો લખી આપવાનું મંજૂર કરી લીધું.

મૌલા તઆલાની શાન કે બીજા દિવસથી જ આપને જોરદાર તાવ આવ્યો. ઈશાની નમાઝ બાદ સખ્ત તાવની હાલતમાં આપ જવાબ લખવા બેસી ગયા અને આશ્ચર્ય એ કે એ સમયે આપની પાસે હવાલો કે આધાર માટે એક પણ કિતાબ હાજર ન હતી. પરંતુ સવાર પહેલાં જ આશિકે રસૂલ આ'લા હઝરતે ઈલ્મે ગૈબના બારામાં વહાબીઓએ જે પણ સવાલો કર્યા હતા તેના જવાબરૂપે ૪૦૦ જેટલા પૃષ્ઠો લખી આપ્યાં અને તે પણ અરબી ભાષામાં ! અર્થાત ૪૦૦ પેજની અરબીમાં પૂરી કિતાબ લખી જેનું નામ છે 'અદ્દૌલતુલ મક્કિયહ્.'

વાસ્તવમાં 'અદ્દૌલતુલ મક્કિયહ્' કિતાબને આ'લા હઝરતની કરામત કહી શકાય. કેમ કે સખ્ત તાવમાં, અન્ય કોઈપણ કિતાબની મદદ વગર માત્ર સાડ આઠ કલાક જેવા ટૂંકા સમયમાં ૪૦૦ પેઈજ અરબીમાં લખવા ખરેખર અશક્ય છે. આ ઉપરાંત સાથે સાથે આપે અહાદીષે નબવીની અસલ ઈબારતો, કુર્આન શરીફની તફસીરોના હવાલા, ફિક્હ અને અઈમ્મએ કિરામના ઈર્શાદો તથા હવાલા માટે કિતાબોના નામ તેના પેજ નંબર સહિત લખીને આપ્યા.

'અદ્દૌલતુલ મક્કિયહ્' કિતાબનું વાંચન જ્યારે શાહી દરબારમાં શાહે હિજાઝ, ઓલમાએ કિરામ તથા વહાબીઓની ટોળીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. જેમ જેમ વાંચન થતું ગયું તેમ શરીફ પાશા ગવર્નર ઝુમવા લાગ્યા અને પોકારી ઉઠયા કે, "અલ્લાહુ યુઅ્તી–વ હા ઉલાઈ યમઉના" અર્થાત : ખુદા તઆલા તેના હબીબે પાક صلی اللہ علیہ وسلمને ઈલ્મે ગૈબ અતા કરે છે અને આ વહાબીઓ તેનો ઈન્કાર કરે છે !

ઉપરાંત મક્કા મોઅઝ્ઝમાના ટોચના ઓલમાએ કિતાબ 'અદ્દૌલતુલ મક્કિયહ્'ના સમર્થનમાં પોતાની સહીઓ કરી આપી અને આ'લા હઝરતને ફખ્રે અકાબિર, આફતાબે મારેફતના નૂર, ઓલમાએ મોહક્કિકીનના બાદશાહ, ઈલ્મના પહાડ, શરીઅતના મીનારાઓના રક્ષક, કષીરુલ ફહમ જેવા અનેક ઈલ્કાબ અને ખિતાબોથી નવાઝીને આપને પોતાના પેશ્વા માની આપને ખૂબ ખૂબ માન અને ઈજ્જતથી નવાઝયા.

ઉપરોક્ત કિતાબની કામ્યાબી અને ઓલમાએ મક્કા મોઅઝ્ઝમાની આ'લા હઝરત પ્રત્યેની નવાઝિશ

જોઈને વહાબીઓ એવા તો ભોંઠા પડયા કે એમનો લીડર મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી રાતો રાત જિદ્દા પોબારા ભણી ગયો ! આ વાતને ૧૦૫ વર્ષ જેટલો સમય થઈ ગયો પણ હજુ સુધી 'અદ્દૌલતુલ મક્કિયહ્' કિતાબનો જવાબ વહાબીઓએ લખવાની હિંમત નથી કરી. એ ઉપરાંત આ કિતાબમાં ઈલ્મે ગૈબે મુસ્તફાના સુબૂતમાં જે અસંખ્ય હવાલાઓ આપવામાં આવેલ છે એમાં પણ કોઈપણ જાતની ભૂલ બતાવી શક્યા નથી અને કયામત સુધી બતાવી પણ નહીં શકે.

ઉપરોક્ત વિગત વાંચ્યા બાદ 'બરકાતે ખ્વાજા' (માસિક)ના તમામ સુન્ની વાંચકોને એક અગત્યની માહિતી આપી રહ્યો છું ઉમ્મીદ છે જરૂર ગમશે. આ'લા હઝરત ઈલ્મે ગૈબે–મુસ્તફા બારામાં કિતાબ 'અદ્દૌલતુલ મક્કિયહ્' સંપૂર્ણ લખીને શરીફે મક્કાને મોકલી ત્યારે આ કિતાબની સાથે એક પત્ર પણ લખેલો જે એક ઐતિહાસિક પત્ર છે. આ પત્રના એક એક શબ્દમાં આ'લા હઝરતની નીડરતા, હક્કગોઈ તથા ઈશ્કે મુસ્તફા સાફ સાફ જાહેર થઈ રહ્યાં છે. આ પત્ર માહનામા જહાંને રઝા–ઉર્દૂ (લાહોર) સપ્ટે. ૦૭ના અંકમાંથી સાભાર લીધેલો છે. પત્ર અક્ષરસઃ નીચે મુજબ છે :–

ઈઝ્ઝત મઆબ શરીફ અલી પાશા–ગવર્નર મક્કા મુકર્રમા (અઝ–મક્કા મુકર્રમા) હિ.સ. ૧૩૨૩, ઈ.સ. ૧૯૦૫

''સવાલ કા જવાબ મુખ્તસરન લિખ કર હાઝિર કિયા જાતા હે. લેકિન ! રસૂલે અકરમ ﷺકી વુસઅત કા મયદાન ઈતના વસીઅ હૈ કિ મખ્લૂક સે ઉસ્કી વુસઅત કા અંદાઝા નહીં હો સકતા. સિર્ફ ખાલિક હી જાનતા હૈ કિ ઉસકે મહબૂબ કે ઈલ્મ કા મેદાન કિત્ના વસીઅ હય. મેરી યહ કિતાબ મઝહબે અહલે સુન્નત વ જમાઅત કે મુઆફિક હૈ. ઈસ વક્ત મક્કા મુકર્રમા ઉલમાએ હક્કસે ભરા હૂઆ હૈ. હર મુલ્ક સે ઉલમાએ કિરામ આયે હૂએ હૈં. ઉન સબકો એક જગહ જમા કરકે મેરી કિતાબ સુનાઈ જાએ. અગર ઉલમાએ હક્ક ઈસ કિતાબ કો મઝહબે એહલે સુન્નત કે મુઆફિક કરાર દેં તો ચશ્મે મા રોશન, દિલ મા શાદ. અગર કોઈ શખ્સ યે કહે કે ફુલાં મસ્અલા ગલત હૈ, તો મેં ઉસકે સાથ ગુફતગૂ કરને કે લિએ તૈયાર હૂં.

*–ફકીર અહમદ રઝા કાદરી ઉફિયા અન્હૂ*

અંતમાં ઉપરોક્ત જાણકારી બાદ એ સાબિત થાય છે કે 'મુજદ્દિદ'ને માટે ઈસ્લામી તા'લીમાતનું જ્ઞાન એટલી હદે હોવું જરૂરી છે કે પૂરી દુનિયાના મોટામાં મોટા આલિમો પણ તેના ઈલ્મ, ફઝ્લ અને કમાલની સામે પોતાની ગરદનો ઝુકાવી દે અને તેને પોતાનો પેશ્વા અને રેહબર માને. જે મુજબ જોતાં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના ઈલ્મ, દીની ખિદમતો તથા ફઝ્લો કમાલની ચર્ચા કોઈ એક જ શહેર, જિલ્લા, રાજ્ય, દેશ કે એક જ ખંડના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં આપની ખ્યાતિ ફેલાઈ ગઈ છે.

**મુલ્કે સુખન કી શાહી તુમ કો "રઝા" મુસલ્લમ**
**જિસ સમ્ત આ ગએ હો, સિક્કે બિઠા દિએ હંય**

## કોઈ તારીખ કે દિવસ મનહૂસ નથી જ !

**મસ્અલા** : સફર મહિનાને લોકો મનહૂસ સમજે છે. એમાં શાદી, વિવાહ નથી કરતા. છોકરીઓને વળાવતા નથી અને આવા ઘણા પ્રકારનાં કામોથી પરહેઝ કરે છે અને મુસાફરી કરવાથી પાછા પડે છે. ખાસ કરીને સફર મહિનાની શરૂઆતની ૧૩ તારીખોને વધારે પડતી નહૂસત માનવામાં આવે છે અને એને તેરહ તેજી (૧૩ તેજી) કહે છે. આ બધી જહાલતની વાતો છે. હદીષમાં ફર્માવ્યું છે કે સફર કોઈ ચીજ નથી અર્થાત લોકોએ એને (સફર માસને) મનહૂસ સમજવો ગલત છે. એ રીતે ઝી કઅ્દાના મહિનાને પણ લોકો ખરાબ સમજે છે અને એને ખાલી મહિનો કહે છે. એ પણ ખોટું છે અને દર મહીનાની ૩, ૧૩, ૨૩, ૮, ૧૮, ૨૮ને મનહૂસ સમજે છે એ પણ (ખોટી વાતો) જૂઠ્ઠ છે. *(બહાર)*

**મસ્અલા** : નજૂમીઓની એવી વાતો જેમાં સિતારાઓની તાસીર બતાવવામાં આવે છે કે ફલાણો સિતારો ઉગશે તો ફલાણું બનશે, **એ પણ શરીઅતની ખિલાફ છે.** એ રીતે નક્ષત્રોનો હિસાબ જેમ કે ફલાણા નક્ષત્રથી વરસાદ થશે એ પણ ખોટું છે. **હદીષમાં આ બાબત પર સખ્તીથી ઈન્કાર ફર્માવ્યો છે.** *–(હવાલો : કાનૂને શરીઅત, ભાગ–૨)*

## હરામ કામો તથા ફુઝૂલ ખર્ચાઓનો સમૂહ



## એટલે ક્રિકેટ !!

---:: કાર્યાલય ::----

ઘણા જ આશ્ચર્ય તથા અફસોસની વાત છે કે મુસલમાને ઘણા ગુનાહોને એવી રીતે ગળે લગાડી લીધા છે કે જાણે તેના જીવનનું તે એક અંગ બની ચૂકેલ છે ! જેમ કે ઘરોમાં **ટી.વી. દર્શન** તથા મુસ્લિમ **સ્ત્રીઓની આમ બેપર્દગી તથા ફેશનપરસ્તી** કે જાણે એને ગુનોહ પણ પણ ગણવામાં નથી આવતું ! એવી જ **એક ખરાબ ચીજ ક્રિકેટ જોવાનો ચસ્કો** છે, કે જેની પાછળ કરોડોની ફુઝૂલ ખર્ચી ઉપરાંત અસંખ્ય હરામ કાર્યો થતાં આપણે જોઈ રહ્યા છીએ, છતાં આ **આપણી ઈસ્લામથી બેપરવાઈ તથા ગફલત** છે કે આપણે **ક્રિકેટની મેચો જોવા પાછળ ગાંડા ગાંડા** થઈ જઈએ છીએ, મુસલમાન પુરૂષો, સ્ત્રીઓ, બાળકો, ઘરડાં, યુવાન બલ્કે કેટલાક કહેવાતા મોલ્વીઓ અને હાફેઝો પણ ક્રિકેટના દીવાના હોય છે ! અફસોસ ! અફસોસ !

સૌ ઉમ્મતોમાં **"બેહતરીન ઉમ્મત"**નો તાજ પામનાર આ ઉમ્મત તેની ફરજ કે, **"સારી વાતોનો હુકમ આપવો અને બુરી વાતોથી રોકવું"** એ તો ભૂલી જ ગઈ એટલું જ નહીં પણ પોતે જ "બુરી વાતોમાં" સપડાઈ ગઈ ! ક્રિકેટની પાછળ દીવાના થવામાં નમાઝોનીય પરવા નથી અને શરીઅતના ક઼ાનૂનનો પણ કોઈ લેહાજ નથી. અતિશય ગંદામાં ગંદી નગ્નતા ભરી જાહેરાતોની ભીડભાડ, સ્ટેડિયમમાં મેચ જોવા આવતી બેહયા સ્ત્રીઓનાં ટી.વી. પર આવતાં દશ્યો અને ગૈર મેહરમ કાફિર, ફાસિક઼ ખેલાડીઓને જોવાની મજા સૌ માણી રહ્યાં છે ! કોણ કોણ ?! યુવાન યુવાન છોકરાઓ છોકરીઓ સાથે ભેગાં મળીને તથા સસરા–વહુ, દિયર–ભાભી સૌ ક્રિકેટની મજા માણી રહ્યાં છે ! અલ્લાહની પનાહ !

આવો ! એ ક્રિકેટ પાછળ કેટલી ખરાબીઓ થાય છે તેનો અભ્યાસ કરો ! :–

### ક્રિકેટમાં થતી અધધ.... ફુઝૂલ ખર્ચી

- ☞ દુનિયામાં ક્રિકેટ પર દર વર્ષે ૮૦ અબજ ડોલર ખર્ચ થાય છે.
- ☞ સાલમાં બાર લાખ કલાક રમત ટેલીવીઝન પર દેખાડવામાં આવે છે.
- ☞ ૧૭ કરોડ લોકો દુનિયામાં ક્રિકેટ રમી રહ્યા છે.
- ☞ દુનિયામાં ક્રિકેટ ઈન્ડ્રસ્ટીની મિલ્કત ઘઉંના બજેટના જેટલી છે.
- ☞ એક વર્લ્ડ કપ પર ખર્ચ થનારી દૌલત જો બીમારો પર ખર્ચ કરવામાં આવે તો દુનિયામાં સર્વ બીમારોને ડોકટર, નર્સ અને દવાનો મફત મળી શકે છે.
- ☞ એક વર્લ્ડ કપના ખર્ચથી અરબના રણને ખેતિના લાયક બનાવી શકાય છે.
- ☞ એક વર્લ્ડ કપમાં જેટલી રકમ પીણાઓ, બર્ગરો, હોટલો પર ખર્ચ થાય છે એ રકમથી ચાલીસ કેન્સરની હોસ્પિટલો બનાવી શકાય છે. દુનિયાના ૧/૩ ભૂખ્યાઓને એક મહિનાનો ખોરાક આપી શકાય છે. શિયાળામાં દુનિયાના અડધા ગરીબોને સ્વેટર આપી શકાય છે. પાકિસ્તાન જેવા ચાર દેશોનાં કર્ઝો અદા થઈ શકે છે.

☞ વર્લ્ડ કપ પર જેટલી વીજળી ખર્ચ થાય છે તે ચીન જેવા દેશની છ માસની જરૂરત પૂર્ણ કરી શકે છે.

☞ વર્લ્ડ કપના પ્રસંગે જેટલી શરાબ પીવામાં આવે છે તે આખુ બ્રિટન મળીને પૂરા વરસમાં નથી પીતો.

☞ વર્લ્ડ કપથી સામાન્ય નાગરિકોનો જેટલો સમય વ્યય થાય છે. જો અડધી દુનિયા પૂરો મહિનો છૂટ્ટીઓ પાડે તો પણ એટલો સમય વેડફાશે નહીં. *(હવાલો : મુસ્લિમ ટાઈમ્સ, અઠવાડિક ઉર્દૂ, મુંબઈ ૧૭ થી ૨૩ ડિસે. ૦૭)*

## મુસલમાન જરાક વિચારશે ?!

જરા બતાવો ! શું આ ફુઝૂલખર્ચી નથી ?! અને શું **"ફુઝૂલખર્ચી કરનારાઓ"**ને અલ્લાહ તઆલાએ **"શૈતાનના ભાઈ"** નથી કહ્યા ?! اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْا اِخْوَانَ الشَّيٰطِيْنِ ખૂદ કુર્આનમાં મૌજૂદ નથી ? તો પછી આવા પ્રકારના ખેલોમાં કોઈ મુસલમાનનું દિલચસ્પી લેવું, શરતો લગાડવી, સટ્ટો ખેલવો, રમતવીરની પ્રશંસા કરવી, એવી રમત જોવી અને એમાં પોતાનો સમય તથા રૂપિયા બર્બાદ કરવા શું કોઈ મુસલમાનને શોભે છે ? એના માટે જાઈઝ છે ?!

હે મુસલમાનો ! જરાક તો વિચારો ! તમારા ઘરમાં મૈયત પડયું હોય અને તમે મજા માણવામાં રહો ખરા ! તો શું દુનિયામાં રોજ બ રોજ મુસ્લિમોની કત્લેઆમ થઈ રહી છે, પેલેસ્ટાઈન, ઈરાક, અફઘાનિસ્તાન, પાકિસ્તાનમાં કોઈ કીડા મકોડા મરે છે કે તમને એનો જરાય રંજ નથી અને તમે ફિલ્મો, ડ્રામાઓ, ડાન્સના પ્રોગ્રામો અને ક્રિકેટની મેચોની મજા માણવામાં ડૂબી ગયા છો ! **મો'મિન તો એ છે કે દુનિયાના કોઈ ખૂણે મુસલમાનને તકલીફ પહોંચે તો તેને દિલમાં પીડા થવી જોઈએ, કાંઈ ન કરી શકે તો તેમના માટે દુઆ તો કરી શકે છે !** તેના બદલે હે મુસલમાન ! તું મસ્તીમાં જીવી રહ્યો છે ! અફસોસ છે તારી જિંદગી પર ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદ્કામાં મુસલમાનોને ઈસ્લામની તથા શરીઅતની કદર કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

પેજ નં. ૧૩ નું ચાલુ....

બહારથી હરમનો ઈરાદે આવનાર જ્યારે પહોંચે તો તેને હુકમ છે કે એહરામ બાંધ્યા વિના આગળ ન વધે. વિવિધ દિશાઓ માટે વિવિધ મીકાતના સ્થળો છે. મદીનાવાસીઓ તથા એ તરફવાળાઓ માટે 'ઝુલ હલીફા' મીકાતનું સ્થળ છે. ઈરાકવાસીઓ તથા એ તરફના લોકો માટે 'ઝાતે અરક' તથા સીરિયા તથા એ બાજુવાળા લોકો માટે 'હજફા' તથા નજ્દવાળાઓ માટે 'કરન' તેમજ યમનવાળાઓ તથા એ બાજુના લોકો માટે 'યલમલમ', પાકિસ્તાનના હાજી જેઓ દરિયાઈ માર્ગે જાય છે એમનું મીકાત પણ 'યલમલમ' છે. જ્યારે એમનું જહાઝ અહમર દ્વિપમાં પ્રવેશે અને 'યલમલમ'ના સામેથી પસાર થાય તો ત્યાં તે હાજીઓએ એહરામ બાંધવાનો હોય છે.

**૨૪૩.** એટલે કે શવ્વાલ, ઝી કઅદા અને ઝીલ હજ્જના દસ દિવસ.

**૨૪૪.** رفث સર્વ ગુનાહો નાના મોટા, જાહેર છુપા. جدال ઝઘડો. એ સર્વ ચીજોથી રોકી દેવામાં આવ્યા જેથી હક્કનો મૂળભૂત હેતુ એટલે નફ્સની તર્બિયત વેડફાઈ ન જાય.

**૨૪૫.** એટલે કે જે નેક કામ તમે કરો છો જેને કોઈ અન્ય નથી જોતું અથવા જે ઉશ્કેરાયેલા જઝબાતને તમે સખતીથી રોકી રાખેલ છે એનો અંદાજો અન્ય લોકો નથી કરી શકતા. અલ્લાહ તઆલા તમારા દરેક અમલને જોઈ રહ્યો છે અને પોતાના નફ્સ સાથે તમારી ખેંચતાણની સ્થિતિને પણ સારી રીતે જાણે છે, એ જરૂર તમને એનો મહાન બદલો આપશે.

# સઉદીમાં ઝિલ હજ્જના ૩૧ દિવસો થયા !

# શું ઈસ્લામી મહિનો ૩૧ દિવસનો હોઈ શકે છે ?!

E-mail : મુહમ્મદ અમીન નૂરી, પ્રે. મદીના દરવેશ મસ્જિદ, મેંગ્લોર | **અનુવાદક** : ઈસ્માઈલ વલી સાલેહ–દયાદરા

સઉદી પ્રેસ એજન્સી વેબ સાઈટ જોતાં એ સ્પષ્ટ થાય છે કે સઉદી અરબિયામાં નવ જાન્યુ. ૨૦૦૮ના રોજ ઝિલ હજ્જ મહિનાનો અંત સૂચવે છે. એટલે કે એમની ગણત્રી પ્રમાણે ઈસ્લામી **ઝિલ હજ્જ મહિનો પૂરા ૩૧ દિવસનો થયો.** જેના પુરાવા નીચે મુજબ છે.

## સઉદી પ્રેસ એજન્સી SPAની વિગત

સઉદી પ્રેસ એજન્સી SPAની સ્થાપ્ના હિ.સ. ૧૩૯૦ ઈ.સ. ૧૯૭૧માં માહિતી પ્રસારણ વિભાગની એક શાખા તરીકે થઈ જેમાં આશરે ૫૦૦ માણસો કાર્યરત છે. અને તેનું સંચાલન પ્રત્યક્ષરૂપે માહિતિખાતા સાથે સંકળાયેલ ડાયરેક્ટર જનરલ કરે છે. SPAના ત્રણ મુખ્ય વિભાગો છે.

Visit : http://www.spa.gov.sa/details.php?id=510455 : આપ જોશો કે ૧૮ ડિસેમ્બરના રોજ અરબી ભાષામાં ૯ ઝિલ હજ્જ બતાવેલ છે. જેનો અર્થ એ થાય કે ૧૦ ડિસે. ૨૦૦૭ના રોજ ઝિલ હજ્જનો પ્રથમ દિવસ હતો. સઉદી અરબમાં ચાંદ જોયાની જાહેરાત ૯ ડિસેમ્બરે કરવામાં આવી હતી જેનો અર્થ એ થયો કે ૧૦ ડિસેમ્બર ૨૦૦૭ના દિવસે ઝિલ હજ્જનો પ્રથમ દિવસ હતો.

Visit : http://www.spa.gov.sa/details.php?id=510755 : તમે જોશો કે અરબી ભાષામાં ૧૯ ડિસેમ્બરના રોજ ૧૦ ઝિલ હજ્જ બતાવેલ છે.

Visit : http://www.spa.gov.sa/details.php?id=511871 : તમે નોંધ લઈ શકશો કે ૨૪ ડિસેમ્બરના રોજ અરબી ભાષામાં હિજરી તારીખ ઝિલ હજ્જ ૧૫ દર્શાવેલ છે.

Visit : http://www.spa.gov.sa/details.php?id=512856 : આપ જોઈ શકશો કે ૨૮ ડિસેમ્બરના રોજ અરબી ભાષામાં સંબંધિત હિજરી તારીખ **૧૯ ઝિલ હજ્જ** દર્શાવેલ છે.

Visit : http://www.spa.gov.sa/details.php?id=513003 : આપ જોઈ શકશો કે ૨૯ ડિસેમ્બરના રોજ અરબી ભાષામાં **૧૯ ઝિલ હજ્જ** બતાવેલ છે. (જ્યારે કે ૨૮ ડિસેમ્બરના રોજ પણ ૧૯ ઝિલ હજ્જ બતાવેલ છે. અંગ્રેજી તારીખ બદલાય પણ તે સાથે હિજરી તારીખ ન બદલાય એ કઈ રીતે બની શકે ?!) શું આ કુર્આનનો હુકમ હતો કે ૧૯ ઝિલ હજ્જ બે દિવસ માટે રહેવી જોઈએ ? શું આ બિદઅત નથી ?!

Visit : http://www.spa.gov.sa/details.php?id=515740 : આપ જોશો કે અરબી ભાષામાં ૮ જાન્યુ. ૨૦૦૮ના સમાચારમાં મુસલમાની ચાંદ ૨૯ ઝિલ હજ્જ ૯ જાન્યુ. ૨૦૦૮ના દર્શાવેલ છે. પરંતુ ઝિલ હજ્જનો આરંભ ૧૦ ડિસે. ૨૦૦૭ના થયેલ તેના હિસાબે એ દિવસે ૩૦ ઝિલ હજ્જ પૂરા થવા જોઈએ. પૂરી દુનિયા જાણે છે કે ૧૮ ડિસે. ૦૭ મંગળવારના રોજ હજ્જ અદા કરવામાં આવી હતી. અને ૮ જાન્યુ. ૨૦૦૮ના હિસાબે પણ તે ઝિલ હજ્જનો ૩૦ મો જ ચાંદ હોવો જોઈએ.

Visit : http://www.spa.gov.sa/details.php?id=516129 : હવે આપ જોઈ શકશો ૯ જાન્યુ. ૨૦૦૮ના દિવસે ૩૦ ઝિલ હજ્જ

બતાવેલ છે. જ્યારે કે તે ખરેખર મોહર્રમનો પ્રથમ ચાંદ ઝિલ હજ્જના આરંભ અને હજ્જની અદાયગીનો દિવસ જોતાં હોવો જોઈએ. પરંતુ **ઝિલ હજ્જના ૩૧ દિવસની જાહેરાત કરી અને તેને પણ એક મામૂલી ભૂલમાં ખપાવી દીધું !**

Visit : http://www.spa.gov.sa/details.php?id=516179 : કેટલાક સમાચારોમાં સઊદી પ્રેસે ૯ જાન્યુ. ૨૦૦૮ના રોજ ૩૧ ઝિલ હજ્જ બતાવેલ છે !!!

Visit : http://www.spa.gov.sa/details.php?id=516299 : આપ જોશો કે ૧૦ જાન્યુ. ૨૦૦૮ પ્રમાણે મોહરમનો પ્રથમ ચાંદ બતાવેલ છે.

ખરેખર તો સઊદી અરબિયામાં ૧૦ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ ઝિલ હજ્જનો પ્રથમ ચાંદ અને ઈદ (૧૦ ઝિલ હજ્જ) ૧૯ ડિસેમ્બર ૨૦૦૭ના રોજ હતી. પરંતુ ઝિલ હજ્જના ૩૦ મા ચાંદ મુતાબિક ૮ જાન્યુ. ૨૦૦૭ના દિવસે હોવી જોઈતી હતી, તેમ છતાં પણ જો સઊદી અરબિયા ૩૦ ચાંદ ગણે છે તો પણ ૯ જાન્યુ. ૨૦૦૮ના દિવસે મુહર્રમનો પ્રથમ ચાંદ હોવો જોઈએ પરંતુ સઊદી પ્રેસ ૧૦ જાન્યુ.ના દિવસે પ્રથમ મુહર્રમનો ચાંદ બતાવે છે. જેનો અર્થ સાફ થાય છે કે **ઝિલ હજ્જનો મુસલમાની મહિનો ૩૧ દિવસનો થયો.....!** ઈસ્લામિક કેલેન્ડર પ્રમાણે કોઈ મહિનો ૩૧ દિવસનો હોય શકે ખરો ?! કે પછી ઝિલ હજ્જનો આરંભ જ ગલત દિવસે થયો હતો તે માટે એક માનવિય ગોઠવણ હતી ? હા ! સાચે જ ઝિલ હજ્જનો ચાંદ દેખાયો તેના બે દિવસ અગાઉ જાહેર કરી દેવામાં આવેલ હતો જેના પુરાવા (ખગોળ શાસ્ત્ર)ની રૂએ નીચે મુજબ છે :–

હવે તકવીમ અને ખગોળશાસ્ત્રીઓની દષ્ટિએ મક્કા શરીફમાં ૯ ડિસે. ૨૦૦૭ના રોજ સૂર્ય આથમવાનો સમય ૧૭ કલાક ૩૮ મિનિટ ૧૫ સેકન્ડ હતો જ્યારે કે ચાંદના આથમવાનો સમય ૧૭ કલાક ૧૬ મિનિટ અને ૨૧ સેકન્ડ હતો. ચંદ્ર આથમવાનો સમય સૂર્ય આથમવાના કરતાં ૨૧ મિનિટ વહેલો હતો. આ મુજબ છ અધિકૃત હિલાલ કમિટી તથા ફિઝિક્સ અને સ્પેસ રિસર્ચ વિભાગે ચાંદ ન દેખાયો હોવાની જાહેરાત કરી હતી. પરંતુ સઊદી ગવર્નમેન્ટે મનઘડત નિર્ણય લઈને ૨૯નો ચાંદ જાહેર કરી દીધો. જ્યારે કે તેના બીજા દિવસે ૧૦ ડિસે. ૨૦૦૭ના દિવસે પણ સૂર્યાસ્તના સમયે મક્કા શરીફની ધરાની માત્ર ૫ ડિગ્રી ઉંચાઈ પર હતો. આ પરિસ્થિતિને ડેનજોન લિમિટ કહેવામાં આવે છે. અને આ ચાંદ નરી આંખે કે દુરબીનથી પણ જોઈ શકાતો નથી. એનો અર્થ એ થયો કે પૂરા ગલ્ફ વિસ્તારમાં ૧૧ ડિસે. ના રોજ જ ચાંદ થયો હતો. એનો પુરાવો એ છે કે ઉત્તર અમેરિકા જે સઊદી અરબિયાથી પશ્ચિમમાં ઘણુ જ દૂર આવેલું છે. ત્યાં ચાંદ ૧૧ ડિસે. ૨૦૦૭ના રોજ દેખાયો અને તે મુજબ ત્યાં એટલે કે નોર્થ અમેરિકામાં પણ ૨૧ ડિસે.ના રોજ ઈદ મનાવવામાં આવી. આ એક મજબૂત પુરાવો છે કે ઝિલ હજ્જની શરૂઆત અને હજ્જની અદાયગીનો દિવસ બંને ગલત હતા અને તેથી કોઈપણ જાતના ઉહાપોહ વિના ચુપકીદીથી ૨૯ ડિસે. ૨૦૦૭ના રોજ ચાંદનો એક દિવસ પાછળ કરી દેવામાં આવ્યો.

હજુ પણ SPAમાં ઉપરોક્ત ગોઠવણ મુજબ ચાંદની ગણતરી ચાલુ રહેલ છે. સઊદીનું આંધળુ અનુકરણ કરનારાઓ અને તેમને હક્ક પર માનનારાઓ માટે આ ચિંતન તથા વિચારવાની એક તક છે અને વિશ્વના મુસ્લિમો પણ સઊદી ગવર્નમેન્ટ પાસે આનો જવાબ માંગે, કારણ કે તેમની જાહેરાત પર જ હજ્જ જેવી મહત્વની ઈબાદતના દિવસ પણ નિશ્ચિત થાય છે. માટે આ વિષયે ગંભીરતાથી પગલાં લેવામાં જરૂરી બને છે.

# હઝરત શાહ વજીહુદ્દીન અલ્વીની رحمۃ اللہ علیہ જીવન ઝરમરની એક ઝલક !

બઝમે ઔલિયા

રજૂકર્તા : **મૌલાના સરફરાઝ મિસ્બાહી કુરચણવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ)*

ભારતની ધરતી પર હઝરાત સૂફિયાએ કિરામની પાક જાતોથી ઈસ્લામને જેટલો ફાયદો પહોંચ્યો છે એટલો મુસ્લિમ રાજાઓથી પણ નથી પહોંચ્યો. આ રાજાઓ ખાસ સમય સુધી સત્તાની ખુરશી પર રહેતા અને માત્ર પોતાના શાસનને વધારે પ્રગતિશીલ અને મજબૂત બનાવવાની ફિક્રમાં રહેતા. પરંતુ અલ્લાહ ﷻના નેક બંદાઓ જેમને સાદા શબ્દોમાં સૂફિયાએ કિરામથી યાદ કરવામાં આવે છે તેઓ ઈસ્લામ ધર્મની તબ્લીગ અને તેના ફેલાવામાં રાત અને દિવસ મશગૂલ રહેતા અને આ મિશનને ઉન્નતિ આપવામાં જરા પણ આળસ કરતા ન હતા. તે જ સૂફિયાએ કિરામમાંથી હઝરત ઉસ્તાઝુલ હિંદ સૈયદ શાહ વજીહુદ્દીન અલ્વી શત્તારીનું નામ સુવર્ણ શબ્દોમાં જોવા મળે છે. આપના વંશજોમાંથી સૈયદ બહાઉદ્દીન મક્કી અરબસ્તાનથી હિંદુસ્તાન આવ્યા અને મુહંમદાબાદ (ચંપાનેર)માં રહેવાનુ નક્કી કર્યુ. ગુજરાતનો રાજા તેમના ઈલ્મ અને ફઝલથી ઘણો પ્રભાવિત થયો અને આપની ઘણી સહાયતા કરી. આપે ગુજરાતમાં જ શાદી કરી અને ઔલાદ થઈ અને વફાત સુધી ચંપાનેરમાં જ રહ્યા. આપની ઔલાદમાંથી સૈયદ ઈમાદુદ્દીનને સુલ્તાને કસ્બા પાતરી જિલ્લા બેરગામના ન્યાયાધીશ બનાવ્યાં અને સૈયદ ઈમાદુદ્દીનના પુત્ર સૈયદ નસરુલ્લાહ હઝરત સૈયદ શૈખ વજીહુદ્દીન અલ્વીના પિતા હતાં. આપનાં માતાનુ નામ 'બુજી' હતું જે શાહ શિહાબુદ્દીનની પુત્રી હતાં.

**જન્મ** : સૈયદ શૈખ વજીહુદ્દીન અલ્વી ચંપાનેરમાં મોહર્રમ હિજરી ૯૧૧માં પેદા થયા જેવી રીતે કે તઝકિરએ ઓલ્માએ હિંદના લેખકનો ખયાલ છે. પરંતુ મિરાતે અહમદીમાં તેમના જન્મ વર્ષની તારીખને શબ્દ શેખથી કાઢવામાં આવી છે જેના અનુસાર હિજરી ૯૧૦માં જન્મ વર્ષ નીકળે છે. સૈયદ શૈખ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہએ સાત વયની ઉમરમાં કુર્આન શરીફ કંઠસ્થ કરી લીધું અને ૨૪ વરસની ઉંમરમાં જાહિરી અને બાતિની ઈલ્મ પ્રાપ્ત કરી ફારિગ થઈ ગયા અને હિજરી ૯૩૪માં મદરસા આલિયહ્ અલવિય્યહ્ નામનો મદરસો કાયમ કર્યો જેમાં પોતાની વફાત સુધી કાયમ રહ્યા. આપને **ઉસ્તાઝુલ અસાતેઝા** અને **મલિકુલ મોહદ્દિષીન**ના નામથી યાદ કરવામાં આવે છે, અને આપ એક જબરદસ્ત ફકીહ પણ હતા. શરૂઆતમાં આપ હઝરત શૈખ કાજીન સત્તારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ થી મુરીદ થયા પરંતુ તેની સંપૂર્ણતા હઝરત સૈયદ શૈખ મુહમ્મદ ગૌષ ગ્વાલયરી સાહબથી કરી. હઝરત સૈયદ શૈખ વજીહુદ્દીન અલ્વી જેવી રીતે કાશ્મીરમાં લોકોને શિક્ષણ અને સાચો માર્ગ દેખાડતા હતા તેવી જ રીતે આપે લેખન કાર્યને પણ પોતાની મુબારક જિંદગીનો એક હિસ્સો બનાવી લીધો હતો. એટલા માટે આપે પુષ્કળ દર્સી કિતાબો પર હાશિયા લખ્યા છે અને આપની કિતાબોની સંખ્યા પણ ઘણી છે, કેટલાક લોકોએ આપની કિતાબોની સંખ્યા ત્રણસોથી વધારે બતાવી છે. લેખક તઝકિરએ ઓલ્માએ હિંદે આપની નીચે મુજબ કિતાબો વર્ણન કરી છે :–

(૧) હાશિયહ તફસીરે બયઝાવી (૨) શરહે

નુખબતુલ ફિક્ર (૩) શરહે અઝદી (૪) હાશયહ તલ્વીહ (૫) હાશિયહ હિદાયહ્ (૬) હાશિયહ શરહે વકાયહ્ (૭) હાશિયહ મતૂલ (૮) હાશિયહ મુખતસરુલ મઆની (૯) હાશિયહ તજરીદ (૧૦) હાશિયહ અસ્ફહાની (૧૧) હાશિયહ શરહે અકાઈદ (૧૨) હાશિયહ અસફહાની (૧૩) હાશિયહ શરહે અકાઈદ (૧૪) હાશિયહ બર હાશિયહ કદીમહ તેહકીકે દવાની (૧૫) હાશિયહ શરહે જામી (૧૬) શરહે ઈર્શાદ કાઝી શિહાબુદ્દીન દૌલતાબાદી (૧૭) હાશિયહ શરહે મુવાકિફ (૧૮) હાશિયહ શરહે ચુગમીની (૧૯) શરહે તોહબએ શાહિયહ્ (૨૦) શરહ અબયાતે મુનાહિલ (૨૧) શરહે જામે જહાંનુમા (૨૨) શરહે કલીદે મખાજીન (૨૩) રિસાલહ હકીકતે મુહમ્મદિયહ્ ﷺ (૨૪) શરહે રિસાલહ મુલ્લા અલી કૌશી

## હઝરત શાહ વજીહુદ્દીન પોતાના સમકાલિન આલિમોની દષ્ટિમાં

હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ અખબારુલ અખ્યારમાં શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہના બારામાં લખે છે :–

આપ મહાન ભાગ્યશાળી અને કામિલ અલ્લાહના વલી હતા. સામૂહિક ચમત્કારો અને વિપુલતાઓ અને રિયાઝત વધારે કરતા હતા. કિતાબ લેખન અને તાલિબે ઈલ્મોની કેળવણી કરવી આપનું પ્યારું કર્તવ્ય હતું. શહેરના મામૂલી માણસોની જેવાં કપડાં પહેરતા હતા. હું (હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ رحمۃ اللہ علیہ) જ્યારે સરવરે કાયનાત જનાબ મુહમ્મદ ﷺના રોઝા મુબારકની ઝિયારત કરવા માટે હિજાઝ જઈ રહ્યો હતો અને રસ્તામાં ગુજરાત આવતુ હતું તો મેં ત્યાં શૈખ વજીહુદ્દીન અલવી ગુજરાતીથી મુલાકાત કરી. આપ સિલસિલાએ કાદરિય્યહ્ના તરીકા પર પુષ્કળ ઝિક્ર કરતા હતા તે વખતે આપના પુત્ર શૈખ અબ્દુલ્લાહ જાનશીન હતા જે ઘણા બુદ્ધિશાળી અને દરવેશોની જેમ સંપૂર્ણ અખ્લાક અને ખૂબીઓના માલિક હતા.''

મુનતખબુત્તવારીખ મુલ્લા અબ્દુલ કાદિર બદાયૂની ખિરાજે અકિદત પેશ કરતાં વર્ણન કરે છે, ''પ્રજાને હમેશાં તેમનાથી ફયૂઝ પહોંચતુ રહ્યું અને હક્ક સુબ્હાનહૂ તઆલાએ 'ઈસ્મ શાફી'ને જાહેર કરી તેમને એના ઉદ્ભવ સ્થાન બનાવી દીધાં. એટલે સુધી કે અસંખ્ય બીમારો અને ગરીબો આપની પાસે દુઆ કરાવવા આવતા હતા અને જલ્દી શિફા પામતા હતા.''

## બાદશાહ જહાંગીરનો ખિરાજે અકીદત

બાદશાહ જહાંગીર હઝરત શૈખનો ઘણો ચાહક હતો અને અમદાવાદમાં આપના મઝાર શરીફ પર હાજર થઈ ફાતેહા પઢયો હતો. તે શૈખની પ્રશંસામાં કહે છે કે શૈખ શાહ વજીહુદ્દીન અલ્વી સૈયદ મુહમ્મદ ગૌષના ખલીફાઓમાં છે.

શૈખની ઈલ્મી કાબેલિયત બધી જગ્યાએ પ્રમાણિત હતી અને ફિકહી સેમિનારમાં તેમની વાત ફૈસલનો દરજો રાખતી હતી. જ્યારે શેરશાહ સૂરીએ સૈયદ મુહમ્મદ ગૌષ ગ્વાલયરી પર એટલા માટે સખ્તી કરવાનુ શરૂ કર્યું કે બાદશાહ હુમાયુ આપનો (સૈયદ મુહમ્મદ ગૌષ ગ્વાલયરી)નો અકીદતમંદ હતો તો આપ 'ગ્વાલિયર'ને છોડી ગુજરાત ચાલ્યા આવ્યા. આલિમોએ પણ આપના મેગેઝીન મેઅરાજનામા પર ઘણા પ્રશ્નો કર્યા અને વિરોધ કર્યો એટલા માટે આપે એક દરખાસ્ત લખી બાદશાહની સમક્ષ રજૂ કરી વિરોધ કરનાર આલિમોમાંથી શૈખ અલી મુત્તકી قدس سرہ પણ હતા. જે જાહિરી અને બાતિની ઈલ્મના વ્યાપક હતા જેમણે આ કત્લનામા પર સહી કરી હતી. બાદશાહે આપને (સૈયદ મુહમ્મદ ગૌષ ગ્વાલિયર)ને કત્લનો

હુકમ આપવામાં વિચારણા કરી અને કહ્યું કે જ્યાં સુધી આ દરખાસ્ત પર મૌલાના વજીહુદ્દીન અલવી ગુજરાતી સહી નહીં કરે ત્યાં સુધી હું કત્લની મંજૂરી નથી આપી શકતો. હઝરત અલ્લામા વજીહુદ્દીન અલવી સૈયદ મુહમ્મદ ગૌષની ખિદમતમાં હાજર થયા અને આપની શકલો સૂરત જોતાં જ આ નિર્ણય પર પહોંચ્યા કે આવો માણસ કુફ્રી કલામ નથી કહી શકતો. ફતાવાના ટુકડે ટુકડે કરી નાખ્યા અને આપના હાથ પર બયઅત કરી લીધી અને આલિમોને આ પ્રમાણે જવાબ આપ્યો કે આ શબ્દનો મિનિંગ સમજવામાં તમે લોકો મજબૂર છો અને જાહેરી શરીઅતની રોશનીમાં ફતવા આપો છો જ્યારે આ બાતિની મામલો છે. શૈખ મુહમ્મદ ગૌષ આ વાતો સ્વપ્નમાં બયાન ફર્માવી છે. સ્વપ્નના પ્રસંગ (બનાવ)ને બાહ્ય જિંદગીના મામલાઓ પર આધારિત નથી કરી શક્તા. આનાથી સૈયદ શૈખ વજીહુદ્દીન અલવી ગુજરાતી قدس سرہ ની શખ્સિયતનો અંદાજો થાય છે કે આપ પોતાના સમયના 'ફકીહે આ'ઝમ' હતા. કિતાબોના વાંચનથી તેમને ઘણી લગન હતી. ઈલ્મો ફઝલના સરમસ્તો માટે કિતાબો જ સૌ કાંઈ છે. કિતાબો જ તેમની જિંદગીનો સામાન અને જીવનનું સુકૂન હોય છે એટલા માટે કિતાબોની સામગ્રી તેમની જિંદગીનો એક અનોખો હિસ્સો હોય છે.

હઝરત શૈખ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ એ પણ કિતાબોનો ખજાનો જમા કર્યો હતો. હઝરત શૈખ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ ના કુતુબખાનાનું ઝિક્ર કરતાં અજમેર શરીફના ડોકટર ઝુહુરુલ હસન શાદાબ કહે છે : "ગુજરાતમાં હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી સાહબ એક ઘણા જ મશ્હૂર દરવેશ છે તે માત્ર દરવેશ જ નથી પરંતુ મોટા આલિમ પણ છે અને પોતે એક મદરસો પણ ચલાવે છે. તેમની પાસે કિતાબોની સામગ્રી અઢાર હજાર બતાવવામાં આવે છે. કેટલાક લોકો સત્તાવીસ હજાર બતાવે છે અને સૌથી મહાન વિશિષ્ટતા એ છે કે આ કુતુબખાનુ માત્ર બે વિષયો પર હતું તફસીર અને હદીષ. માત્ર બે વિષયો તફસીર અને હદીષ પર આટલી બધી કિતાબોની સામગ્રી હોવી એ એ વાતની દલીલ છે કે હઝરત બીજા વિષયો કરતાં આ બે વિષયો પર ઘણી મહારત ધરાવતા હતા. આનાથી આપની ઈલ્મ પ્રાપ્ત કરવા માટેની લગન અને કિતાબોથી મહોબ્બત જાહેર થાય છે.

આપની જિંદગી ઘણી સાદી હતી, વસ્ત્રો નોર્મલ માણસની જેમ પહેર્યા કરતા હતા. માલદારો અને રાજાઓની સોહબત પસંદ ન હતી. સબ્ર, સખાવત અને મખ્લૂકની જરૂરતોને પૂરી કરવી એ આપનું કર્તવ્ય હતું, આપે પોતાની આખી જિંદગી રૂશ્દો, હિદાયત, લેખન અને દીનની ખિદમતમાં ગુજારે, અંતે કુર્આન પાકના વાયદા كل نفس ذائقة الموت ના મુજબ ૨૯, સફર હિ. ૯૯૭માં રવિવારના દિવસે આપનો વિસાલ થયા. તઝકિરએ ઓલમાએ હિંદના લેખક મૌલાના રહમાન અલીખા અને ખજીનતુલ અસફિયાના લેખક મુફતી ગુલામ સુરૂર લાહોરી رحمۃ اللہ علیہ એ આપની વફાતની તારીખ ولهم جنت الفردوس نزلا થી કાઢી છે.

### કમર દર અક્રબવાળી માન્યતા ગલત છે


**મસ્અલા** : કમર દર અક્રબ એટલે કે ચંદ્ર જ્યારે બુરજે અક્રબ (વિછુડો રાશી)માં હોય છે ત્યારે સફર કરવાને બુરું સમજે છે અને જ્યોતિષીઓ એને મનહૂસ કહે છે અને જ્યારે બુરજ અસદ (સિંહ રાશી)માં હોય છે ત્યારે કપડું વેતરાવવા અને સીવડાવવાનું બુરું સમજે છે. **આવી વાતોને કદી પણ માનવી ન જોઈએ.** આવી વાતો શરીઅતની ખિલાફ અને જ્યોતિષોના ધોકાઓ છે. *(કાનૂને શરીઅત, ભાગ–૨)* હજી ઘણે ઠેકાણે આવી જેહાલતની વાતોને લઈને શાદી, વિવાહ વગેરે કરતી વેળા વિછુડો જોવામાં આવે છે એ ગૈર કૌમની માન્યતાઓ છે. મુસલમાનો એવી જેહાલતોથી દૂર રહે અને શરીઅતના હુકમ પ્રમાણે વર્તે. *–તંત્રી*

# સલામે "રઝા"માં સહાબાએ કિરામનો ઉલ્લેખ

અઝ : મુહમ્મદ રઝા અબ્દુર્રશીદ માલીગ || અનુ : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી

દુનિયામાં એવી મહાન હસ્તીઓની ઉણપ તથા અછત નથી જેમણે પોતાના જ્ઞાન તથા બુદ્ધિ અને ઉજ્જવળ સમજ થકી સર્વ જગતને ફાયદો ન પહોંચાડયો હોય અને દુનિયાને અચંબામાં ન નાખી હોય. બુઅલી સૈના, ઉમર ખય્યામ, ઈમામ રાઝી, ઈમામ ગઝાલી, અલ્ બરૂની, ફારાબી, ઈબ્ને રુશ્દ જેમનાં ઈલ્મી કારનામાંઓ પર દુનિયાના અસ્તિત્વ સુધી ફખ્ર કરવામાં આવશે. તેઓમાંનો કોઈ ફિલોસોફી તથા હિકમતનો ઈમામ છે તો કોઈ ગણિત તથા આંકડા શાસ્ત્રનો ઈમામ છે, કોઈ સંસ્કાર શાસ્ત્રી તો કોઈ યુનાની ફિલોસોફીનો ઈમામ છે. પરંતુ સૌથી હૈરતઅંગેઝ શખ્સિયત હિંદુસ્તાનની સરઝમીન પર પૈદા થઈ એ શખ્સિયત **ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہના મુબારક નામે ઓળખાય છે. આપની મુકદ્દસ ઝાત સર્વ જ્ઞાનનો એક એવો સમૂહ છે કે આપના ઈલ્મ વિશે સંપૂર્ણ ચર્ચા કરવા માટે જે તે ઈલ્મનો પ્રભુત્વ તથા જાણકાર જ ચર્ચા કરી શકે છે.

ઈલ્મ તથા કમાલના મૈદાનમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની પ્રભુત્વતા તથા ઊંડાણ અહલે ઈલ્મ તથા અહલે નઝરથી ખિરાજે અક઼ીદત વસૂલ કરે છે અને કરતા રહેશે. આપની શાયરી ફન (કળા)ના આધારે ઉચ્ચતા તથા કમાલ ધરાવે છે અને સંપૂર્ણ રીતે હમ્દ, નઅત, મન્ક઼બત પર જે આધારિત છે. પોતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–



"હું મારા નઅતિયા કલામથી ખૂબ જ ખુશ તથા આનંદિત છું કારણ કે મારું કલામ અલ્લાહના ફઝ્લો કરમથી દરેક નકામા તથા નિરર્થક શબ્દો તથા અર્થથી સાફ છે, મારી નઅતના શેઅરો શરીઅત વિરુધ્ધ નથી, તેમાં મના કરેલ તથા નાપસંદ વાતો જે શરીઅત વિરુધ્ધ છે તેનું નામો નિશાન પણ નથી. શરીઅત વિરુધ્ધનું લખાણ કઈ રીતે આવી શકે છે જ્યારે કે મેં કુર્આને મુક઼દ્દસથી નઅત ગોઈ (નઅત કહેવાનું) શીખ્યું. કુર્આને અઝીમની નઅતનો આલમ તો એ છે કે શરીઅતના હુકમો મેહફૂઝ રહે અને એક શબ્દ પણ શરીઅત વિરુધ્ધ ન જાય."

આથી જ તો આપે ફર્માવ્યું :–

*"હૂં અપને કલામ સે નિહાયત મેહઝૂઝ*
*બેજા સે હૈ અલ મિન્નતો લિલ્લાહ મેહફૂઝ*
*કુર્આન સે મૈંને નાઅત ગોઈ સીખી*
*યા'ની રહે અહકામે શરીઅત મલ્હૂઝ"*

ખાસ કરી કલામે રઝામાંથી **સલામે રઝાને જે મક઼બૂલિયત મળી છે તે લગભગ બીજી સલામને નથી મળી,** કદાચ જ કોઈ એવો નબીનો દીવાનો હશે જેને આ પ્રખ્યાત સલામના બે–ત્રણ અશ્આર યાદ ન હોય.

જનાબ આબિદ નિઝામી લખે છે કે, **"મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ"** દરેક માણસે ઘણી ઘણી વાર સાંભળી હશે, અને પ્રોફેસર સલીમ ચિશ્તીના વર્ણનાનુસાર

હિંદ તથા પાક.માં કદાચ જ નબીનો કોઈ એવો આશિક્ હશે જેને ઉપરોક્ત સલામના બે ત્રણ અશ્આર યાદ ન હોય. ખરેખર આ સલામ સલાસત, રવાની શેઅરોની ખૂબીઓ અને સાચા ઈશ્ક્ના કારણે ઉર્દૂ સાહિત્યની ખૂબ જ સારી સલામ છે.

સલામે રઝામાં સરવરે દો આલમ ﷺની મુક્દસ ખૂબીઓ, પ્યારી આદતો, સખાવત, અઝમત તથા જલાલને એવા રૂપમાં પેશ કરવામાં આવ્યાં છે કે દરેક શેઅર દિલ તથા દિમાગને તાઝગી તથા ઈમાનને રોશની આપે છે. ત્યાર બાદ અહલે બૈતે અત્હાર તથા મુક્દસ સહાબાની બારગાહમાં શેઅર અર્ઝ કરવામાં આવ્યા છે અને ત્યાર પછી ચારેવ ઈમામો, અવલિયાએ કિરામ ખાસ કરીને હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં સલામની ડાળીઓ પેશ કરવામાં આવી છે અને અંતમાં રબ તઆલાની બારગાહમાં ઈલ્તેજા છે કે ઈલાહી ! જે રીતે દુનિયામાં અમે તારા પ્યારા હબીબ ﷺની શાનો શૌકતના ડંકા વગાડી રહ્યા છીએ તે રીતે ક્યામતમાં પણ સલામ તથા નઅતના નગ્મા પેશ કરવાની સઆદત અતા ફર્માવ. આમીન

આ મુબારક સલામના કેટલા અશ્આર છે ? આ વિશે બે કથનો છે : જનાબ શમ્સ બરૈલ્વીના મુજબ તેમની સંખ્યા ૧૭૦ છે. આપ લખે છે કે, "આલા હઝરત رحمۃ اللہ علیہએ ૧૭૦ સલામ પેશ કરી છે." સલામે રઝા પર તઝમીન લખનાર પ્રખ્યાત શાયર સૈયદ મુહમ્મદ મર્ગૂબ અખ્તર હામિદી મુજબ અશ્આરની સંખ્યા ૧૭૨ છે. આપ લખે છે, "આલા હઝરતની મશ્હૂર સલામ 'મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ' જેના પર ૧૭૨ અશ્આર છે, જેનો દરેક શેઅર મોતીઓમાં તોલવામાં લાયક છે."

સલામે રઝામાં તરતીબનો ખાસ ખયાલ રાખવામાં આવ્યો છે. પ્રથમ ૩૦ અશ્આરમાં પ્યારા નબી ﷺના ફઝાઈલ, ૩૧ થી ૮૨ સુધી આપના મુકદ્દસ દેખાવનું ઝિક્ર, ૮૨ થી ૯૦માં આપની વિલાદત, દૂધ પીવાનો જમાનો અને મુબારક બાળપણનું વર્ણન છે, ૯૧ થી ૯૯માં આપના ઝિક્ર તથા મુબારક ખયાલો અને ગલ્બએ દીન, ૧૦૦થી ૧૦૪માં ગઝવાતમાં આપની બહાદુરી, ૧૦૫ થી ૧૧૭માં ખાનદાને નબવી તથા ગુલશને ઝહરાની ખૂશ્બૂ, ૧૧૮થી ૧૨૬માં આપની મુક્દસ બીબીઓ, ૧૨૭ થી ૧૪૩માં ખુલ્ફાએ રાશિદીન અને સહાબાએ કિરામ, ૧૪૪ થી ૧૪૯માં તાબઈન તબે તાબઈન અને આલે રસૂલ, ૧૫૦ થી ૧૫૧માં ચારેય મહાન ઈમામો, ૧૫૨ થી ૧૫૫માં હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં હાજરી, ૧૫૬ થી ૧૬૧માં પોતાના સિલસિલાના બુઝુર્ગો, ૧૬૨ થી ૧૬૫માં આખી ઉમ્મતે મુસ્લિમાનું વર્ણન અને આ દુઆ પર પોતાની સલામ સંપૂર્ણ કરી કે જ્યારે પ્યારા નબી ﷺ મૈદાને મેહશ્રમાં તશરીફ લાવે તો મને આ રીતે સલામ અર્ઝ કરવાની ઈજાઝત મળે :–

*મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ*
*શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ*

સલામે રઝામાં ૧૨૭ અશ્આરથી લઈ ૧૪૭ સુધી સહાબાએ કિરામ, ખુલ્ફાએ રાશિદીન અને અશ્રએ મુબશ્શરાની ખિદમતમાં સલામ પેશ કરવામાં આવી છે.

ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ સલામ અર્ઝ ફર્માવે છે :–

*જાં નિષારાને બદરો ઉહદ પર દુરૂદ*
*હક્ક્ ગુઝારાને બયઅત પે લાખોં સલામ*

**બદર** : હક્ક્ તથા બાતિલ દરમ્યાન પ્રથમ જંગ થયો તેનું નામ 'બદર' છે. હુઝૂર રસૂલે કરીમ ﷺએ પોતાના ૩૧૩ સહાબા સાથે આ જંગમાં પોતે શિર્કત ફર્માવી અને ફતહ મેળવી. અલ્લાહ

તઆલાએ જંગે ઉહદમાં મુસલમાનોની મદદ તથા નુસરત માટે ફરિશ્તા નાઝિલ ફર્માવ્યા. કુર્આને પાકમાં તેનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે : "અલ્લાહ તઆલાએ બદરના મકામમાં તમારી મદદ ફર્માવી જ્યારે કે તમે કમજોર હતા, અલ્લાહનો ખૌફ અપનાવો જેથી શુક્રગુઝાર બની શકો."

જંગે બદરની ઘણી ફઝીલતો અહાદીષે પાકમાં વર્ણન થયેલ છે અને બદરવાળાઓમાંથી કોઈ પણ દોઝખમાં નહીં જાય. આ પ્રકારની હદીષ હઝરત હફ્સા رضی اللہ عنہاથી મરવી છે. આપ ફર્માવે છે કે અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "બદરવાળા તથા હુદૈબિયા (માં શરીક)માંથી કોઈ પણ દોઝખમાં નહીં જાય." *(અત્તઝકિરહ્‌, ૩૮૮)*

**ઉહદ** : એક પહાડનું નામ છે જે મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે છે. બદરની હારે કાફિરોને વારંવાર બદલો લેવા માટે ઉશ્કેર્યા, છેવટે તેમણે ઉહદમાં જંગનો પ્લાન બનાવ્યો અને સહાબાએ કિરામએ ઘણી જ મુશ્કેલીઓ બાદ જંગ ફતહ કરી, લગભગ ૭૦ મુસલમાનો આ જંગમાં શહીદ થયા. ચાર મુહાજિર તથા છાસઠ અન્સાર શહીદ થયા. સૈયિદુશ્શુહદા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ પણ ઉપરોક્ત જંગમાં શહીદ થયા. આ'લા હઝરત ફાઝિલે બરૈલ્વી رضی اللہ عنہએ ગઝવએ ઓહદના સર્વ શહીદો તથા શરીક થનારાઓની બારગાહમાં સલામ અર્ઝ કરી છે.

**હક્ક્ ગુઝારાને બયઅત (બયઅતે રિઝ્વાન)** : હિ.સ. ૬એ અલ્લાહના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ૧૪૦૦ સહાબાના ગૃપ સાથે ઉમરાની નિય્યતે મદીના મુનવ્વરાથી રવાના થયા, મક્કાના કુરૈશીઓને આપની રવાનગીની ખબર મળી તો તેમણે પ્લાન બનાવ્યો કે હુઝૂર صلی اللہ علیہ وسلمને મક્કામાં દાખલ નહીં થવા દેવામાં આવે. હુદૈબિયાના મકામ (જગ્યા) પર આપ પહોંચ્યા તો આપની ઊંટણી બેસી ગઈ. પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને કાફિરો તરફ મોકલ્યા અને ફર્માવ્યું કે અમારો ઈરાદો લડાઈ તથા જંગનો નથી, અમે માત્ર અલ્લાહના ઘરની ઝિયારત તથા તવાફ કરવાનો ઈરાદો ધરાવીએ છીએ. કાફિરોએ તે ન સ્વીકાર્યું અને કહ્યું કે, હે ઉષ્માન ! તમે આવ્યા છો માટે ઈચ્છતા હોઉ તો તવાફ કરી લો. પરંતુ આપે નબીની બારગાહના અદબને મહત્વ આપ્યું અને તવાફ કરવાથી તે સમયે ઈન્કાર કર્યો. સહાબાએ બાવળના વૃક્ષ નીચે બેસી પ્યારા નબી صلی اللہ علیہ وسلمના હાથ મુબારક પર બયઅત કરી વાયદાનું એલાન કર્યું કે અમે છેલ્લી ઘડી સુધી કાફિરો વિરુધ્ધ લડીશું. જ્યારે બધા જ સહાબાએ કિરામ બયઅત લઈ ચૂક્યા તો પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ પોતાનો ડાબો હાથ મુબારક પોતાના જમણા હાથ પર મૂક્યો અને ફર્માવ્યું કે, હે સહાબીઓ ! ગવાહ થઈ જાવ કે આ ઉષ્માનનો હાથ મારા હાથ પર બયઅત લઈ રહ્યો છે. સહાબાએ કિરામની ઉપરોક્ત હિમ્મત, ઈખ્લાસ અને કુર્બાની પર અલ્લાહ તઆલાએ આ આયતે કરીમા નાઝિલ ફર્માવી, "બેશક ! અલ્લાહ તઆલા ઈમાનવાળાઓથી રાજી થઈ ગયો જ્યારે તેઓ વૃક્ષ નીચે હુઝૂર صلی اللہ علیہ وسلمની બયઅત કરી રહ્યા હતા. અલ્લાહ તઆલા જાણે છે કે જે કાંઈ તેમના દિલોમાં છે." આથી જ તો ઉપરોક્ત બયઅતને પોતાના દસ્તે કુદરત પર બયઅત કરાર આપી અને ફર્માવ્યું, "બેશક ! જેમણે તમારી બયઅત કરી તેમણે અલ્લાહની બયઅત કરી, તેમના હાથ પર રબ તઆલાનો દસ્તે અકદસ (હાથ) છે." એના વિશે હદીષમાં પણ ફર્માન મળે છે, "જેણે વૃક્ષ નીચે મારા હાથ પર બયઅત કરી તે જહન્નમમાં નથી જઈ શક્તા !" *(તકમીલુલ ઈમાન–૧૭૨)*

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ સહાબાની બારગાહમાં સલામ અર્ઝ કરી રહ્યા છે. તે મહાન દસ સહાબા જેમને દુનિયામાં જ જન્નતની ખુશખબર પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ આપી દીધી

(અશરએ મુબશશરા) તેમની બારગાહમાં ગુલામાના સલામ અર્ઝ કરી :–

*વો દસોં જિનકો જન્નત કા મુઝદા મિલા*
*ઉસ મુબારક જમાઅત પે લાખોં સલામ*

"સલામ એમના પર જેમના જન્નતી હોવાનું એલાન નબી અકરમ ﷺએ આ દુનિયામાં ફર્માવી આપ્યું. તેમને 'અશરાએ મુબશ્શિરા' કહે છે. આ દસ મુબારક સહાબાના નામ આ પ્રમાણે છે :–

(૧) હઝરત અબૂબક્ર (૨) હઝરત ઉમર (૩) હઝરત ઉષ્માન (૪) હઝરત અલી (૫) હઝરત તલ્હા (૬) હઝરત ઝુબૈર (૭) હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (૮) હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (૯) હઝરત સઈદ બિન ઝૈયદ (૧૦) હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ (رضوان الله تعالیٰ علیهم اجمعین)

"અશરાએ મુબશ્શિરા'માંના ચાર ખુલ્ફાએ રાશિદીન વિશે ઈમામ અહમદ રઝા رحمة الله عليهએ ખૂબ જ સારા અંદાઝમાં અશઆર કહ્યા છે જેનું પછી વર્ણન કરવામાં આવશે. અત્રે બાકી છ સહાબાનું ટૂંકુ વર્ણન કરવામાં આવે છે :–

## હઝરત તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહ رضی الله عنه

અઢાર વરસની ઉમરમાં ઈસ્લામ કબૂલ કરવાવાળાઓની યાદીમાં આઠમું સ્થાન ધરાવે છે. આપનો લકબ 'તલ્હતુલ ખૈર' છે. આપના વિશે જ અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે જમીન પર ચાલતા ફરતા શહીદને જોવા ઈચ્છે તે મારા તલ્હાને જોઈ લે." *(તિર્મિઝી, મનાકિબુલ અશરા)*

## હઝરત ઝુબૈર ઈબ્ને અવ્વામ رضی الله عنه

૧૬ વરસની ઉમરમાં આપે ઈસ્લામ કબૂલ કર્યો, આપનો લકબ "હવારીએ રસૂલ" છે, કારણ કે હઝરત જાબિર رضی الله عنهથી મરવી છે કે ગઝવએ અહઝાબના મોકા પર હુઝૂર ﷺએ ફર્માવ્યું, "કોણ છે જે કાફિરોના લશ્કર વિશે ખબર કાઢી લાવે ?" હઝરત ઝુબૈર رضی الله عنهએ કહ્યું, સરકાર ! હું હાજર છું ! નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે, "દરેક નબીના હવારી હોય છે અને ઝુબૈર મારો હવારી છે." હઝરત અલી کرم الله تعالیٰ وجهه الکریمથી રિવાયત છે કે મેં મારા કાનોથી આ શબ્દો નબીના મુકદસ હોઠો થકી સાંભળ્યા, "તલ્હા અને ઝુબૈર જન્નતમાં મારા પડોશી હશે."

## હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی الله عنه

સરકાર ﷺના આગમન વખતે આપની ઉમર મુબારક ત્રીસ વરસ હતી. આપ તથા હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ એક જ દિવસે ઈમાન લાવ્યા હતા. આપ ઈસ્લામ લાવવામાં છઠ્ઠા કે તેરમા ક્રમે છે. આપના ઈમાન લાવવા પર પ્યારા નબી ﷺ ખૂબ જ ખુશ થયા અને ફર્માવ્યું, "અબ્દુર્રહમાન દુનિયા તથા આખિરતમાં મારા મિત્ર છે." પ્યારા નબી ﷺની ઈમામતનો શરફ પણ આપને મળ્યો છે.

## હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی الله عنه

નબુવ્વતના એલાનના સાતમા દિવસે સત્તર વરસની ઉમરમાં ઈમાન લાવ્યા. પોતાને 'ત્રીજો મુસલમાન' કહેતા હતા. હઝરત મૌલા અલી کرم الله تعالیٰ وجهه الکریمથી મરવી છે કે મેં પ્યારા નબી ﷺને હઝરત સઅદ સિવાય બીજા કોઈ માટે પોતાના માં બાપનો ઉલ્લેખ કરતા નથી સાંભળ્યા. ઉહદના દિવસે પ્યારા નબી ﷺ હઝરત સઅદને ફર્માવતા હતા, "હે સઅદ તીર ફેંક ! તારા પર મારા માં બાપ કુર્બાન !" *(બુખારી, મનાકિબે અશરા)*

હઝરત આઈશા સિદીકા رضی الله عنهاથી મરવી છે કે એક રાત પ્યારા નબી ﷺ એ આરામ ન ફર્માવ્યો, અને ફર્માવ્યું કે કાશ ! કોઈ 'નેક માણસ'

હોત જે પહેરો આપત ! અચાનક મેં હથિયારનો અવાજ સાંભળ્યો અને મેં પૂછયું કોણ ?! તો જવાબ મળ્યો, સઅદ ! શા માટે આવ્યા છો ? તો હઝરત સઅદ رضی اللہ عنہએ જવાબ આપ્યો કે મારા દિલમાં આજે હુઝૂર ﷺ વિશે ખૌફ અને કાંઈક શંકા આવી જેથી (પહેરો આપવા) હાજર થઈ ગયો છું. પ્યારા નબી ﷺએ આ સાંભળી દુઆઓથી નવાઝયા અને આરામ ફર્માવ્યો. ત્યારથી જ આપનો લક્બ 'રજુલે સાલેહ' (નેક માણસ) પડી ગયો.

## હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہ

લગભગ ૧૫ વરસની ઉમરમાં ઈસ્લામ ક઼બૂલ કર્યો અને અવ્વલીન (પ્રથમ ઈસ્લામ લાવનાર જમાઅત)માં મક઼ામ મેળવ્યું. આપના વાલિદ સરકાર ﷺની મુલાકાત તથા આપ પર ઈમાન લાવવાની હસરત તથા ઉમ્મીદ સાથે આ દુનિયાથી રુખસત થયા પરંતુ નેક બાપની નેક ઔલાદે ઈમાન લાવવામાં જલ્દી કરી. હઝરત ઝૈદ જે આપના વાલિદ છે તેમની સૌથી મોટી ખૂબી એ હતી કે તેઓ જીવતી દફન કરવામાં આવતી બાળકીઓને પોતાની હિફાઝતમાં લઈ લેતા હતા અને તેમની પરવરિશ કરતા.

## હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ رضی اللہ عنہ

લગભગ ૨૯ વરસની ઉમરમાં ઈસ્લામ ક઼બૂલ કર્યો. આપનો ક્રમ ઈસ્લામ ક઼બૂલ કરનારાઓમાં ૯ મો છે. હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે પ્યારા નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "દરેક ઉમ્મત માટે અમીન (અમાનતદાર) હોય છે અને આ ઉમ્મતના અમાનતદાર અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહ છે." *(મિશ્કાત)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે નજરાનના લોકોનું એક ગૃપ સરકાર ﷺની બારગાહમાં હાજર થયું અને અર્ઝ કરી કે કોઈ અમાનતદાર માણસને તમારી પાસે મોકલો. ફર્માવ્યું કે, હું તમારી તરફ એવા અમીન માણસને મોકલીશ જેમના પર બીજા અમાનતદારો રશ્ક કરશે ! પછી આપે હઝરત અબૂ ઉબૈદા ઈબ્ને જર્રાહને રવાના કર્યા. *(હવાલો ઉપર મુજબ)*

ઉપરોક્ત સૌની બારગાહમાં ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વીએ સલામ અર્ઝ કરી છે :–

*વો દસોં જિનકો જન્નત કા મુઝદા મિલા*
*ઉસ મુબારક જમાઅતપે લાખોં સલામ*

હવે ખુલફાએ રાશિદીનની બારગાહમાં સલામ અર્ઝ કરવામાં આવે છે.

**પ્રથમ ખલીફા અફઝલુલ ખલ્ક બઅદર્રુસુલની બારગાહમાં સલામનું નઝરાણુ :–**

*ખાસ ઉસ સાબિકે સૈરે કુર્બે ખુદા*
*ઓહદે કામિલિયત પે લાખોં સલામ*

*સાયએ મુસ્તફા માયએ ઈસ્તફા*
*ઈઝ્ઝો નાઝે ખિલાફતપે લાખોં સલામ*

*યા'ની ઉસ અફઝલુલ્ ખલ્ક઼ બઅદર્રુસૂલ*
*ષાનીયુષ્નૈને હિજરતપે લાખોં સલામ*

*અસ્દકુસ્સાદિક઼ીન સૈયદુલ મુત્તક઼ીન*
*ચશ્મો ગોશે વઝારતપે લાખોં સલામ*

**બીજા ખલીફા ફારૂક઼ે હક઼્ક઼ો બાતિલની બારગાહમાં સલામનું નઝરાણુ :–**

*વો ઉમર જિસકે અઅ્દાપે શયદા સક઼ર*
*ઉસ ખુદા દોસ્ત હઝરત પે લાખોં સલામ*

*ફારૂક઼ે હક઼્ક઼ો બાતિલ ઈમામુલ હુદા*
*તેગે મસ્લૂલે શિદ્દતપે લાખોં સલામ*

*તર્જમાને નબી હમ ઝબાને નબી*
*જાને શાને અદાલતપે લાખોં સલામ*

**ત્રીજા ખલીફા ઝુન્નુરૈનની બારગાહમાં સલામનું નઝરાણુ :–**

ઝાહિદે મસ્જિદે અહમદી પર દુરૂદ
દૌલતે જૈશે ઉસ્રતપે લાખોં સલામ

દુર્રે મન્શૂરે કુર્આં કી સલકે બહી
ઝવજે દોનૂરે ઈફ્ફત પે લાખોં સલામ

યાની ઉષ્માન સાહિબે કમીસે હુદા
હુલ્લા પોશે શહાદતપે લાખોં સલામ

**ચોથા ખલીફા : અલી શાહે ખયરે શિકનની બારગાહમાં :–**

મુર્તુઝા શેરે હક્ક અશ્જઉલ અશ્જઈન
સાકીએ શીરો શર્બત પે લાખોં સલામ

અસ્લે નસ્લે સાફા વજહે વસ્લે ખુદા
બાબે ફઝ્લે વિલાયતપે લાખોં સલામ

અવ્વલીં દાફેએ અહલે રિફઝો ખુરૂજ
ચારમી રુકને મિલ્લતપે લાખોં સલામ

શેરે શમ્શીરે ઝન શાહે ખૈબર શિકન
પરતવે દસ્તે કુદરતપે લાખોં સલામ

માહીએ રિફઝો તફઝલો નસ્બો ખુરૂજ
હામીએ દીનો સુન્નતપે લાખોં સલામ

ઉપરોક્ત અશ્આરમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ખુલ્ફાએ રાશિદીનની ખિદમતમાં સલામ અર્ઝ કરીને ચાર ખુલ્ફાના ફઝાઈલ તથા કમાલ એવા અંદાઝમાં બયાન કર્યા છે કે પઢનાર ઝુમી ઉઠે. આપના એવા ફઝાઈલ તથા કમાલાત બયાન કર્યા છે જેના પર કુર્આન તથા હદીષ ગવાહ છે.

પ્યારા નબી ﷺના અમુક તે સહાબા છે જે મક્કાની ફતહ પહેલાં ઈમાન લાવ્યા અને અમુક તે છે જે ફતહે મક્કા પછી ઈમાન લાવ્યા. ઉપરોક્ત વહેંચણી કુર્આન મજીદમાં વર્ણન કરવામાં આવી છે. સૂરએ હદીદમાં મુસલમાનોને અલ્લાહની રાહમાં ખર્ચ કરવા પર ઉભારતાં ફર્માવવામાં આવ્યું, "અને તમને શું થયું કે અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા ! જયારે કે આસમાન તથા જમીનની મીરાસ (વારસો) અલ્લાહ તરફ જ પાછી ફરનાર છે. તમારામાં જે લોકો મક્કાની ફતહ પહેલાં જિહાદ કરશે તેઓ ફત્હે મક્કા પછી જિહાદ કરનારની બરાબર નહીં થાય, તેમનો મર્તબો વધુ મહાન છે. વળી તેમાંના દરેક સાથે અલ્લાહનો વાયદો સારો (ભલાઈનો) છે અને તમે પણ કરો છો અલ્લાહ તઆલાને તેની ખબર છે." *(હદીદ, ૫૭/૧૦)*

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ સહાબાના આ બંને તબકાને પણ સલામ અર્ઝ કરી છે :–

*મો'મિનીને પેશે ફતહો પસે ફતહ સબ*
*અહલે ખયરો અદાલતપે લાખોં સલામ*

ટૂંકમાં એ કે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વીનું કલામ શરીઅત તથા કુર્આને પાકની રોશનીમાં અને દરેક શરઈ કમી તથા ઐબથી પાક છે. ચાલતાં ચાલતાં આ'લા હઝરતના નઅતિયા કલામ વિશે તેમનો જ શેર લખી સમાપ્ત કરું છું :–

વો સુખન હૈ જિસમે સખન ન હો
વો બયાં હૈ જિસ્કા બયાં નહીં

*–(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી, ત્રિમાસિક ઉર્દૂ, જાન્યુ.–માર્ચ, ૨૦૦૮)*

**દુઆની અપીલ !**

મુફક્કિરે ઈસ્લામ, સરમાયાએ અહલે સુન્નત **હઝરત અલ્લામા મૌલાના કમરુઝ્ઝમાખાં આ'ઝમી** مدظلہ العالی ઘણા સમયથી બીમાર છે તો આપની તંદુરસ્તી માટે તમામ મુસલમાન ભાઈઓને ગુઝારીશ કરવામાં આવે છે કે દુઆ કરશો કે રબ તબારક વ તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં, ગૌષો ખ્વાજા વ રઝા વ જુમ્લા ઔલિયાના વસીલાથી આપને જલ્દીથી શિફાયાબ ફર્માવે અને નેક તંદુરસ્તી અતા કરે અને આપનાથી દીનની બેહતરીનથી બેહતરીન ખિદમત લે અને આપનાથી દીન તથા સુન્નિયતને ખૂબ લાભ થાય, સુન્નીઓ પર તાદેર આપના સાયો સલામત રહે અને કૌમે મુસ્લિમ આપના ખિતાબોથી તથા માર્ગદર્શનથી ફયઝયાબ થતી રહે. (આમીન) *–તંત્રી*

# ઈસ્રાઈલી જેલોમાં પેલેસ્ટાઈની કૈદીઓ બદ્તરીન જુલ્મો સિતમના શિકાર ?!!

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

માનવ અધિકાર કમિશને હાલમાં જ પોતાનો એક રિપોર્ટ જાહેર કર્યો છે. રિપોર્ટના પ્રારંભમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ઊંડી તપાસ તથા સંશોધન બાદ જે તથ્યો મેળવવામાં આવ્યાં છે તેના અનુસાર હાલમાં પેલેસ્ટાઈનની પ્રજા દુનિયાની મઝલૂમતરીન (સવિશેષ જુલ્મ પીડિત) કૌમ છે. ઈઝરાઈલ અજગરની જેમ પેલેસ્ટાઈનીઓના માથા પર બિરાજમાન છે. રિપોર્ટ અનુસાર કોઈ એવી પ્રજા જેની પાસે ન પોતાની જમીન છે, ન હક્કો છે, ન જીવવાનો અધિકાર છે તો એ પેલેસ્ટાઈનની પ્રજા છે. રિપોર્ટમાં વિશેષરૂપે ઈસ્રાઈલની જેલોમાં કૈદ પેલેસ્ટાઈની કૈદીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પેલેસ્ટાઈની કૈદી એ નવયુવાનો હોય છે જે ઈઝરાઈલી ફૌજીઓને હાથે ચઢી જાય છે જેમને ઈઝરાઈલની જેલોમાં બંધક બનાવી દેવામાં આવે છે. ત્યારબાદ એમની સાથે કેવો વર્તાવ કરવામાં આવે છે, એમની ઉપર શું ગુઝરી રહી છે ? એ જણાતુ નથી. **૧૫/૧૬ વરસો પહેલાં ઈઝરાઈલી ફૌજ દ્વારા પકડાએલા પેલેસ્ટાઈનીઓની આજ સુધી કોઈ ખબર નથી ! તેઓ જીવે છે કે મરી ગયા, કશુંયે કહી શકાય એમ નથી.** પેલેસ્ટાઈનની દુઃખી માતાઓ પોતાના જિગરના ટુકડાઓની તસ્વીરો લઈ રોજ માનવ અધિકાર કમિશનના કાર્યાલય પર પ્રદર્શનો કરી માંગણી કરે છે કે તેમના દિકરાઓને શોધવામાં આવે અને જણાવવામાં આવે કે તેમના નૂરે નજર ઈઝરાઈલની જેલોમાં જીવિત છે કે તેમની જીવન જ્યોત બુઝાઈ ગઈ છે. પરંતુ પેલેસ્ટાઈની માતાઓની આહોની કાંઈ અસર નથી થતી અને કાંઈ જ જાણ નથી થતી કે પેલેસ્ટાઈની નવયુવાનોનું શું થયું ?

બીજી બાજુ વિશ્વ દબાણના કારણે ઈસ્રાઈલની જેલોથી જે કૈદીઓને મુક્ત કરવામાં આવ્યા છે એમની હાલત અત્યંત દુઃખદાયી છે કે તેઓ દિમાગી રીતે તદ્દન બેકાર થઈ ચૂક્યા છે, તેમનામાંથી મોટાભાગનાની તો એ પરિસ્થિતિ છે કે તેઓ પોતાનું નામ પણ નથી બતાવી શકતા ! એમને એ પણ ખબર નથી હોતી તેઓ કોણ છે, તેમને બંધક બનાવી ક્યાં લઈ જવામાં આવ્યા હતા અને એમના પર શું ગુઝરી છે ? તેઓ પ્રત્યેક વસ્તુને આંખો ફાડી ફાડીને જુએ છે જાણે કોઈ સ્વપ્ન જોઈ રહ્યા હોય. આ નવયુવાનો બેઠા બેઠા રડવા લાગે છે જાણે એમને અઝાબ આપવામાં આવી રહ્યો હોય જેને તેઓ સહન નથી કરી શકતા. અસહનીય પિડાઓના વિચારમાત્રથી જ તેઓ ધ્રુજી ઉઠે છે અને કેટલાક તો બેહોશ થઈ જાય છે. પ્રત્યક્ષ દર્શીઓનું કહેવું છે કે તેઓ દુનિયાભરની જેલોમાં કૈદીઓની સ્થિતિ જાણવા જગતભરમાં જતા હોય છે પરંતુ સૌથી ગંભીર હાલત એ કૈદીઓની છે જેઓ ઈઝરાઈલની જેલોમાં કૈદમાં છે અથવા હાલમાં જ મુક્ત કરવામાં આવ્યા છે. જે કૈદીઓ દિમાગી રીતે સામાન્ય છે તેઓ જ્યારે બંધક કૈદીઓ વિશે બતાવે છે તો તેઓ ધ્રુજવા લાગે છે. પેલેસ્ટાઈની કૈદીઓને અઝાબરૂપે સજાઓ આપવી એ ઈઝરાઈલી ફૌજીઓ માટે રમત બની ગયું છે. દરેક કૈદખાનામાં સવાર સાંજ પેલેસ્ટાઈની કૈદીઓને ભેગા કરી અવનવી રીતે તકલીફો આપવામાં આવે છે. ઈઝરાઈલી જંગલી ફૌજી (દરિંદા)એ વાતનો પૂરો ખયાલ રાખે છે કે કૈદીઓને એ રીતે સજા આપવામાં

આવે જેથી તેમને વધુમાં વધુ તકલીફ થાય અને તેઓ તડપવા લાગે. તેમને તડપતા જોઈ ઈઝરાઈલી દરિંદા હંસી ઉડાવે છે, ગીતો ગાય છે, તેઓ પેલેસ્ટાઈનીઓના બાપદાદાને પણ ગાળો તથા અપશબ્દો બોલી તેમની સાથે પોતાની નફરતનો ભરપૂર ઈઝહાર કરે છે.

પેલેસ્ટાઈની સાથે શાંતિવાર્તા સફળ બનાવવા હાલમાં ઈઝરાઈલે ૧૪/૧૫ વર્ષની વયના બાળકોને મુક્ત કર્યા છે. આ તે બાળકો છે જેમને ઈઝરાઈલી ફૌજીઓ પર પથ્થર મારવાના ઈલ્ઝામમાં બંધક બનાવી લેવામાં આવ્યા હતા. તેમનાં હાથ પગનાં હાડકાં તૂટી ગયાં છે. જ્યારે આ બાળકોથી જેલમાં તેમની સ્થિતિ વિશે પૂછવામાં આવ્યું તો માલૂમ થયું કે દુનિયામાં કોઈ જેલખાનુ એવું નથી જ્યાં બાળકોને આવી સજાઓ આપવામાં આવતી હોય! બાળકોનું કહેવું છે કે જેલમાં તેમને પશુથીયે બદ્તર સ્થિતિમાં રાખવામાં આવતા, કદી તેમને કોઈ અદાલતમાં રજૂ કરવામાં ન આવ્યા, જ્યારે કે દુનિયાના દરેક દેશનો કાયદો હોય છે આરોપી વ્યક્તિને સજા આપતા પહેલાં બતાવવામાં આવે છે કે તેને કયા ગુનાહના આરોપમાં બંધી બનાવવામાં આવ્યો છે પરંતુ ઈઝરાઈલની જેલોમાં આવું કાંઈ નથી. ત્યાંના પેલેસ્ટાઈની કેદીઓને એ જ ખબર નથી હોતી કે તેમને કયા ગુનાહમાં પકડવામાં આવ્યા છે અને તેમની સજાની મુદ્દત ક્યાં સુધી છે ? કમિશનના કર્મચારીઓની મુક્ત થયેલા કેદીઓ સાથે થયેલી વાતચીત અનુસાર જેલોમાં મરનાર પેલેસ્ટાઈનીઓની લાશોને ઉઠાવનાર પણ કોઈ નથી હોતું. ઈઝરાઈલના ફૌજી એ લાશોને ઘણી જ બેદર્દીથી ઘસેડીને લઈ જાય છે, ત્યાર પછી તેમની સાથે શું કરવામાં આવે છે એ બાબત કાંઈ જણાતું નથી.

માનવ અધિકાર કમિશને એ વાત પર સખત આશ્ચર્ય વ્યક્ત કર્યું છે કે ઈઝરાઈલ દ્વારા પેલેસ્ટાઈનીઓ પર થતા ત્રાસ અને જુલ્મો સિતમને આખી દુનિયા જાણે છે, યુનેસ્કો પણ જાણે છે કે પેલેસ્ટાઈની પ્રજા દુનિયાની સૌથી વધુ બદ્હાલ પ્રજા છે, એ કૌમના બાળકો ભૂખથી તડપે છે, માંઓ પોતાની આંખો સમક્ષ પોતાના જિગરના કટકાઓને ઈઝરાઈલી વરૂઓના હાથે કત્લ થતાં જુએ છે, પરંતુ દુનિયા એમની બેબસી પર, બેકસી પર ખામોશ તમાશાઈ છે ! અને હવે તો સ્થિતિ એ છે કે પેલેસ્ટાઈનીઓ પર થતા જુલ્મની ખબરો મિડિયાની રોજનિશીમાં ગણાય છે, રોજ સૂરજ નીકળી આથમી જાય છે એ દરમ્યાન પેલેસ્ટાઈનીઓ પર શું ગુઝરે છે કદાચ એ જાણવાની હવે દુનિયાને જરૂરત નથી.

રિપોર્ટમાં એ વાત ખૂબ જ આશ્ચર્યજનક છે કે ઈસ્રાઈલની ફૌજના નિષ્ણાતોએ કેદીઓને સજા આપવાના એવા તરીકા અપનાવ્યા છે કે ઈતિહાસમાં જેનો ઉલ્લેખ નથી જડતો. ઈતિહાસકારોએ દુનિયાનાં કેદખાનાઓમાં આપવામાં આવતી જે ભયાનક સજાઓનું વર્ણન કર્યું છે તે સૌ પૂરાણી થઈ ચૂકી છે. ઈઝરાઈલી ફૌજે ગુનોહ કબૂલાવવા નવા નવા તરીકા ઘડયા છે, કેદીઓને સજા આપવાનો ક્રમ એટલો ભયાનક છે કે અધિક્તમ કેદીઓ આ સજાઓને સહન ન કરી શક્તાં મૃત્યુ પામી જાય છે, અને જેઓ બચી જાય છે તેમની હાલત મુડદાંઓથી વધુ ગંભીર હોય છે. પોતાને દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર તથા માનવ અધિકારના રક્ષક કહેનારા અમેરિકા અને બ્રિટનનું આના પર ખામોશ રહેવું ઘણુ જ આશ્ચર્યજનક છે ! બલ્કે એક રીતે ઈઝરાઈલને પીઠબળ આપી રહ્યા છે કે તે પેલેસ્ટાઈનીઓને નાબૂદ કરવા જુલ્મો સિતમ ચાલુ રાખે અને તેનો કામયાબ તરીકો એ જ છે કે પેલેસ્ટાઈની

વધુ પેજ નં. ૪૬ પર....

# ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવહક્ક઼ોનું મહત્વ અને વર્તમાન જગત !

લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ...

રજૂકર્તા : **અલ્તાફ હુસૈન કુરચનવી** *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારક, યુ.પી.)*

ઈસ્લામ એક પવિત્ર અને સર્વવ્યાપી ધર્મ છે જેણે સ્ત્રીઓને તેમની નૈસર્ગિક પ્રકૃતિના અનુસાર વ્યક્તિગત અને સામૂહિક લાયકાતો મુજબ જે હક્ક઼ અર્પણ કર્યા છે તેનું ઉદાહરણ કોઈ ધર્મમાં નથી. ઈસ્લામના ઉદય પહેલાં સ્ત્રીઓના હક્ક઼ોને પાયમાલ કરવામાં આવતા હતા. સમાજમાં તેણીનું કોઈ સ્થાન ન હતું. ઈરાનના પ્રાચીન ધર્મોમાં સ્ત્રીની કોઈ ઈજ્જત ન હતી. શાસ્ત્રો અને વૈદોના શિક્ષણમાં પણ સ્ત્રીનું કોઈ સ્થાન ન હતું. બુદ્ધ મતનો તો એ ખ્યાલ હતો કે જે સ્ત્રી સાથે સંબંધ રાખે તેના માટે મુક્તિનો કોઈ અવકાશ નથી, પરંતુ ઈસ્લામ ધર્મના આગમન પછી સ્ત્રીઓની દુનિયા બદલાઈ ગઈ. ઈસ્લામે સ્ત્રીઓને તેમના સંપૂર્ણ હક્ક઼ો અર્પણ કર્યા, ધર્મ અને કુટુંબમાં ઈજ્જત અને સન્માન આપ્યું. માત્ર ઈસ્લામ જ એક એવો ધર્મ છે જેણે સંપૂર્ણ વિશ્વના દરેક માણસના હક્ક઼ોથી લઈને દરેકની સામાજિક હેસિયત (દરજો) નક્કી કરી એટલા માટે કે ખુદાની દુનિયામાં કોઈ હૈસિયત વિનાનું ન રહે.

કુર્આને કુટુંબના બધા વિભાગમાં સ્ત્રીને ભાગીદાર બનાવી કુર્આને કરીમે સ્ત્રીને જ્યારે પત્નીના રૂપમાં પેશ કરી તો ફર્માવ્યું કે, "પુરૂષ સ્ત્રી માટે વસ્ત્ર છે અને સ્ત્રી પુરૂષ માટે." અને બીજી આયતમાં છે કે, "સ્ત્રીઓનો પણ હક્ક એવો જ છે જેવી રીતે પુરૂષોનો હક્ક઼ સ્ત્રીઓ પર શરીઅત મુજબ છે અને પુરૂષોને તેમના પર ફઝીલત છે." *(પારા–૨, રુકૂઅ–૧૩)*

અને સૂરએ નિસાઅમાં છે કે, "તેમના (પત્નીઓ)થી સારો વર્તાવ કરો."

હુઝૂરે અક઼દસ ﷺએ હજ્જતુલ વિદાઅના અવસર પર ખુત્બો આપતાં ફર્માવ્યું, "તમારો તમારી પત્નીઓ પર અને તમારી પત્નીઓનો તમારા ઉપર હક્ક઼ છે." *(મિશ્કાત)*

ઉપરાંત ફર્માવ્યું, તમારામાં સારા લોકો તે છે જે સ્ત્રીઓ સાથે સારું વર્તન કરે. અને બીજી રિવાયતમાં છે કે તમારામાં કામિલ મો'મિન તે માણસ છે જેના અખ્લાક઼ સારા હોય અને પોતાની પત્ની સાથે નમ્રતાથી વર્તાવ કરે. *(તિર્મિઝી શરીફ)*

અને કુર્આને જ્યારે સ્ત્રીઓની મહાનતા અને શ્રેષ્ઠતા બયાન ફર્માવી માંના રૂપમાં પેશ કરી તો ફર્માવ્યું કે, "માં અને બાપને 'ઉફ' પણ ન કહો." એટલા માટે કે દરેક વ્યક્તિ કોઈ સ્ત્રીનો સંતાન છે અને દરેક વ્યક્તિ માટે જરૂરી છે કે પોતાની માંને દુઃખ થાય તેવો એક શબ્દ પણ ન કહે. અને હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, "માંના પગો નીચે જન્નત છે."

હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ રસૂલે અકરમ ﷺ 'જોઅરાફા'માં ગોશ્ત વહેંચતા હતા અને વૃદ્ધા આવી. હુઝૂરે અકરમ ﷺ તેમને જોઈને ઊભા થઈ ગયા અને તેમના માટે ચાદર પાથરી દીધી. હઝરત તુફૈલ ફર્માવે છે કે મેં સહાબાથી પૂછયું, આ વૃદ્ધા કોણ છે ?! તેમણે ફર્માવ્યું, આ હુઝૂર ﷺનાં માં છે જેમણે આપ ﷺને પોતાનું દૂધ પીવડાવ્યું હતું.

પ્યારા વાંચકો ! ઉપર લખેલા પ્રેરેગ્રાફથી જાણવા મળ્યું કે કેવળ દૂધ પીવડાવનારી માંની ઈસ્લામમાં કેટલી ઈજ્જત છે કે જેમના સન્માન માટે હુઝૂરે અકરમ ﷺ ઊભા થઈ ગયા અને પોતાની ઉમ્મતને બોધ આપ્યો કે ઉપમાતા (Foster Mother) પણ ઈજ્જત અને સન્માનના લાયક છે. માંના હક્કોના મહત્વનો અંદાજો આ હદીષથી પણ લગાડી શકાય છે કે એક વ્યક્તિએ રસૂલે પાક ﷺથી પૂછયું કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા સારા વર્તનનો વધારે હક્કદાર કોણ છે ? આપ ﷺએ ફર્માવ્યું, તારી માં. તે વ્યક્તિએ બીજા વખત પૂછયું, પછી કોણ ? ફર્માવ્યું, તારી માં. તેણે ત્રીજી વખત પૂછયું, પછી કોણ ?! ફર્માવ્યું, તારી માં. ચોથી વખત પૂછવા પર ફર્માવ્યું, તારા પિતા, પછી જે જેટલો નજીક. *(તિર્મિઝી)*

આપણે સારી રીતે જાણીએ છીએ કે સ્ત્રીની જિંદગીના ઘણા સ્વરૂપ હોય છે કે ક્યારેક દિકરી હોય છે તો ક્યારેક બહેન, ક્યારેક પત્ની હોય છે તો ક્યારેક માં. ઈસ્લામે જિંદગીના બધા વિભાગમાં સ્ત્રીઓને તેમના હક્કો આપ્યા છે પરંતુ અહીંયા લેખને ન લંબાવતાં બધાને લખવા યોગ્ય નથી, માત્ર હવે વિધવાના હક્કો પર બસ કરીએ છીએ.

અરબસ્તાનના ઘણા કબીલાઓમાં આ રીવાજ હતો કે પતિના મરણ પછી વિધવા સ્ત્રીઓ પર ત્રાસ અને જુલ્મ કરવામાં આવતો હતો. તેણીને મનહૂસ ગણવામાં આવતી. હિંદુ ધર્મમાં તો **પતિના મૃત્યુ પછી તેની લાશ સાથે તેની જીવીત પત્નીને પણ સળગાવી દેવામાં આવતી** અને આજે પણ કોઈ જવાન વિધવા બીજુ લગ્ન નથી કરી શકતી. અને સૌથી અચંબાની વાત તો એ છે કે વિધવા સ્ત્રીઓની ફરિયાદ સાંભળવા માટે કોઈ કાનૂન પણ ન હતો. **ઈસ્લામે આ ત્રાસદાયક પ્રથાનો વિરોધ કર્યો અને બેવા સ્ત્રીઓને તેમના હક્કો અપાવ્યા** અને ફર્માવ્યું, "તમારામાં જે મૃત્યુ પામે અને પત્નીઓ છોડે તે ચાર મહિના દસ દિવસ સુધી પોતાને રોકી રાખે અને જ્યારે તેમની (ઈદ્દત) મુદ્દત પૂરી થઈ જાય તો અય વાલીઓ ! તમારા ઉપર તે કાર્યમાં પૂછતાછ કરવી નથી જે સ્ત્રીઓ પોતાના મામલામાં શરીઅતના અનુસાર કરે. *(પારા-૨, રુકૂઅ-૧૪)*

પ્યારા વાંચકો ! હવે આપણે વિધવાઓ વિશે થોડીક હદીષો પણ વાંચતા ચાલીએ :-

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"વિધવાઓ અને મિસ્કીનોની મદદ માટે કોશિશ કરવાવાળો ખુદાના માર્ગમાં જેહાદ કરવાવાળા માફક છે."** *(બુખારી શરીફ, ભાગ-૨)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઔફ رضی اللہ عنہ ફર્માવે છે કે, હુઝૂર ﷺને વિધવાઓ અને મિસ્કીનોના કામ કરવામાં સહેજ પણ મુંઝવણ ન થતી."

સારાંશ એ ઈસ્લામે પોતાના આગમન પછી વિધવા સ્ત્રીઓને તેમના હક્કો આપ્યા અને બીજાથી નિકાહ કરવાનો અધિકાર અપાવ્યો. પરંતુ આજના મોડર્ન યુગમાં પશ્ચિમી દેશોનો એ દાવો છે કે તેણે સ્ત્રીને જિંદગીના બધા હક્કો આપ્યા છે અને જિંદગીના બધા વિભાગમાં તેને બરાબર ભાગીદાર બનાવી છે, પણ પશ્ચિમી દેશોનો એ દાવો સફેદ જૂઠ સિવાય કાંઈ જ નથી, કેમ કે ઈસ્લામે તો જિંદગીની આંતરિક અને બાહ્ય બાબતોમાં સ્ત્રી અને પુરૂષના હક્કો નક્કી કર્યા હતા અને ચેતવણી આપી હતી કે ખબરદાર ! કોઈપણ પોતાના હક્કોની હદથી આગળ ન વધે, જ્યારે કે નવી સંસ્કૃતિએ બધી હદોને વેરવિખેર કરી નાખી. અને **વાસ્તવિક્તા તો એ છે કે આધુનિક સંસ્કૃતિએ સ્ત્રીઓને આઝાદીના નામ પર હલકી અને બેશરમ કરી દીધી,** તેણીને ઘરોથી કાઢી બજારો, દુકાનો અને ઓફિસોમાં લઈ આવી. મતલબ કે એક સ્ત્રી આખો દિવસ પુરૂષ બની ઓફિસો, કારખાનાઓ અને

દુકાનોમાં રોજી કમાવવાનું કામ કરે અને સાંજે સ્ત્રી બની પુરૂષની જરૂરિયાતને પૂરી કરે. આ રીતે આઝાદીના નામ પર ચડી ખાઈ તેના ખભા ઉપર સમાજનો બમણો ભાર નાખી દીધો. જો આઝાદી આનું જ નામ છે તો પછી કૈદબંધી કોને કહેશો ? જ્યારે કે ઈસ્લામે સ્ત્રીનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે અને એટલો જ ભાર લાદયો છે જેટલો તેણી સહન કરી શકે.

આજે વિશ્વની વધારે પડતી પ્રજા માનવ હક્કોને સુરક્ષિત રાખવાનો નારો લગાડે છે અને લોકોને એવી સમજ આપે છે કે ઈસ્લામ યુદ્ધ, લડાઈ, ઝઘડો, વિવાદ અને સામ્રાજીયતનો ધર્મ છે. આ ધર્મમાં કોઈના હક્કો સુરક્ષિત રાખવામાં આવતા નથી અને કોઈ સુખ ચૈનથી જિંદગી પણ નથી વિતાવી શકતું. ખાસ કરીને ઈસ્લામમાં સ્ત્રીઓનું કોઈ સ્થાન નથી, તેણીને પડદાની કાળી કોઠરીમાં રિબાઈ રિબાઈ જીવન જીવવું પડે છે. ઘરની ચાર દિવાર તેણીના માટે આખી દુનિયા હોય છે વગેરે.... પરંતુ અફસોસ ! માનવહક્કોના આ જૂઠા દાવેદાર ઈસ્લામી ઈતિહાસનો ધ્યાનપૂર્વક વાંચન કરતા તો તેમના પર એ હકીકત જાહેર થઈ જતી કે ઈસ્લામનો પાયો જ ન્યાય પર છે. ઈસ્લામી ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો આજે પણ માનવ હક્કોને પાયમાલ કરવાવાળાઓ માટે માર્ગદર્શક છે. જ્યારે કે હુઝૂર ﷺ બાળપણમાં હઝરત હલીમા સઅદીયહ رضي الله عنهاના પાસે હતા તે સમયે પણ આપ ﷺ એ પોતાના દૂધભાઈના હક્કોનો ખ્યાલ કર્યો અને દૂધમાંના એક સ્તનથી દૂધ પીતા અને બીજુ સ્તન પોતાના દૂધભાઈ માટે છોડી દેતા હતા. આ હુઝૂર ﷺની બચપણની જિંદગીનું એક એવું ઉજ્જવળ પ્રકરણ છે જેનું ઉદાહરણ પેશ કરવાથી દુનિયા અસમર્થ છે.

પ્યારા વાંચકો ! અહીંયા એક વાત સ્પષ્ટ કરી દઉં કે વ્યક્તિ પર બે પ્રકારના હક્કો હોય છે : એક હુકુકુલ્લાહ (અલ્લાહના હક્કો) અને બીજા માનવહક્કો. પરંતુ હુકુકુલ્લાહમાં સુસ્તી અથવા તેની પાયમાલીની સ્થિતિમાં અલ્લાહ ચાહે તો માફ કરી આપે, જો આ સુસ્તી અને પાયમાલીને અલ્લાહ તઆલા માફ કરી દે તો એ તેનો ફઝ્લ છે, નહીં તો અઝાબ અને સજા આપે તો એ તેનો ન્યાય છે. પરંતુ માનવહક્કોની પાયમાલીની સ્થિતિમાં જ્યાં સુધી તે માણસ પોતે માફ નથી કરતો અલ્લાહ પણ માફ નહીં કરે. હદીષ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, શું તમને ખબર છે નિર્ધન કોણ છે ? લોકોએ કહ્યું, અમારામાં નિર્ધન તે વ્યક્તિ છે જેની પાસે પૈસા અને સામાન ન હોય. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં નિર્ધન (ફકીર) તે વ્યક્તિ છે જે કયામતના દિવસે નમાઝ, રોઝા અને ઝકાત લઈને એવી સ્થિતિમાં આવે કે તેણે કોઈને ગાળ આપી હોય અથવા કોઈના ઉપર આક્ષેપ લગાડયો હોય, કોઈનો માલ ખાધો હોય, કોઈનું લોહી વહાવ્યું હોય. તો હવે તેને રાજી કરવા માટે તે વ્યક્તિની નેકીઓને પેલા મઝલૂમો (ત્રાસ અથવા જુલ્મનો ભોગ બનેલ)ની દરમ્યાન વહેંચવામાં આવશે અને તે નિર્ધન વ્યક્તિની નેકીઓ પૂરી થઈ ગયા પછી પણ જો લોકોના હક્કો તે નિર્ધન વ્યક્તિ પર બાકી રહી જશે તો હવે તે હક્કદારોના ગુનાહો તે વ્યક્તિ પર લાદી દેવામાં આવશે, ત્યાં સુધી કે તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. *(મુસ્લિમ ભાગ-૨, પેજ-૩૨૦, તિર્મિઝી, ભાગ-૨, પેજ-૬૪)*

આ હદીષથી જાણવા મળ્યું કે હુકુકુલ્લાહ (અલ્લાહના હક્કો)ની સાથે સાથે માનવહક્કો અગત્યના છે, તેને પણ અદા કરવાની ભરપૂર કોશિશ કરવી જોઈએ. હુઝૂરે અકરમ ﷺએ પોતાની જિંદગીના અંતિમ દિવસોમાં હઝરત બિલાલ رضي الله عنهને એલાન કરવાનો હુકમ ફર્માવ્યો

કે સર્વ લોકો મસ્જિદમાં એકત્રિત થઈ જાય જેથી કે હું થોડીક ચર્ચા કરું. એલાન મુજબ લોકો જમા થઈ ગયા. ત્યાર પછી હુઝૂર ﷺ મિમ્બર પર તશરીફ લાવ્યા અને એક ફસીહ (સરસ અંદાજમાં) ખુત્બો ફર્માવ્યા પછી એલાન કર્યું કે, "જે માણસનો મારા પર કોઈ હક્ક઼ હોય તો તે મારાથી લઈ લે ! એટલા માટે કે ક઼યામતના દિવસે મારું દામન ન પકડે." સારાંશ કે હઝરત ઉકાશા رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ જંગે તબૂક વખતે તમે મારી પીઠ ઉપર કોરડો માર્યો હતો ! જાહેર કરવાની ઈચ્છા તો ન હતી, પણ આપે એલાન ફર્માવ્યું એટલા માટે અર્ઝ કરવાની હિમ્મત કરી રહ્યો છું. અંતે આપ ﷺએ હઝરત સલ્માન رضی اللہ عنہના હસ્તે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاના ઘરેથી તે કોરડો મંગાવી હઝરત ઉકાશાને આપ્યો અને બદલો લેવાનો હુકમ ફર્માવ્યો. તે સહાબી બદલો લેવા તૈયાર થઈ ગયા તો સહાબાએ કિરામ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા. હઝરત અબૂબકર અને હઝરત ઉમર رضی اللہ عنہماએ કહ્યું, હે ઉકાશા ! એક કોરડાના બદલામાં પાંચસો પાંચસો કોરડા અમોને મારી લો ! પણ બીમારીની હાલતમાં મારા આક઼ા ﷺને તકલીફ ન પહોંચાડો. પરંતુ ઉકાશાએ કોઈની વાત ન સાંભળી અને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે તમે મને કોરડો માર્યો હતો ત્યારે મારી પીઠ ઉઘાડી હતી ! તો જ્યારે સરવરે ક઼ાયનાત ﷺએ પીઠ મુબારકથી ખમીસ ઉઠાવ્યું તો ઉકાશાની નઝર 'મોહરે નબુવ્વત' પર પડી અને તેમની આંખોથી આંસૂં વહેવા લાગ્યાં. કોરડો હાથમાંથી પડી ગયો અને જલ્દીથી 'મોહરે નબુવ્વત'ને ચૂમી લીધી અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મારો હેતુ બદલો લેવાનો ન હતો, બલ્કે તમારી મોહરે નબુવ્વતની ઝિયારત કરવાનો અને આપના જિસ્મ મુબારકને સ્પર્શ કરવાનો હતો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨)*

પ્યારા વાંચકો ! શાંતિ અને ન્યાયના પયગંબર હુઝૂર ﷺ દુનિયાના લોકોને સબક આપે છે કે **જો તમે કોઈ વ્યક્તિને તકલીફ પહોંચાડી છે તો જીવતે જીવ તેનો હક્ક઼ આપી દો અથવા હક્ક઼ લેવાવાળાથી માફ કરાવી લો, નહીં તો અલ્લાહ તઆલા માફ નહીં કરે.** ઈસ્લામના શત્રુઓ પોતાની આંખોથી દુશ્મનીનો ચશ્મો ઉતારીને જુએ કે જે ધર્મ માનવ હક્ક઼ોનો આટલો બધો રક્ષણહાર હોય તે આતંકવાદ ફેલાવનાર કેવી રીતે હોય શકે છે ?!

પ્યારા વાંચકો ! જો ઈસ્લામના ઈતિહાસનો ઈમાનદારીથી ધ્યાનપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો નિઃસંકોચ તમે કહેશો કે માનવના પાયાના હક્ક઼ો માત્ર ઈસ્લામે જ રજૂ કર્યા છે. અને ઈસ્લામ જ એક સર્વવ્યાપી ધર્મ છે જે માનવના બુનિયાદી હક્ક઼ોનો રક્ષક છે જેની સાબિતી જગા જગા તમને કુર્આન અને હદીષના પૃષ્ઠો પર જોવા મળશે. આ હક઼ીક઼તની કબૂલાત ઈસ્લામના શ્રદ્ધાળુઓ સિવાય ગૈર મુસ્લિમ સ્કોલર્સે પણ કરી છે. 'હાર્ટ મિખાઈલે' વિશ્વની મહાન હસ્તીઓની અનુક્રમણિકામાં મુહમ્મદ ﷺનું નામ સૌ પ્રથમ લખ્યું છે, તેનું એક જ કારણ છે કે આપની તા'લીમ અને હક્ક઼પસંદી એ વિશ્વમાં એક એવું પરિવર્તન આણ્યું કે જેનું દૃષ્ટાંત ઈતિહાસ રજૂ કરવાથી અસમર્થ છે.

અલ્લાહ તઆલા બધા મુસલમાનોને માનવહક્ક઼ો પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)


**પ રૂા. ની ટપાલ ટિકિટો મોકલી મંગાવો**

★ **આખરી સફર**, સંપાદક : મો. ઈકબાલ વી. બેલીમ ★ **આદાબે મસ્જિદ** (પોકેટ) સંપાદક : મુહમ્મદ અમીન ચોલા ★ **ક઼ૌમી એકતાના નામે ધર્મોમાં ભેળસેળથી બચો !** સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી, **સરનામુ : ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની**, ક્વા. નં. ૯૧–ડી, મુ. **હાપા**, પિન. ૩૬૧ ૧૨૦, જિ. જામનગર

## એક ઈસાઈ સ્ત્રીનું મન મોહક વર્ણન

## પર્દાથી નફરત કરનાર ખૂદ મુસલમાન અને પર્દાધારી બની ગઈ !

☛ રજૂકર્તા : **મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી-દયાદરા**

એક જમાનો હતો જ્યારે હું ચર્ચમાં પોતાની જિંદગી ગુજારતી હતી. વોશિંગ્ટનમાં આવેલું, મરયમ ચર્ચ દુનિયામાં ફેમસ છે અને હજારો ઈસાઈ દુનિયાભરમાંથી આવી ત્યાં પૂજા કરે છે. તેની એક મહત્વની વાત એ છે કે તે ચોવીસ કલાક ખુલ્લુ રહે છે અને તેના દ્વાર બંધ કરવામાં નથી આવતાં. મને પોતાના પર ફખ્ર હતું કે મને આવા ચર્ચમાં રહેવાનો મોકો મળ્યો અને અહીં રહી મેં ઈસાઈયતની ખિદમત માટે પોતાનું જીવન વકફ કરી દીધું. પરંતુ કુદરતનું કરવું ઘણુ જ અનેરુ હોય છે. હું તો શું પણ કોઈ વ્યક્તિ વિચારી જ ન શકે કે ચાલીસ વરસની ઉમરે મારી વિચારધારા બદલાઈ જશે અને હું પોતાના બાપદાદાનો ધર્મ છોડી મુસલમાન થઈ જઈશ. બાળપણથી જ મને ઈસ્લામથી સખત નફરત હતી, આ નફરત કઈ રીતે મહોબ્બત તથા પ્યારામાં બદલાઈ જશે તે વિશે વિચારવું પણ અશક્ય હતું. જો કોઈ જ્યોતિષ પણ મને કહેત કે ચાલીસ વરસની વયે તું ઈસ્લામ સ્વીકારીશ તો કદાચ હું નારાઝગીની બધી જ સીમાઓ પાર કરી જાત અને કોણ જાણે તે જ્યોતિષનો અંજામ મારા હાથે શું થાત !

સંજોગો આ પ્રમાણે છે કે મને પર્દાથી સખત નફરત હતી અને જ્યારે પણ હું કોઈ મુસલમાન સ્ત્રીને બુરખા સાથે જોતી તો મારું એ યકીન વધુ મજબૂત થઈ જતું કે ઈસ્લામે મુસલમાન સ્ત્રીઓને મર્દોની ગુલામ બનાવવાની આ એક સ્કીમ તથા કાવતરું બનાવ્યું છે જેથી કરીને તેણી લઘુતાગ્રંથિમાં હમેશાં પીડાતી રહે અને મર્દોની ગુલામીમાં રહી પોતાનો અંતિમ શ્વાસ લે. પરંતુ **મારી આ માન્યતા તે સમયે જૂઠી પડી** જ્યારે મેં મુસ્લિમ દેશોનો પ્રવાસ કર્યો અને ખાસ કરી મિસ્રમાં બે વરસ પસાર કરી મુસલમાન પર્દાવાળી સ્ત્રીઓને નજીકથી ખૂબ જ સારી રીતે જોઈ અને પારખી અને મને ઈસ્લામની પર્દા પાછળની હિકમત જાણવા તથા સમજવાનો મોકો મળ્યો. હું મલેશિયા, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન તથા અફઘાનમાં ગઈ અને જોયું કે મુસ્લિમ (પર્દાવાળી) સ્ત્રીઓ એ જ આસાનીથી પોતાની જિંદગી ગુજારી રહેલ છે જેમ કે મર્દો પોતાની જિંદગી પસાર કરે છે. મિસર તે મહત્વનો દેશ છે જ્યાં મને ઈસ્લામ સ્વીકાર કરવાનું ફખ્ર હાંસલ છે. ઈસાઈ મિશનરી થકી મને એટલા માટે મોકલવામાં આવી હતી કે હું મુસ્લિમ સ્ત્રીઓમાં જઈ તેણીઓને સમજાવું કે પર્દો તેમની આઝાદીમાં સૌથી મોટી રુકાવટ છે, જો મુસલમાન સ્ત્રીઓ પ્રગતિ ઈચ્છે છે તો પર્દો છોડી આઝાદ વાતાવરણમાં જીવવાની આદત બનાવે અને પોતાની જિંદગીથી ભરપૂર મજા માણે.

પરંતુ મિસરની ફાઝિલ આઈશાએ વિવિધ દલીલો થકી મને એ વાત માનવા પર મજબૂર કરી દીધી કે પર્દો મુસ્લિમ સ્ત્રીની આઝાદી તથા આસાનીમાં કોઈ જ અવરોધ બનતો નથી. બલ્કે તેમનો મુહાફિઝ (હિફાઝત કરનાર) તથા તેણીઓને ખરાબીઓથી દૂર રાખે છે. **મર્દોની ભૂખી નિગાહોથી બચાવે છે.** જે સ્ત્રીઓ બુરખો પહેરે છે અને પર્દો કરે છે તો તેણીઓ તથા મર્દો દરમ્યાન એક ફાસલો રહે છે જેના કારણે તેણીઓ મર્દોની ભૂખી નિગાહોથી બચી રહે છે. આઈશાએ પર્દા વિશે ઘણી કિતાબો પણ મને આપી. મુસ્લિમ સ્ત્રીઓ સાથે મારી મિત્રતાનું વર્તુળ વધતું ગયું. જ્યારે મેં બુરખો પહેરી કામ કરનાર સ્ત્રીઓને પૂછ્યું કે શરમ તથા હયાની પાબંદી માત્ર સ્ત્રીઓ માટે જ શા માટે રાખવામાં આવી ? શું મર્દોને અખ્લાક઼ના કોઈ કાનૂનના પાબંદ નથી કર્યા ? તો મને જવાબ મળ્યો કે **ઈસ્લામમાં મર્દોને પણ પોતાની નજરો નીચે રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે અને**

**સ્ત્રીઓને તાકવાથી તેમને રોકવામાં આવ્યા છે.** પછી એક દિવસ મારી એક સહેલી સકીનાએ મને બુરખો પહેરાવી દીધો અને મને કહ્યું કે હું બુરખો પહેરી તેણી સાથે બજાર જાઉં અને દરેક કામ બુરખામાં રહી કરી જોઉં જેમ કે મુસ્લિમ સ્ત્રીઓ કરે છે, આથી હું બુરખો પહેરી ખરીદી કરવા માટે મુસ્લિમ સ્ત્રીઓ સાથે બજાર ગઈ.

આ મારા માટે એક નવો જ અનુભવ હતો, આથી અગાઉ જિંદગીમાં મેં કદી બુરખો પહેર્યો ન હતો. પરંતુ જ્યારે મેં બુરખો પહેરી ખરીદી શરૂ કરી અને જિંદગીના સામાન્ય કાર્યો કરવાનું શરૂ કર્યું તો માલૂમ પડયું કે પર્દામાં રહી આ બધું કરવું કોઈ મુશ્કેલ કામ નથી. સૌ પ્રથમ મેં અનુભવ્યું કે પર્દો સ્ત્રીની હિફાઝત કરે છે અને પર્દાના કારણે સ્ત્રી નચિંતપણે પોતાનાં કામો કરી શકે છે. **મર્દો તેવી સ્ત્રીઓ તરફ પોતાની નિગાહો નથી ઉઠાવતા જે પર્દા સાથે પોતાના ઘરોથી નીકળે છે અને શર્મો હયા સાથે પોતાની જિંદગી વિતાવે છે.**

મિસરમાં રહી મેં ઈસ્લામી સમાજ વિશે પણ જાણકારી મેળવી. **મેં જોયું કે જે સ્ત્રીઓ નમાઝની પાબંદી કરે છે, તેમની જિંદગીમાં દિલી સુકૂન તથા શાંતિ હોય છે.** તેણી પોતાના દરેક કામમાં સીધી હોય છે અને સમાજમાં કોઈ ગંદકીનો તેમણે સામનો કરવો પડતો નથી. આ દરમ્યાન મેં મિસરની અમુક લાયબ્રેરી પણ જોઈ અને અમુક ચોક્કસ કિતાબો ત્યાંથી મેળવી. ઘણા મુસ્લિમ રેહબર પણ મળ્યા જેમણે મારી માનસિક રીતે કેળવણીમાં ભાગ લીધો અને પછી મારા દિમાગમાં વિચાર આવ્યો કે જે પર્દો મેં પહેર્યો હતો કેમ તેને હમેશાં માટે ન પહેરી લેવામાં આવે ?! ખયાલોના ફેરફારે મારા દિલ તથા દિમાગને પોતાના કબ્જામાં લઈ લીધાં હતાં. આઈશાની મદદથી હું એક એવા પથ પર ચાલી નીકળી હતી જે કામયાબીની મંઝિલે પહોંચે છે.

અહીં એ વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે મારાં માં બાપે મારી શાદી એક ઈસાઈ જવાન સાથે કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ તેની સાથે વિવાદ પેદા થઈ ગયો હતો અને પછી તલાક્ થઈ ગઈ. મારાં માં બાપ પણ મૃત્યુ પામ્યાં હતાં જેથી મેં **નિરાશ થઈ ચર્ચામાં શરણ લીધું હતું.** પણ અલ્લાહ તઆલાને મને હિદાયત આપવું મંજૂર હતું એટલા માટે મને આ રાહ પર લાવવાના ગૈબી કારણો ઊભાં થયાં. **મને મુસલમાન સ્ત્રીઓને બહેકાવવા માટે તથા પર્દાથી તેણીઓને નફરત અપાવવા માટે મોકલવામાં આવી હતી** પરંતુ ફિતરત (પ્રકૃતિ)ને મેં ફિતરી (પ્રાકૃતિક) તરીકાથી જોઈ તો જાણવા મળ્યું કે ઈસ્લામ જ દીને હક્ક છે અને તેના બધા જ કાયદા તથા કાનૂન ફિતરતના મુજબ છે. અલ્હમ્દુલિલ્લાહ ! આજે હું મુસલમાન છું અને મારું નામ 'ઉમ્મતુન્નિસા' છે.

જીવનના આટલા વરસો તથા મહીના ગુજાર્યા પછી મને સમજાયું કે 'સચ્ચાઈને શોધનાર' ઈસ્લામના કોઈ એક પાસાને સામે રાખીને શાંતિથી ચિંતન મનન કરે તો હકીકતને પારખવું તેમના માટે કોઈ મુશ્કેલ બાબત નહીં રહે. કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે ઈસ્લામ દીને ફિતરત (પ્રાકૃતિક ધર્મ) છે અને ફિતરતના તકાઝા કોઈ દિવસ બદલાતા નથી. પૈદાઈશથી મૃત્યુ સુધી જે કાંઈ પણ સામે આવે છે તેના દરેક સંજોગોમાં હક્કના શોધકો માટે હિદાયતનો રસ્તો આસાનીથી મળી શકે છે, **શરત એ છે કે ઈસ્લામને સમજવા માટે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહને પોતાના દિમાગ પર આવવા દેવામાં ન આવે.** ઈસાઈઓની કમી એ જ છે કે **ઈસ્લામને સમજતા પહેલાં જ પોતાના દિમાગને પૂર્વગ્રહનો શિકાર બનાવી દે છે અને ઈસ્લામની ખૂબીઓને અવગણે છે.** ઈસાઈયતની મોટી ભૂલ એ છે કે તે ત્રણ ખુદામાં માને છે અને ઈસ્લામની ખૂબી એ છે કે તે એક ખુદા તરફ બોલાવે છે, આ કારણે ઈસ્લામ તથા ઈસાઈયતમાં ટકરાવ છે અને ઈસાઈયત પોતાના ખોટા ખયાલો તથા અકીદાના કારણે દરેક સંજોગોમાં હારે છે પરંતુ પોતાની હઠધર્મીના કારણે તેઓ પોતાની હાર માનતા નથી. પરંતુ **મેં ઈસ્લામ સમક્ષ પોતાની હાર સ્વીકારી છે અને મને પોતાની આ હાર પર નાઝ છે !**

*(હવાલો : નઈ દુન્યા, ૧૩ થી ૧૯ ઓગષ્ટ–૨૦૦૭)*

# ઈસ્લામ દુશ્મનોની ધૂન ઉપર નાચનારી ઝેરીલી નાગણ તસ્લીમા નસ્રીન

**અનુ. મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

જુમ્આનો દિવસ હતો અને સવારના સમયે ટી.વી. ચેનલો ઉપર અચાનક આ સમાચાર પ્રસારિત થવા લાગ્યા કે 'જગતની સૌથી કૃખ્યાત બાંગ્લાદેશની લેખિકા તસ્લીમા નસ્રીન' ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામની શાનમાં ગુસ્તાખી કરવા વિશે મુસલમાનોથી માફી માંગી લીધી છે અને તેણીએ પુસ્તકના પાનામાંથી તે ભાગનો વિચ્છેદ કરવાનો વાયદો કરી લીધો છે, જેના ઉપર લોકોના વાંધાઓ અને એ'તેરાઝો છે, અથવા જેના દ્વારા મુસલમાનોનાં મનદુઃખ થયાં છે. મિડીયા પાસે ન તો તસ્લીમાનું કોઈ લેખિત બયાન હતું ન તો તેણીએ મિડીયા સમક્ષ એવી વાત કહી હતી, તો પણ ટી.વી. સ્ક્રીન ઉપર સવારથી સાંજ સુધી આ સમાચાર પ્રસારિત થતા રહ્યા. તેણીના ફોટાથી સુશોભિત રિપોર્ટ રજૂ થતી રહી. આ રિપોર્ટોમાં જે આધારોને લઈને આ સમાચાર રજૂ કરવામાં આવતા હતા કે વિવાદિત લેખિકાએ માફી માંગી લીધી છે તેમાં સૌથી મોખરે સી.પી.આઈ.ના નેતા ગુરૂદાસ દાસગુપ્તા હતા જેમને ડાબેરીઓના લીડરોમાં તસ્લીમા નસ્રીનના સૌથી મોટા તરફદાર તથા હિમાયતી ગણવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, "તસ્લીમાએ મને ફોન કરીને કહ્યું છે કે હું (તસ્લીમા) કિતાબના વાંધાજનક અને ક઼ાબિલે એ'તેરાઝ ભાગને કિતાબોમાંથી કાઢી રહી છું." હજુ આ આશ્ચર્ય દૂર ન થયું હતું એવામાં જ એક મૌલાના ઘણા પુરજોર તથા અભિમાની અંદાજમાં આ પ્રકટ થયા અને ફર્માવ્યું કે, "હવે આ વિવાદિત મામલાને બંધ સમજવામાં આવે." આ હતા જમીઅતે ઓલમાએ હિંદના સેક્રેટરી મૌલાના મહમૂદ મદની (દેવબંદી) જેમણે માત્ર એક દિવસ પહેલાં જ પાર્લામેન્ટના રાજભવનમાં તસ્લીમા નસ્રીન સંબંધે સખત નારાઝગી જાહેર કરી હતી ! મોલ્વી સાહબનું આ ઉતાવળભર્યું માફીનું એલાન ગુરૂદાસ દાસ ગુપ્તાના બયાનથી પણ વધારે આશ્ચર્યજનક હતું. ત્યાર બાદ (ડબલ ડાહ્યા !) મૌલ્વી વહીદુદ્દીનખાને આદત મુજબ મુસલમાનોને નિંદાના શિકાર બનાવતાં કહ્યું કે, "આ વિવાદિત મામલામાં મુસલમાનોનો નેગેટીવ (નકારાત્મક) વ્યવહાર બિલકુલ ઉચિત નથી, ઈસ્લામી સિદ્ધાંતો મુજબ જ્યારે કોઈ ભૂલ સ્વીકારી લે તો વિના સંકોચ તેને માફ કરી દેવું જોઈએ.

## પર્દા પાછળનો ખેલ

સપ્ટેમ્બર ૨૦૦૫માં કલકત્તાની એક અદાલતે વિવાદિત લેખિકા તસ્લીમાની એક કિતાબ "ડવી ખંડી......"આ કિતાબ તસ્લીમાની જાતે જ લખેલી જીવન કથા છે જેમાં તેણીએ સંસ્કારથી અપરિચિત તથા શિષ્ટાચારથી વંચિત ગૈર અખ્લાક઼ી વ્યવહારને જાઈઝ કરવાની કોશિશ કરી છે. આ ઉપરાંત આ કુખ્યાત લેખિકાએ આ પુસ્તકમાં બાંગ્લાદેશી સાહિત્યકારો તથા કલમકારો સાથે પોતાના સંબંધોનું વર્ણન પણ કર્યું હતું જેના કારણે બાંગ્લાદેશી સાહિત્ય જગતમાં ખાસ્સી હલચલ મચી ગઈ હતી. તસ્લીમાએ પોતાની જીવનકથામાં ઢાકા તથા કલકત્તાના કેટલાયે લેખકો, ક઼લમકારો સાથે પોતાના શારીરિક સંબંધોનું વર્ણન પણ કર્યું હતું ! ત્યાર પહેલાં તસ્લીમાની બે કિતાબો "અમારી બેલા" એટલે કે મારી યુવાવસ્થા અને

''અતલ હેવા'' એટલે કે તોફાની હવા, આ બે પુસ્તકો બાંગ્લાદેશ સરકારે અશ્લિલતા ફેલાવનાર હોવાના હેતુથી તેના ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. બાંગ્લાદેશના મશહૂર કલમકાર તથા શાયર સૈયદ શમ્સુલ હક્ક તસ્લીમાની કિતાબમાં પોતાનું નામ જોઈને છક થઈ ગયા હતા ! તસ્લીમા તેમના વિશે લખે છે કે, ''પોતાના પતિ દ્વારા તલાક પામ્યા બાદ શમ્સુલ હક્કે તેણીની સાથે સંબંધો વધારવાની કોશિશ કરી હતી.'' જ્યારે કે શમ્સુલ હક્ક તેને જૂઠની પોટલી અને સસ્તી ખ્યાતિ પ્રાપ્ત કરવાનો આધાર બતાવ્યો હતો. તસ્લીમા કેટલીયે નાકામ શાદીઓ પછી ગૈર મર્દો સાથે વિના શાદીએ રહેતી આવતી હતી. શારીરિક છૂટછાટ (આઝાદી)ની શોખિન તસ્લીમાની પહેલી કિતાબ ''લજ્જા''એ પણ ઘણુ તોફાન મચાવ્યું હતું. બાંગ્લાદેશમાં આ તસ્લીમા ઉપર ઘણા કેસો ચાલી રહ્યા છે. જો તસ્લીમાને કાનૂન ઉપર ભરોસો હોય તો તેને બાંગ્લાદેશમાં જ રહીને કાનૂનનો મુકાબલો કરવો જોઈએ, ત્યાંથી રફુચક્કર ન થવું જોઈએ. ૧૯૯૪થી તેણી દેશથી ફરાર (ભાગેડુ) છે. મુસલમાનોએ તેણીની પ્રારંભિક માન્યતા કે, ''કુર્આનનું નવેસરથી નિરીક્ષણ કરી મુસ્લિમ સ્ત્રીઓને તેમના અધિકાર આપવા જોઈએ'' તેને લઈને તેની ઉપર ફત્વા બહાર પાડયા હતા. ત્યારબાદ તસ્લીમાએ ગૃહમંત્રી શીવરાજ પાટીલને એક પત્ર લખ્યો હતો જેમાં તેણીએ કલકત્તામાં રહેવાની ઈચ્છા પ્રકટ કરી હતી. અનોખો ઈત્તેફાક કહો કે જ્યારે વિવાદિત લેખિકા ઉપર હુમ્લો થયો તે જ દિવસે ભારત સરકારે વિઝાની મુદ્દતમાં વધારો કરી આપ્યો ! અને આ કામ કરતી વખતે ભારતમાં સદીઓથી વસનારા ૨૦ કરોડ ભારતીય મુસલમાનોની ભાવનાઓનો બિલકુલ વિચાર ન કર્યો.

તસ્લીમાની કલકત્તા ખાતે ઉપસ્થિતિથી પૈદા થયેલ બેચૈની તથા લોકોમાં ક્રોધ અને આક્રોશ ફૂટી નીકળ્યા બાદ શહેરની પોલીસે તે ''સરકારી મહેમાન''ને વિનંતિ કરી હતી કે અલ્લાહના વાસ્તે તમે પોતાનું ઠેકાણુ બીજા કોઈ શહેરમાં શોધી નાખો ! કેમ કે કલકત્તાના કેટલાક ઈલાકા તોફાનો તથા સખત અજંપાની આગમાં સળગી રહ્યા હતા અને સ્થિતિને નિયંત્રણમાં કરવા માટે હુકૂમતને ફોજની મદદ લેવી પડી હતી. તો તેણીએ બીજા દિવસે સવારે પોતાનાં બિસ્તરાં પોટલા બાંધ્યાં અને જયપૂર પહોંચી. ત્યાં તેને એરપોર્ટથી સીધા એક હોટલમાં લઈ જવામાં આવી પરંતુ હોટલમાં તેને રોકાણ આપવાથી હોટલ માલિકે ઈન્કાર કરી આપ્યો તો હુકૂમતના દબાણ હેઠળ ત્યાં એક રાત રોકાણ માટેની પરવાનગી મળી. હોટલના સ્ટાફે અડધી રાત પછી રૂમનો દરવાજો ખખડાવવાનું શરૂ કરી આપ્યું જેથી દિવસ નીકળતાંની સાથે જ આ મુસીબત ત્યાંથી ટળી જાય. હવે તેનું આગલું ઠેકાણુ દુનિયાની નિગાહોથી ગુપ્ત રાખવામાં આવી રહ્યું હતું, પહેલાં કહેવામાં આવ્યું કે તેણીને હરિયાણામાં એક જગાએ રાખવામાં આવી છે, પછી ખબર પડી કે તે નવી દિલ્હીની એક હોટલમાં છે. ત્યારબાદ સમાચાર મળ્યા કે તેણી નવી દિલ્હીના રાજસ્થાન હાઉસમાં રોકાયેલ છે, પરંતુ ૨૪ નવેમ્બરની સાંજે રાજસ્થાનના કમિશ્નરે તેણીને નોટીસ થમાવી કે રાજસ્થાન સરકારે તમારી મેઝબાની પાછી લઈ લીધી છે એટલે હવે તમારે દસ મિનિટની અંદર અંદર રાજસ્થાન હાઉસ ખાલી કરી આપવું પડશે. સાંજના સાત વાગી રહ્યા હતા, તસ્લીમા પોતાનાં બિસ્તારાં પોટલાં બાંધી ચૂકી હતી, પરંતુ હવે એ નક્કી ન હતું કે તે ક્યાં જાય ?! એટલામાં ખબર મળી કે કેન્દ્ર સરકારના અમુક ઉચ્ચ ઓફિસરો તેને મનાવવાની કોશિશ કરી રહ્યા હતા કે તેણી પોતાનું અગાઉનું ઠેકાણુ બીજા કોઈ અન્ય દેશને બનાવે. આમ છતાં તે બે ત્રણ દિવસ સુધી રાજસ્થાન

હાઉસમાં જ રોકાઈ રહી હતી તો ખબર મળી કે મોડી રાત્રે મિડીયાની આંખોથી બચાવીને કેન્દ્ર સરકારની સિક્યુરીટી એજન્સીઓએ તેને પોતાની સુરક્ષામાં લઈ તેને હરિયાણાના એક ગુપ્ત સ્થાને પહોંચાડી આપી.

સરકાર તથા સરકારી ગુપ્ત એજન્સીઓને ભય હતો કે જુમ્આના દિવસે (૩૦ નવેમ્બર) દેશના મુસલમાનોમાં તેણીના વિરુધ્ધ સખત કાર્યવાહી તથા વિરોધ પ્રદર્શન થઈ શકે છે, એટલા માટે ૨૯ નવેમ્બરે આખો દિવસ અને મોડી રાત સુધી દિલ્હીની સડકો ઉપર ગૃહમંત્રાલયના મોટો ઓફીસરોની ગાડીઓ દોડતી રહી. સામાજિક લીડરોના ફોનની ઘંટીઓ વાગતી રહી. સરકાર અમુક મુસ્લિમ નેતાઓને અને સમાજ સેવક સંગઠનોના આગેવાનોને મનાવવાની કોશિશ કરી રહી હતી. ખબર તો ત્યાં સુધી પણ મળી હતી કે અડધા ડઝનથી વધારે સમાજ સેવક સંગઠનોના લીડરોને હરિયાણાના તે ગુપ્ત સ્થાને લઈ જઈને તસ્લિમા સાથે મુલાકાત કરાવવામાં આવી. કેટલાકને ફોન ઉપર તસ્લીમા સાથે વાત કરાવવામાં આવી હતી, અને આ મામલાની જિમ્મેદારી સોનિયા ગાંધીના અંગત સલાહકાર અહમદ પટેલે પોતાના હાથમાં સંભાળી હતી. અહમદ પટેલે જે ધાર્મિક સંસ્થાઓના લીડરો સાથે સતત સંબંધ બનાવી રાખ્યો હતો તે સૂચિમાં મોલ્વી મહમૂદ મદની સર્વ પ્રથમ છે. આવા ધાર્મિક લીડરોને તસ્લીમાએ શું કહ્યું ? એની હજુ સુધી સ્પષ્ટ ખબર નથી પરંતુ તેના સંબંધિત માફી માંગવાની જે વાત મશહૂર કરવામાં આવી છે તેમાં કોઈ શકાં નથી કે તે વાત હુકૂમતના પ્રયાસોનું પરિણામ છે. તસ્લીમા તરફથી પોતાની કિતાબના વાંધાજનક ભાગને કાઢી નાખવાના એલાનમાં પણ સરકારની કોશિશો કાર્યરત હતી, અને તેની ઉપર મુસલમાનો તરફથી માફીના એલાનની અંતર્ગત પણ ગર્વમેન્ટ (સરકાર)ના નિરર્થક પ્રયત્નો કામ કરી રહ્યા છે. કહેવાની જરૂરત નથી કે મનમોહન હુકૂમત પોતાને બચાવવાની કોશિશ કરી રહી છે. સવાલ એ પૈદા થાય કે તસ્લીમાને માફ કરી દેવા માટે શું તેનું આ માફીનું એલાન પૂરતું છે ? અને શું જમીઅતુલ ઓલમાએ હિંદ જેવા કોઈ સંગઠનને આ હક્ક છે કે તેને માફ કરી આપે ?

હકીકતમાં ફેબ્રુઆરી–૨૦૦૮માં તસ્લીમાની વિઝા પૂરી થઈ રહી છે તો હવે પોતાની વિઝાની મુદ્દત વધારવા માટે અથવા ખ્યાતિ હાંસલ કરવા માટે પોતાની કિતાબનાં બે પાનાં કાઢી નાખવાનું નાટક કરે તો તેણીના માટે આ સોદો મોઘો નથી. અત્યાર સુધી સરકાર દર છ મહિને તેની વિઝાની મુદ્દતમાં વધારો કરતી હતી હવે સરકાર તેને ભારતમાં કાયમી રહેવાસની પરમિટ અથવા નાગરિક્તા આપવાની તજવીઝો કરી વિચારણા કરી કરી છે, અને આ તજવીઝોને સરળ બનાવવા માટે યુ.પી. એ સરકાર મુસલમાનો સાથે નવો ખેલ ખેલવા ચાહે છે તે જ મકસદને લઈને માફીનો શોર મચાવવામાં આવી રહ્યો છે. સવાલ એ છે કે જે સ્ત્રી પોતાના જીવનના એ પાસાને કારોબાર બનાવી આપે જેને કોઈપણ શરીફ તથા સજ્જન આદમી જાહેરમાં લાવવાનું પસંદ ન કરે, જે સ્ત્રી (તસ્લીમા) પોતાના વિચારો, પોતાના અવતાર, પોતાના કપડાં, પોતાનું ચરિત્ર અને પોતાની નાગરિક્તા બદલી શકે છે તો શું કાલે તેણી પોતાના આ માફીના બયાનને નહીં બદલી શકે ? જેને આ લોકો ન જાણે કયા મકસદને લઈને માફીનામુ કહી રહ્યા છે. અસંભવિત રીતે થોડીવાર માટે માની લઈએ કે તેણીએ માફી માંગી લીધી છે, તો શું તેણી પોતાના એ તમામ વાંધાજનક અપશબ્દોને પાછા લેવા માટે તૈયાર છે જે તેણીની ૨૩ થી વધુ કિતાબોમાં જગાજગાએ ફેલાયેલા છે ? શું તસ્લીમાએ કોઈ માફીનામુ લખ્યું છે ? શું હુકૂમતને તેણે કોઈ

અંડરટેકિંગ આપ્યું છે કે આવનાર દિવસોમાં ક્યારે પણ મુસલમાનોનું મનદુઃખ નહીં કરે ? જો નહીં ! તો ઈસ્લામ દુશ્મન તત્વોની ધૂન ઉપર નાચનારી આ ઝેરીલી નાગણને માફી આપવાનો ખેલ શું છે ? જે લોકો હુકૂમતના રાજકિય ખેલને તસ્લીમાનું માફીનામુ સમજી તેણીને માફી આપવા ઉપર રાજી થઈ ગયા છે તેઓ હકીકતમાં જાણે અજાણ્યે તે દબાવને કમજોર કરવાના કાવતરામાં સામેલ થઈ ગયા છે જેના બાબતે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર ગભરામણ અનુભવી રહી છે. **જો આ સ્થિતિમાં દેશના મુસ્લિમ લીડરો અને ઓલમાએ દૂરંદેશી અને આયોજનથી કામ ન લીધું તો આ ફિત્નો તથા બલા ફરી ક્યારે પણ દૂર થશે નહીં. જે દિવસે તેણીને ભારતની નાગરિક્તા અથવા કાયમી વસવાટની પરમિટ આપી દેવામાં આવશે, તો પછી તેને કાર્યક્રમ મુજબ પોતાના રસ્તા ઉપર ચાલવાથી કોઈ નથી રોકી શકતું.** રાજેન્દ્ર યાદવ જેવા લોકો હમણાથી જ મુસલમાનોને ધમકીઓ આપી રહ્યા છે કે, "હજુ તો એક તસ્લીમા છે ! કાલે અનેક તસ્લીમાઓ ઈસ્લામ દુશ્મન તત્વોની ધૂન ઉપર નાચતી નઝર આવશે !" પરંતુ રાજેન્દ્ર યાદવ હોય અથવા ગુરૂદાસ દાસ ગુપ્તા હોય કે પછી કહેવાતા મુસ્લિમ લીડરોમાં અહમદ પટેલ હોય અથવા બીજા કોઈ કહેવાતા મોલ્વી, આ બધા એ એક પરદેશી સ્ત્રી તસ્લીમા નસ્રીનની તરફદારીમાં તેણીની માફીના ઈચ્છુક કેમ છે ? અનેક વિરોધ પ્રદર્શનો હોવા છતાં એક પરદેશી પ્રત્યે આટલી મહોબ્બત અને કરોડો દેશવાસીઓ પ્રત્યે આટલી બધી ધૃણા ?! સમજમાં નથી આવતું કે આ લોકોને કાંઈક તો તસ્લીમાનું કાળુ ચરિત્ર ભાવી રહ્યું છે ! અથવા તો તે લોકો પણ તસ્લીમાની જેમ પર્દા પાછળ ઈસ્લામ દુશ્મન તાકતોના એજન્ટ બની ગયા છે !

*(હવાલો : નઈ દુન્યા ઉર્દૂ, ૧૭ થી ૨૭ ડિસેમ્બર–૦૭)*

પેજ નં. ૩૯ નું ચાલુ....

નવયુવાનોને ઈસ્રાઈલની જેલોમાં બંધક બનાવી તેમના પર એટલો જુલ્મો સિતમ કરવામાં આવે કે તેઓ જીવતી લાશો બની જાય અથવા મૌતના મોઢામાં જઈ હમેશાં માટે પોતાનું અસ્તિત્વ ગુમાવી દે.

કમિશને પોતાના રિપોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે દુનિયા સમક્ષ પેલેસ્ટાઈનીઓની અવદશા જાહેર કરી કમિશને પોતાની ફર્ઝ બજાવવાની કોશિશ કરી છે. કમિશને સ્વીકાર્યું છે કે આ સમયે પેલેસ્ટાઈની સૌથી વધુ દુનિયાના ધ્યાનના મોહતાજ છે, દુનિયાની જવાબદારી બને છે કે ઈઝરાઈલ પર દબાણ નાખી મજબૂર કરે કે પેલેસ્ટાઈની કૈદીઓ સાથે પશુઓ જેવો વર્તાવ ન કરે કે પશુઓ સાથે પણ સારો વર્તાવ કરવામાં આવે છે ! તો પોતાના બેડ રૂમ, ડાયનિંગ ટેબલ સુધી પશુઓ (કૂતરાં, બિલાડાં)ને પોતાની સાથે રાખનારા ઈન્સાનિયત કાજે કાંઈ વિચારશે ખરા ?! પશુઓ સાથે ઈન્સાનો જેવો અથવા એથી વધુ સારો વર્તાવ કરનારાઓ થકી પેલેસ્ટાઈનીઓ સાથે જાનવરોથી બદ્તર સુલૂક કરવાનો હેતુ આખરે શું છે ? પેલેસ્ટાઈનીઓ સાથે જાનવરો જેવો સુલૂક કેમ અપનાવવામાં આવી રહ્યો છે ?

આવા સંજોગોમાં **ઈસ્લામી જગતની જવાબદારી બને છે કે પેલેસ્ટાઈની કૈદીઓ સાથે વધતા જતા જંગલીપણા વિરુધ્ધ અવાજ ઉઠાવે અને બેગુનાહ પેલેસ્ટાઈનીઓને મુક્ત કરવા ઈઝરાઈલને મજબૂર કરે.** અગર મુસલમાનો પણ આ બાબતે ખામોશ રહ્યા તો એ ઘણા જ શરમની વાત કહેવાશે !

*(હવાલો : ઉર્દૂ સાપ્તાહિક નઈ દુન્યા, ૧૭ થી ૨૩ ડિસેમ્બર ૨૦૦૭)*

# બરકાતે ખ્વાજાની ટપાલ...
કાર્યાલય

## શાદી મુબારક હો !

**બરેલી શરીફ :** હુઝૂર તાજુશ્શરીઅહ જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ અખ્તર રઝા અઝહરીમિયાં دام ظلہ العالیની દુખ્તરે નેક અખ્તર ''સારિયાખાન''ના નિકાહ મુહમ્મદ અફરોઝ રઝા (ખ્વાજા કુતુબ, બરેલી)ના નેક ફરઝંદ ''મુહમ્મદ ફરહાન રઝા'' સાથે ૧૯ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૨૮, અંગ્રેજી તા. ૩૦–૧૨–૨૦૦૭ના રોજ રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હન તેમજ હઝરતના સર્વ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ પેશ કરીએ છીએ. રબ તઆલા સૌને બંને જહાનની ખુશીઓથી નવાઝે અને સદા આબાદ રાખે. (આમીન) *–તંત્રી :*

**દયાદરા :** તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)ના નેક ફરઝંદ ''મૌલાના મુહમ્મદ શાકિર પટેલ''ના નિકાહ હઝરત અલ્લામા મૌલાના કારી અબુલ કલામ રઝવી નૂરી, ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ(હાલ લેસ્ટર, યુ.કે.) ની નેક દુખ્તર ''ફાતિમા બાનુ'' સાથે તા. ૧૯–૧૨–૦૭ના રોજ અકુજી હોલ ખાતે દયાદરા મુકામે રાખવામાં આવ્યા. સલાતો સલામ સાથે જુલૂસ કાઢી હોલ પર આવી તિલાવતે કુર્આન, નઅતે પાક પછી હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી સાહબે શાદીને અનુરૂપ શાનદાર તકરીર કરી, હઝરત સૈયદ બડા સાહબ દયાદરવીએ નિકાહ પઢાવ્યા બાદમાં સલાતો સલામ પછી બડા સાહબે દુઆ ગુજારી હતી. શરીઅતની, સ્ત્રીઓ માટે પર્દાની પાબંદી સાથે હોલમાં સર્વ વ્યવસ્થા થઈ હતી. અલ્હમ્દુલિલ્લાહ ! ખૂબ જ નૂરાની અવસર બુઝુર્ગોની દુઆઓથી રહ્યો.

આ મુબારક શાદી નિમિત્તે તા. ૧૬–૧૨–૦૭ના રોજ અકુજી હોલ સામે ગ્રાઉન્ડમાં ''મેહફિલે સમાએ નઅતે પાક''નો નૂરાની સુન્ની ઈજતેમા પણ યોજાયો હતો જેમાં બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ દિલોમાં ઈશ્કે મુસ્તફાની જ્યોતને ઉજ્જવળ કરી દે તેવા નઅતે પાકના નગ્માઓથી મજમાને ફયૂઝયાબ કર્યો હતો. રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં શાદીને બરકતોથી ભરી આપે. દુલ્હા–દુલ્હન તથા બંને કુટુંબોમાં મહોબ્બત રોજ રોજ વધારે તથા બંને જહાનમાં સૌને આબાદ રાખે એવી દુઆની અપીલ છે. *–તંત્રી*

## નબીપુરમાં મેહફિલે સમાએ નઅત

**નબીપુર :** (જિ. ભરૂચ) મુકામે જનાબ સુલેમાન મુહમ્મદ મેમ્બરની શાદી ઘાસવાલા હૈદરભાઈની નેક દુખ્તર સાઈમાબાનુ સાથે રાખવામાં આવી તે નિમિત્તે તા. ૨૮–૧૨–૨૦૦૭ના રોજ ઈશા બાદ હોસ્પિટલ પાછળ ગ્રાઉન્ડમાં નઅતે પાકની મેહફિલોનો નૂરાની સુન્ની ઈજતેમા હઝરત મૌલાના સૈયદ ગુલામરસૂલ કારંટવી સાહબની સદારતમાં યોજાયો હતો. મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતે પાકના ગુલદસ્તાઓ પેશ કરી મજમાને ઝુમાવી દીધો હતો. નઅતે પાક પેશ કરવાની સાથોસાથ આપે આપના અનોખા અંદાઝમાં અકીદાની મજબૂતી તથા અમલની ઈસ્લાહ સંબંધે અસરકારક બયાન રજૂ કર્યું હતું. અંતમાં સલાતોસલામ બાદ સૈયદ સાહબની દુઆ પર ઈજતેમા પૂર્ણ થયો હતો.

**ગોરવા :** તા. ૪–૧–૨૦૦૮ના રોજ હઝરત બાલમશાહ પીર رحمۃ اللہ علیہના ઉર્સના મુબારક પ્રસંગે ગોરવા (વડોદરા) મુકામે ''મેહફિલે સમાએ નઅત''નો શાનદાર નૂરાની રૂહાની સુન્ની ઈજતેમા યોજાયો જેમાં બુલબુલે બાગે મદીના મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે ખૂબ જ દિલકશ અંદાઝમાં નઅતો મન્કબતો પેશ કરી તથા ઈસ્લાહી બયાન પણ કર્યું હતું. ઈજતેમા ખૂબ જ કામયાબ રહ્યો.

**ધોરાજી :** હઝરત સાંઈ અબ્દુલકાદિર બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ અંગ્રેજી તા. ૪–૨–૨૦૦૮ના રોજ મનાવાશે. જે નિમિત્તે હઝરત મૌલાના કાતિબ અહમદ સાહબ (લુણીશરીફ) રાત્રે ઈશા બાદ બયાન ફર્માવશે.

*–ઈમ્તિયાઝભાઈ બરકાતી બુક ડેપો*

**સૂરત :** થી બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક તથા ગ્રાહક જનાબ મુન્નાભાઈ પેટ્રોલવાળાનાં વાલિદા હજીયાણી હફીઝાબીબીની વરસી નિમિત્તે, બરકાતે ખ્વાજા (માસિક)માં રૂા. ૧૫૦૦/– લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ મર્હૂમાની મગફિરત ફર્માવે. આમીન. *–તંત્રી*

## ભાવનગરમાં બે દિવસ સુન્ની ઈજતેમા કામયાબ

**ભાવનગર :** ખાતે તા. ૫ ડિસે. ૦૭ના રોજ શનિવાર ઔરતો માટે બપોરના ત્રણથી રાતના દસ વાગ્યા સુધી તેમજ તા. ૬ ના રવિવારે મર્દો માટે સુન્ની દા'વતે ઈસ્લામીનો ઈજતેમા થયો જેમાં અલ્હાજ કારી રિઝવાન સાહબ, સૈયદ

અમીન માલેગાંવી, હાફેઝ અબ્દુર્રહીમ વગેરે મુબલ્લિગો તથા ઉલમા થકી નઅતો બયાનો રજૂ થયાં. મૌલાના શાકિર નૂરી સાહબે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના જીવન ચરિત્રનો ઉલ્લેખ કરી ઈસ્લામમાં ઈન્સાફના મહત્વ પર શાનદાર બયાન કરી સૌને બોધગ્રહણ કરવા તાકીદ કરી હતી.

**ઈન્તેકાલ પુરમલાલ !**

**દયાદરા** : મુકામે બીબીબેન દાઊદ ભાનો ઈંતેકાલ ૯ ઝિલહજ્જ ૧૪૨૮ અંગ્રેજી તા. ૨૦–૧૨–૦૭ના રોજ થયો હતો. મર્હૂમાના સવાબ અર્થે ભા બ્રધર્સ તરફથી રૂા. ૧૫૦૦/– **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને કિતાબો છપાવવા મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) –*તંત્રી*

**દયાદરા** : મુકામે આઈશા બેન અલ્લી મૂસા ગોડાઊનવાળાનો ઈંતેકાલ તા. ૧૩–૧–૦૮ના રોજ થયો હતો. મૌલા તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી*


**એક નજર ઈધર ભી !**

**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ (મનીબેક ગેરેંટી)

સંપર્ક કરો :–

**ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૨૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮

**બીમારીઓથી છૂટકારો પામો !**

આયુર્વેદિક નૂસ્ખા થકી વા, શ્વાસ, લકવા, કેન્સર, હરસ, મસા, હાર્ટ, ખરજવું, થાયરોડ, ડાયાબીટીસ, શરીરનું વજન ઘટાડવા–વધારવા, પથરી ઓગળવા, દાઢ પાડયા વગર મટાડવામાં આવશે. તેમજ દરેક પ્રકારના ઈલાજ સંતોષકારક કરવામાં આવશે.

**મુનીર સાહેબ યૂસુફખાન ઠાકોર**

ઠે. મકાન નં. બી/૩૩, રોશન પાર્ક, બાયપાસ, જંબુસર ચોકડી પાસે, ભરૂચ (ગુજરાત)

મો. ૯૯૭૯૩ ૯૫૪૧૧


## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

**વિષય : ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવ હક્કોનું મહત્વ અને વર્તમાન જગત**

**★ લેખ હરીફાઈમાં પ્રથમ પાંચ નંબર મેળવનારાઓનાં નામો ★**

| | | | |
|---|---|---|---|
| **નંબર ૧** | **પટેલ અલ્તાફ હુસૈન-કુરચણ** *(હાલ : મુબારકપુર)* | રૂા. ૩૦૦/– | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨** | **મુનવ્વર રઝા-હલદરવા** *(હાલ : લેડી સ્મિથ, સા. આફ્રિકા)* | રૂા. ૨૦૦/– | (બીજુ ઈનામ) |
| **નંબર ૩** | **શૈખ મુહમ્મદ ફૈઝલ રેડિયોવાલા-રાજપારડી** | રૂા. ૧૦૦/– | (ત્રીજુ ઈનામ) |
| **નંબર ૪** | **વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન-રાજપારડી** | રૂા. ૫૦/– | (ચોથુ ઈનામ) |
| **નંબર ૫** | **શૈખ ઈનાયત ઈકબાલ રેડિયોવાલા-રાજપારડી** | રૂા. ૫૦/– | (પાંચમુ ઈનામ) |

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**ઈસ્લામમાં હલાલ રોજીનું મહત્વ અને આપણે**

તા. **૧૨–૦૪–૨૦૦૮** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.